આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજી

વિરચિત

પરમ પ્રભાવિક

# શ્રી

# કલ્યાણ મંદિર સ્તોત્ર

(૧) પૂર્વભૂમિકા (૨) મૂળગાથા (૩) અન્વય (૪) શબ્દાર્થ
અને (૫) પરમાર્થ સહિત પંચાંગી



વિવરણ કર્તા

રસિકલાલ છગનલાલ શેઠ. B. Com.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

006868

**ગ્રંથમાળા** : માતુશ્રી ડાહીબાઈ ગ્રંથમાળા-પુષ્પ ૩.

**પ્રકાશક** : નિરંજન રસિકલાલ શેઠ
૧૮, પટેલ કોલોની,
સિદ્ધનાથ રોડ, વડોદરા.

**પ્રથમ સંસ્કરણ** : પ્રત ૫૦૦૦.

**પ્રકાશન તિથિ** : વીર સંવત ૨૫૦૬, ઈ. સ. તા. ૧૭-૪-૧૯૮૦
વિક્રમ સંવત અક્ષય તૃતિયા સં. ૨૦૩૬.

**પ્રાપ્તિ સ્થાન** : (૧) રમણલાલ છગનલાલ શેઠ
વણિક નિવાસ, કામાલેઈન,
ઘાટકોપર, મુંબઈ-૪૦૦ ૦૮૬.

Serving JinShasan
006868
gyanmandir@kobatirth.org

) નરેન્દ્ર રસિકલાલ શેઠ C/O શેઠ બ્રધર્સ
૧૬૭, ઓલ્ડ મીનાબજાર સ્ટ્રીટ,
કલકત્તા-૭૦૦ ૦૦૧.

(૩) નિરંજન રસિકલાલ શેઠ
૧૮, પટેલ કોલોની,
સિદ્ધનાથ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧.

(૪) શાહ ધીરજલાલ વૃજલાલ
૨૩, રિદ્ધીશ્વર સોસાયટી, નવાવાડજ રોડ
અમદાવાદ ૩૮૦ ૦૧૩

**મૂલ્ય** : રૂા. ૨-૫૦

**લેખકના અન્ય પુસ્તકો** :

શ્રી ભક્તામર સ્તોત્ર પંચાંગી વિવરણ રૂા. ૨-૫૦
,, પુચ્છિસ્સુ ણં ,, ,, રૂા. ૨-૫૦

આ પુસ્તકના સર્વ હક લેખકને સ્વાધિન છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સમર્પણ

આ પરમ પ્રભાવિક સ્તોત્ર

શ્રી

કલ્યાણ મંદિર સ્તોત્રના

પરમાર્થ

પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય

**તારાબાઈ મહાસતીજીના**

(દરીયાપુર સંપ્રદાય)

ચરણ કમળે બેઠી

કરેલા

તેથી

**પરમ પૂજ્ય તારાબાઈ મહાસતીજીને**

આ કૃતિ

**સમર્પણ**

કરું છું.

卐

**રસિકલાલ છગનલાલ શેઠ B. Com.**

વડોદરા. અક્ષય તૃતિયા સં. ૨૦૩૬

**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શુદ્ધિ-પત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૧ | ૧૦ | પ્રદ | પ્રદમ્ |
| ૩ | ૨૫ | મસ્માદેશાઃ | મસ્માદશાઃ |
| ,, | ૨૭ | ધર્મરશ્મેઃ | ધર્મરશ્મેઃ |
| ૪ | ૩ ને ૪ | ધર્મ | ધર્મ |
| ૧૦ | ૧૩ | શું | શું |
| ૧૧ | ૧ ને ૭ | નિદાઘે | નિદાઘે |
| ૧૨ | ૨૬ | કે | હે પ્રભુ ! |
| ૧૩ | ૫ | ભ્રમણમાં | ભ્રમણમાં |
| ,, | ૨૨/૨૩ | સંતનિ | સંતતિ |
| ૧૫ | ૩ | મુશ્યંત | મુચ્યંત |
| ૨૨ | ૫ | આષાતી | અઘાતી |
| ૨૩ | ૨ | કમળા | કમળ |
| ,, | ૨૫ | કર્મયુક્ત | કર્મમુક્ત |
| ૨૪ | ૨૩ | ક્રાંતિ | કાંતિ |
| ૩૧ | ૧૪ | ધર્માપદેશ | ધર્મોપદેશ |
| ૩૨ | ૨૬ | તેમની જ | તેમની બધીજ |
| ૩૩ | ૯ | એહ | એવ |
| ૩૬ | ૬ | વદતિ | વદંતિ |
| ,, | ૧૦ | અનમ્ય | અવનમ્ય |
| ,, | ૧૨ | શુધ્વભાવાઃ | શુધ્ધભાવાઃ |
| ૩૯ | ૭ | તૂ વાવ | બભૂવ |
| ૪૦ | ૨૧ | જગત્પ્રાચાય | જગત્ત્રયાય |
| ૪૨ | ૨ | તારાન્કિતાં | તારાન્વિતા |
| ૪૮ | ૭ | સ્વાદ્વાદ | સ્યાદ્વાદ |
| ૪૯ | ૨૨ | ધ્રુળ | ધ્રુળ |
| ૫૦ | ૯ | આવે છે | આપે છે |
| ૫૫ | ૨ | રામચંદ્ર | રાજચંદ્ર |
| ૬૧ | ૪ | ભવદંન્નિ | ભવદંહ્રિ |
| ,, | ૬ | શરણ્યં | શરણ્ય |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

કલ્યાણમંદિર સ્તોત્રની પુસ્તિકાની પ્રસ્તાવના લખું છું ત્યારે મારા મનમાં ઉદ્દભવેલા ભાવો પ્રગટ કરું છું તેમ મને લાગે છે. સહુ પ્રથમ મને રસિકભાઈએ તૈયાર કરેલું ભકતામર સ્તોત્રનું વિવરણ અને પરમાર્થ સાથેનું પુસ્તક વાંચવાનો પ્રસંગ પડયો ત્યારે તેમાં જે રીતે આચાર્યશ્રીએ સ્તોત્ર દ્વારા પોતાના હૃદયમાં ઉદ્દભવેલા ભાવો વ્યકત કર્યા હતા તે ભાવોનો અનુભવ આ પુસ્તક વાંચવાથી થતો હતો. અત્યાર સુધીના ભકતામર સ્તોત્ર બહાર પડયા છે, તેમાં આવા ભાવો ઉપસતા હજુ સુધી જોવામાં આવ્યા નથી. વિશેષમાં તે ભકતામર સ્તોત્રની રચના કયારે અને કેવા સંજોગોમાં થઈ વિગેરે બાબતોનો પ્રકાશ પાડવાથી આ સ્તોત્રની ઉચ્ચ ભૂમિકા તેમજ તે વાંચવાથી વાંચનારના મન ઉપર પ્રભુભક્તિના ભાવો સ્વાભાવિક રીતે ઉદ્દભવે છે તેજ આ પુસ્તકનું મહત્વ છે.

આવી જ રીતે કલ્યાણમંદિર સ્તોત્રનાં પરમાર્થ તૈયાર કરી શ્રી રસિકભાઈ અમદાવાદ પરમ પૂજ્ય તારાબાઈ મહાસતીજીના સાંનીધ્યમાં વિવરણ કરતા હતા ત્યારે મને સાંભળવાની તક મળી અને તેમની જે પરમાર્થ કહેવાની લાક્ષણીક શૈલી તેમજ પોતાના જે હૃદયના ભાવો વાણી અને વર્તનથી ઠાલવતા જોઈ મને તેમના પ્રત્યેનું આકર્ષણ થયું. તેઓશ્રીના સ્વમુખે પરમાર્થ સાંભળવો તે જીવનનો એક અમૂલ્ય લ્હાવો છે, પરંતુ બધાજ માણસો આવો લાભ ના લઈ શકે તો આ પુસ્તક વાંચવાથી જરૂર લાભ લઈ શકે અને આ પુસ્તક જો છપાય તો ભાવિક મુમુક્ષુઓ માટે ઘણા જ લાભનું કારણ બને માટે તે પુસ્તક છપાવવામાં હું મારો સુર પુરાવું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી કલ્યાણમંદિર સ્તોત્રની પૂર્વ ભૂમિકા વાંચવાથી આ સ્તોત્ર પ્રત્યે પ્રભુભક્તિનું આકર્ષણ અને ઉર્મિ જાગે છે તેમ જ જેમ જેમ સ્તોત્ર ભાવ સાથે વાંચીએ તેમ તેમ હૃદયમાં તેની અનુભૂતી થાય છે.

'શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર'માં શ્રી ભક્તામર સ્તોત્રની સામ્યતાની ક્ષણોએ તેમણે શ્રી ભક્તામર સ્તોત્રની ગાથાને ટાંકી ભાવોની સરખામણી દર્શાવી છે જે 'બે' ને 'બે' ન રહેવા દેતા 'એક'નો આવિષ્કાર કરાવી જાય છે. જેના પરિણામ સ્વરૂપે વાચકને શ્રી કલ્યાણ મંદિરના ભાવ સ્પષ્ટ થતાંની સાથે શ્રી ભક્તામર સ્તોત્રની પણ પર્યટણા થાય છે. જેના પરિણામે સ્વાધ્યાયીને સ્વાધ્યાયમાં અત્યંત સરળતા રહે છે.

– શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમાં આચાર્યશ્રીએ અષ્ટ પ્રાતિહાર્યનું સ્વરૂપ સુંદર અને સચોટ ઉપમાઓ આપીને જે રજુ કર્યું છે તેમાં ઉત્પ્રેક્ષા અલંકારનો સુયોગ્ય ઉપયોગ કરીને તે પ્રતિકો જાણે આપણને પરમપદ એવું પરમાત્મા પદ કેટલી સહજતાથી સાકાર કરી શકાય તેનો સદ્‌ગુરુની જેમ માર્ગ ન દર્શાવતા હોય; તેમ પ્રત્યેક ગાથામાં પ્રભુની રૂડાભાવે કરેલી પર્યુપાસના જીવાત્માને પરમાત્મા પદ સાર્થક કરવા શક્તિ અર્પે છે, જાણે કે પ્રત્યેક પ્રાતિહાર્ય સ્વાનુભવે દૃષ્ટાંતો ન વદી રહ્યા હોય. આવા ઉત્કૃષ્ટ પવિત્ર ભાવ અષ્ટ પ્રાતિહાર્યની પ્રત્યેક ગાથામાં અત્યંત આર્કપક અને અસરકારક સાર્થક ઉપમાઓ દ્વારા આપીને આચાર્યશ્રીએ તેમની અનુપમ કાવ્યશક્તિ અને શાસ્ત્રનું અદ્‌ભુત પારગામીપણું આપણને દર્શાવી દેખાડયું છે. –

આચાર્યશ્રીના અંતરમાં રહેલાં આ અપૂર્વ ભાવોની સ્પષ્ટતા તેની વિશદ છણાવટ કરીને વાચક સમક્ષ, જ્ઞાનપિપાસુ સમક્ષ સરળ ગુજરાતી ભાષામાં શ્રી રસિકભાઈએ સાર્થક કરીને આ સ્તવનના રુડા પરમાર્થ સમજાવ્યા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

- શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં આચાર્યશ્રીએ શ્લેષાલંકાર અને વિરોધાલંકારનો પણ ખૂબ સરસ ઉપયોગ કરી સમગ્ર સ્તવનને અત્યંત આસ્વાદ્ય અને રસાળ બનાવ્યું છે જેના ઉત્તમ ઉદાહરણ સ્વરૂપે દશમી, તેરમી, સોળમી, ઓગણીશમી અને ત્રીશમી ગાથાઓ છે. એ ઉપર જેટલું ચિંતન અને મનન કરીશું તેટલો વિશેષ રસ આસ્વાદ્ય સાથે આપણા આત્માનું આત્મકલ્યાણ અવશ્ય થશે./ સુંદર પવિત્ર ભાવ અને પ્રભુભક્તિ સાથે માનવ માત્રના એકાંત કલ્યાણ અર્થે આચાર્યશ્રીએ પ્રભુના ગુણોની આ સ્તોત્રમાં અનુપમ ગુંથણી કરી છે. અને એથી જ આ 'શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર' સાચા અર્થમાં આપણા માટે કલ્યાણનું ખરેખર 'ધામ' બન્યુ છે. અર્થાત્ પ્રભુના ગુણોની જો સાચા અંતરના ભવથી સ્તવના કરીએ તો આપણુ નિઃશંક કલ્યાણ, કલ્યાણ ને કલ્યાણ જ થાય. તેવા આત્મહિતકારી ભાવવાળા આ મહા પ્રભાવિક સ્તોત્રના ભાવોને આપણે યથાર્થ સમજીએ, અંતરમાં રૂઢી રીતે ધારીએ અને પ્રભુના ગુણો આપણા અંતરમાં પણ પ્રગટે એવી ભાવના આ સ્તોત્રની પ્રાર્થના કરતા ભાવીએ. તો અવશ્ય આપણું પરમ કલ્યાણ જ થશે.

વાંચક બંધુઓ આ પુસ્તિકાનો ખુબજ લાભ લે એ જ અભ્યર્થના.

૧૫/ સ્થા. જૈન સોસાયટી,
નારણપુરા,
અમદાવાદ. ૧૩.

બળદેવભાઈ ડાસાભાઈ પટેલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# આભાર દર્શન

પ્રભુ પાર્શ્વનાથની, પરમાર્થે સઘળા જિનેશ્વર ભગવંતોના ગુણોની સ્તુતિ આ સ્તોત્ર દ્વારા આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજીએ જે કરી છે તેના સઘળા ભાવોનું મૂળ શોધશું તો તે વીતરાગ પ્રભુની આગમવાણીમાં જ મળશે. વળી તેના પરમાર્થ ઘટાવવામાં પણ મહદ્ ઉપકાર તે આગમવાણીનો જ રહેલો છે. વળી તે વાણી સંસારી જીવના ઉત્થાન માટે પરમ કલ્યાણકારીણી રહેલ છે, તેથી સર્વ પ્રથમ આભાર જિનેશ્વર ભગવંતોનો અને તેમની અપૂર્વ હિતકારી એવી આગમ વાણીનો અત્રે માનું છું.

આવી અનુપમ આત્મકલ્યાણકારી આગમવાણીનું રસપાન જેમના ચરણ કમળે બેસીને કરેલુ, એટલું જ નહિ પણ આ પરમ પ્રભાવિક સ્તોત્રના પરમાર્થ શ્રી ભકતામર સ્તોત્રના પરમાર્થની જેમજ જેમની નિશ્રામાં બેસીને કહેવાનો લાભ મળેલ તે પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સૂત્ર–સિદ્ધાંતના પારગામી વિદુષી દરીયાપુરી સંપ્રદાયના શ્રી તારાબાઈ મહાસતીજી કે જેમણે આ પરમાર્થ શાસ્ત્ર સંમત હોવાનું જણાવેલ તેમનો માનું છું.

વળી બચપણથી ધર્મના સંસ્કારો સીંચનારા મારા પૂ. પિતાશ્રી નગરશેઠશ્રી છગનલાલ ચતુરભાઈ શેઠનો તથા પૂ. માતુશ્રી ડાહીબાઈ શેઠનો અને તે સંસ્કારોને મુંબઈના કોલેજ જીવન દરમ્યાન જાળવી રાખનાર પરમ મિત્ર શ્રી જયસુખલાલ પ્રભુલાલ શાહ ( જામનગર )નો તથા તે સંસ્કારોને ફરી જાગૃત કરીને પોષનારા અનેક સંત સતીજીઓનો પણ અત્રે આભાર માનું છું.

વળી આ પુસ્તિકાના પ્રકાશનમાં અત્યંત રસ લઈ તેની સુંદર પ્રસ્તાવના લખી આપવા બદલ અમદાવાદના ધર્મપ્રેમી શ્રાવકવર્ય શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનો પણ આભાર માનું છું.

આ પુસ્તિકાની અગાઉથી પ્રતો લખાવી તેના પ્રકાશનમાં સહાયભૂત થનારા નીચેના ભાઈ બહેનોનો પણ આભાર માનું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# દાતાઓના નામની યાદી

૬૦૦ પ્રત શ્રી બાબુભાઈ કેશવલાલ કચ્છી (કચ્છ–કપાયાવાળા)અમદાવાદ
૫૦૦ ,, ,, રસીકલાલ છગનલાલ શેઠ વડોદરા
૨૫૦ ,, ,, બળદેવભાઈ ડોસાભાઈ પટેલ અમદાવાદ
૨૫૦ ,, ,, ચુનીભાઈ ધોળીભાઈ પટેલ ,,
૨૫૦ ,, ,, નવરંગપુરા સ્થા. જૈન સંઘ ,,
૧૫૦ ,, ,, સંઘાણી સ્થા. જૈન સંઘ રાજકોટ
૧૦૦ ,, ,, જયંતિલાલ મનસુખલાલ લોખંડવાળા અમદાવાદ
૬૦ ,, ,, કાંતિલાલ સુખલાલ શાહ ઘાટકોપર મુંબઇ
૫૦ ,, શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈનસંઘ અમદાવાદ

૫૦ દરેક ૧. શ્રી હસમુખભાઈ જીવણલાલ શાહ ૨. શ્રી શાન્તીલાલ ટી. અજમેરા ૩. શ્રી રતીલાલ ચુનીલાલ ખંભાત ૪. શ્રી ત્રિલોકચંદ્ર રતીલાલ સખીદાસ ૫. શ્રીમતી સુશીલાબેન ધીરૂભાઈ શાહ બધા અમદાવાદ ૬. શ્રીમતી અરવિંદાબેન વાડીલાલ શાહ જબલપુર.

૨૫ ,, ૧. શ્રી કાન્તીલાલ ત્રિભોવનદાસ ૨. શ્રીમતી શુભદ્રાબેન રમણલાલ ૩. શ્રી રતીલાલ ત્રિભોવનદાસ શાહ ૪. શેઠ ત્રિકમલાલ ધરમશીભાઈ ભાવનગર ૫. શ્રી રમણલાલ પી. વોરા ૬. શ્રી પ્રવિણચંદ્ર સી. ગાંધી ૭. શ્રી બીપીનભાઈ સાપરીયા ૮. શ્રી કાન્તીલાલ પ્રેમચંદ મગફળીવાળા.

૧૧ પ્રત દરેક ૧. શ્રી ખીમચંદભાઈ માણેકચંદ શાહ ૨. શ્રી લાલભાઈ ભાઈલાલ પાલડી ૩. શ્રી રમણીકલાલ દેવચંદ ૪. શ્રી શાન્તીલાલ વાડીલાલ શાહ બધા અમદાવાદ

આ પુસ્તિકાના પ્રકાશન અંગેની સઘળી વ્યવસ્થા સંભાળી લેનાર નવા વાડજવાળા સાધર્મી બંધુ શ્રી ધીરજલાલ વ્રજલાલ શાહના અથાગ પરિશ્રમને કેમ ભૂલાય? આ પુસ્તિકા તમારા હાથમાં આવતી હોય તો તેનું સઘળું શ્રેય તેમને છે. તેથી તેમનો પણ–તેમની સારીએ ઓફીસના ભાઈઓનો પણ આભાર માનું છું.

છેવટે સુઘડ છાપકામ કરી આપવા બદલ શ્રી. નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ ઘી કાંટા રોડ અમદાવાદનો આભાર માનું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાળજી રાખવા છતાં કાંઈ દોષ રહી ગયો હોય તો તે મારો છે તે બદલ જિનેશ્વર ભગવંતોની ક્ષમા યાચી, જે તે દોષો લખી જણાવવા સુજ્ઞ વાંચકોને વિનંતિ કરૂ છું.

૧૮/પટેલ કોલોની, સિદ્ધનાથ રોડ,
વડોદરા (390 001)
અક્ષય તૃતિયા વિ. સં. ૨૦૩૬.

શ્રી રસિકલાલ છગનલાલ શેઠ
B. com.
(વાંકાનેર–સૌરાષ્ટ્ર વાળા.)

# શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રની રચનાકથા

આશરે બે હજાર વર્ષ પહેલા ક્ષિપ્રા નદીને કાંઠે આવેલ વીર વિક્રમનાં સુંદર ઉજ્જૈયિની નગરીમાં વિક્રમ નામે પુરોહિત રહેતો હતો. તેને દેવસિકા નામે પત્ની હતી અને તેમને મુકુંદ નામે પુત્ર હતો. તે મુકુંદ વેદ–વેદાંત આદિ શાસ્ત્રોમાં પારંગત થયો હતો અને ભારતભરના પંડિતોને વાદમાં હરાવી જીતી લીધા હતા. દરેક પાસેથી વિજય મેળવ્યાના તામ્રપત્ર પણ લખાવી લીધા હતા. તે વાદમાં અને પંડિતાઈમાં પોતાને અજોડ માનતો હતો. ત્યારે કોઈ હારેલાએ મેણું માર્યું કે તેં અમને બધાને તો જીતી લીધા છે પણ જો જૈનોના આચાર્ય વૃદ્ધવાદીસૂરીને જીતી લાવે તો જ તું સાચો પંડિત ગણાય!

આમેય મુકુંદ પંડિત વાદનો રસિયો બની ગયો હતો અને પોતા સરખો કોઈ શાસ્ત્રપારંગત નથી એવો ઘમંડ પણ ચડ્યો હતો. તે તો આ મેણું સાંભળી તુરત જ વૃદ્ધવાદીસૂરી પાસે જવા નીકળ્યો.

ત્યારે ચોમાસુ બેસી ગયુ હતું અને આચાર્યશ્રીનું ચાતુર્માસ ઠેઠ ભૃગુકચ્છ (હાલનુ ભરૂચ) મુકામે ગુજરાતના બંદરકાંઠે હતુ. તે સમયના હિસાબે રસ્તો લાંબો અને કઠીન હતો, તેમ છતાં મુનીનો વાદમાં પરાભવ કરવા તે સારૂં ચોઘડીયુ જોઈને ઉજ્જયિનીથી રવાના થયો, અને યોગાનુયોગ કારતક વદ ૧ ના રોજ પ્રાતઃકાળે ભૃગુકચ્છ પહોંચ્યો અને મુનીની પુછા કરતો સીધો ઉપાશ્રયે પહોંચ્યો. ત્યારે જાણ્યુ કે મુની તો શિષ્યપરીવાર સાથે હમણાં જ વિહાર કરી ગયા છે ને માંડ પાદરે પહોંચ્યા હશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ સાંભળી મુકુંદ પંડિતને થયું કે મારૂં નામ સાંભળી મુની ગામ છોડીને ભાગ્યા છે. પણ કેટલે જશે ? એ તો પગપાળા જાય જ્યારે મારી પાસે તો ઘોડો છે. હમણાં પકડી પાડીશ.

ખરેખર તો મુનીશ્રીને ખબર પણ ન હતી કે આવો કોઈ વાદ કરવા આવી રહ્યો છે. તે તો જૈનસાધુઓના આચાર પ્રમાણે ચાતુર્માસ કાર્તીક પૂનમના પુરૂ થતા બીજે ગામ વિહાર અવશ્ય કરવો જ જોઈએ તે અનુસાર શિષ્યાદિ સાથે પ્રાતઃકાળ થતા જઈ રહ્યા હતા અને હજી માંડ પાદરમાં જ પહોંચ્યા હતા ત્યાં તો પડકારા કરતો પંડિત તેમની પાસે આવી પહોંચ્યો અને પોતે તેમને કહ્યુ ' કાંતો મારી સાથે વાદ કરો અગર તો હારી ગયાનું પ્રમાણપત્ર લખી આપો'

મુનીએ કહ્યું 'સારૂં ! તારે વાદ જ કરવો હોય તો આપણે કરશું. પણ કોઈ રાજાની સભામાં જઈને કરીએ. ત્યાં સુજ્ઞ લોકો સાંભળીને યોગ્ય નિર્ણય આપી શકે.'

પંડિતને મિથ્યાભિમાનમાં લાગ્યું કે મુની વાદ ટાળવા માટે આમ કહે છે. તેથી તેણે તો ત્યાં ને ત્યાં ત્યારે જ વાદ કરવાનો હઠાગ્રહ રાખ્યો. મુનીએ તેના લક્ષણ જોઈને જાણ્યું કે માણસ આમ સરળ છે પણ વહેવાર કુશળ નથી, તેથી કહ્યું, 'ભલે ભાઈ! અહીં જ વાદ તો કરીએ, પણ આ વગડામાં હાર્યા–જીત્યાનો નિર્ણય કોણ આપશે ? અને તેવા નિર્ણાયક વગર મિથ્યાવાદ કરવો શા કામનો ? વળી જે હારે તેને માટે કંઈક શરત નક્કી કરવી જોઈએ. તેવા લાભ વગર નિરર્થક વાદ કોણ કરે ? ''

તે બંને વાત પંડિતે માન્ય રાખી અને કોને નિર્ણાયક બનાવવા તેના વિચારમાં પડયો. શરત તો તુરત લગાવી કે વાદમાં જે હારે તે તેનો શિષ્ય બનીને રહે.

હવે સીમમાં પરોઢિઆમાં કોઈ વિદ્વાનો કયાંથી હોય ! ગાયો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચારવા નીકળેલા ગોવાળીઆ માત્ર હોય, મુનીની વાત હવે તેને વાજબી લાગી. પણ હવે જીદની વાત થઈ હતી તેથી કહે આ ગોવાળીઆ આપણા નિર્ણાયક.

મુનીએ કહ્યું : બહુ સારૂ ! તમારી એવી ઈચ્છા છે તો એમ થાઓ ! પણ પછી વચનને પાળજો. તમે એટલે દૂરથી આવો છો તો પ્રથમ તમેજ શરૂ કરો.

મુકુંદ પંડિત બધા શાસ્ત્રો ભણી તો ગયો હતો પણ ગણ્યો ન હતો. તેથી તે તો ગોવાળીઆ આગળ પંડિતોની સંસ્કૃત ભાષામાં સમજવી કઠીન એવી તત્વજ્ઞાનની વાત જોસથી શ્લોકો બોલીને કરવા લાગ્યો. ગોવાળોને તેમાં કશી ગમ ન પડવાથી થોડી વારમાં કંટાળી ગયા. તેમને થયું આ શું ખોટા બરાડા પાડે છે. તેની તેને અનાદર-પૂર્વક બોલતો બંધ કરી દીધો અને સાધુને કહ્યું હવે તમારો વારો.

મુનીશ્રી સમયજ્ઞ હતા. ૩૬ ગુણોના ધારક આચાર્ય હતા. તેથી ગોવાળીઆ સમજે તેવી સરળ ભાષામાં અને ગોવાળોને ગમે તેવી રીતે કછોટો વાળીને એકલા રાસ લેવા લાગ્યા. જૈનમુનીને આમ કછોટો મારવો કલ્પે નહિ છતાં અપવાદ માર્ગથી ગોવાળો નિર્ણાયક હોવાથી તેમ કર્યું હતું; અને નીચે પ્રમાણે ગોળ ફરતા જતા રાસ ગાવા લાગ્યા :—

નવી મારીએ, નવી ચોરીએ, પરદારગમન નિવારીએ,
થોવા થોવં દાઇએ, એમ સરગ મટામટ જાઈએ ......૧

વચન ન કીજે કહીં તણુ, વળી એહ વાત સાચી ભણું,
વળી કીજીએ જીવદયાનું જતન, શ્રાવક કુળ ચિંતામણી રતન...૨

હડહડાવ નવ કીજીએ ઘણું, મર્મબોલ નહિ કહીં તણું,
કુડી સાક્ષી મ દીઓ આળ, એ તુમ ધર્મ કહું ગોવાળ...૩

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગરડશ વીંછી ન મારીએ મારે તો સહી ઉગારીએ,
કુડકપટ વાતો વારીએ; ઈહિ પર આપ કારજ સારીએ......૪
કાળો કંબળ અરણી સદ્દ, છાછે ભરીયો દીવડપટ્ટ,
એવડ પટીઓ નીલે ઝાડ, અવર કિશું છે સ્વર્ગ નિલાડ ?...૫

આ તે સમયની ગુજરાતી ભાષા છે. છતાં અર્થ સ્પષ્ટ છે. આમાં શ્રાવકના પાંચ અણુવ્રતનું ઉપદેશ રૂપે સ્વરૂપ ગુંથી લીધું છે. કોઈ જીવને મારવા નહિ, કોઈ મારતા હોય તેને વારવા અને જીવને બચાવવા, ચોરી છેતરપીંડી ન કરવી, પરસ્ત્રીગમન ન કરવું, કોઈપર આળ ન ચડાવવું કે ખોટી સાક્ષી ન પુરવી. થોડામાંથી પણ થોડું અન્યને દેવું. આમ કરે તે જરૂર સ્વર્ગે તુરત જાય.

વળી કાળો કાંબળો અને અગ્નિ પાડવા અરણીનું લાકડુ ને ચકમક હોય, અને છાશની દોણી ભરેલી હોય ને એવા એ ગોપાલના, ગોવાળના લીલાછમ ઝાડની નીચે બેસણા હોય, પછી એને, બીજા કયા સ્વર્ગની જરૂર પડે ?

ગોવાળો તો રાસ સાંભળીને ખુશ ખુશ થઈ ગયા એટલું જ નહિ પણ મુનીશ્રીની સાથે કુંડાળુ વાળીને રાસમાં જોડાઈ ગયા ને રાસ ઝીલવા માંડયા. તેમણે જાહેર કર્યું કે સાધુમારાજ જીતી ગયા.

શરત પ્રમાણે મુકુંદ પંડિતે પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા કહ્યું. પણ આચાર્યશ્રીએ કહ્યું 'ભાઈ! તારી જ શરત પ્રમાણે તું મારો શિષ્ય તો બની જ ગયો પણ એમ મારે તને શિષ્ય નથી કરવો. ચાલ આપણે ફરી એકવાર કોઈ રાજાની સભામાં વાદ કરીએ. તેમાં જે હારે તે શિષ્ય બને, અને નજીકના કોઈ રાજાની સભામાં ફરી વાદ થયો. ત્યારે પણ મુનીશ્રીએ તેને પ્રથમ તક આપી. હવે ગણેલ નહિ, તેથી રાજાની સભામાં તે પંડિતે તો મુની વગડામાં રાસ ગાઈને જીતેલા તેથી પોતે પણ વિદ્વાનો પાસે રાસ ગાવા લાગ્યો. આખી સભાને રમુજ સાથે નવાઈ લાગી. પછી મુનીશ્રીએ સભાને યોગ્ય સુંદર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાષામાં ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તેથી રાજા અને આખી સભા મુગ્ધ બની ગઈ અને મુનીશ્રીને વાદના વિજેતા જાહેર કર્યા, તે નગરમાં જ મુકુંદ પંડિતે વૃદ્ધવાદીસૂરી પાસે દીક્ષા લીધી અને ગુરૂએ તેમને ' કુમુદચંદ્ર ' સ્વામી તરીકે જાહેર કર્યા. દીક્ષા લઈ ગુરુ પાસે સૂત્રસિદ્ધાંત શીખી શાસ્ત્ર પારગામી બન્યા અને પોતે આચાર્યપદ સુધી પહોંચી ગયા. પોતે પ્રખર જૈન તત્વજ્ઞ મુની બન્યા.

એકદા વાદ કરવા આવેલા એક બ્રાહ્મણ પંડિતની સમજ માટે ચૌદ પૂર્વના આદિ મંગલમાં રહેલા શ્રી નવકાર મંત્રના મૂળ પાઠના સ્થાને તે મંત્રનો સંસ્કૃતમાં અનુવાદ કરી આ પ્રમાણે નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ। બોલ્યા. અને પોતે હોંશે તે સંસ્કૃત મંત્ર ગુરુને બતાવી, બધા શાસ્ત્રો જે પ્રભુએ અર્ધ માગધી કે પ્રાકૃત ભાષામાં પ્રરૂપ્યા છે તે સંસ્કૃતમાં રચવાની આજ્ઞા માગી.

ગુરુએ આ સાંભળી કહ્યું તમે ભારે અનર્થ કર્યો. પ્રથમ ગુરુની આજ્ઞા લઈને પછી જ વિનિત શિષ્યે કશું પણ કરવું જોઈએ.

વળી તીર્થંકર ભગવંતો હેતુપૂર્વક પ્રાકૃત ભાષામાં દેશના આપે છે અને ગણધર ભગવંતો તે જ ભાષામાં સિદ્ધાંતની રચના કરે છે. કહ્યું છે કે:

"બાલ સ્ત્રી મંદમૂર્ખાણાં નૃણાં ચારિત્રકાંક્ષિણાં।
અનુગ્રહાય તત્ત્વજ્ઞૈઃ સિધ્ધાંત પ્રાકૃત કૃતઃ॥

અર્થ: "બાળ, સ્ત્રી અને મંદબુધ્ધિ વાળા અને સંયમ માર્ગના ઇચ્છુક આદિ પુરુષોની ઉપર કરુણા લાવીને તે સરળતાથી સમજી શકે તે માટે તત્ત્વજ્ઞોએ સિધ્ધાંતની રચના પ્રાકૃત ભાષામાં કરી છે."

તેમાં કશો પણ ફેરફાર કરવાથી વીતરાગ પ્રભુની આશાતના થાય. માટે જ સૂત્રસિધ્ધાંતમાં કાનોમાત્ર આદિનો ફેરફાર પણ ન કરવાનું ફરમાવ્યું છે અને કોઈ ફેરફાર કરે તેને માટે આકરૂં પ્રાયશ્ચિત ફરમાવ્યું છે, તમે નવકાર જેવો પવિત્ર આદિ–મંત્ર આજ્ઞા વગર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંસ્કૃત ભાષામાં બનાવીને લાવ્યા અને વળી બધા શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં રચવાની આજ્ઞા માગી પ્રભુની ઘોર આશાતના કરી છે અને તેથી તમને મહાપ્રાયશ્ચિત લાગ્યું છે; અને તેથી હું તમને સંઘાડાની બહાર મુકુ છું.

શ્રી સંઘને આની ખબર પડવાથી અને કુમુદચંદ્ર સ્વામી શાસનને દીપાવે તેવા હોવાથી આવું ન કરવા ગુરુદેવને ખુબ ખુબ વિનંતિ કરી, તેથી શ્રી સંઘની વિનંતિને માન આપી કુમુદચંદ્ર સ્વામીને ગચ્છ બહાર ન મૂકતા પારાંચિક પ્રાયશ્ચિત આપ્યું. તેમાં એવું હોય છે કે બાર વર્ષ સુધી એકલા વિચરવાનું અને તે દરમ્યાન અઢાર રાજાઓને પ્રતિબોધ પમાડી જૈનધર્મી બનાવવાના ને છેલ્લે એક મહાન નૃપતિને પ્રતિબોધીને જૈનધર્મી બનાવવાના અને તેમ કર્યા પછી બાર વર્ષ પૂરા થયે ફરી સંઘાડામાં લેવાના.

કુમુદચંદ્ર મુનીએ ગુરુને ખમાવી પ્રાયઃશ્ચિત અંગીકાર કરી બાર વર્ષ એકલા વીચરીને અત્યંત કઠીન સાધના કરી, ૧૮ રાજાઓને પ્રતિબોધી જૈનધર્મી પણ બનાવ્યા ને છેલ્લે મહાન નૃપતિને પ્રતિબોધવા ઉજ્જૈયીની નગરી આવવા નીકળ્યા. ત્યારે ઉજ્જૈયીની નગરમાં પ્રસિદ્ધ વીર વિક્રમ રાજા રાજ્ય કરતો હતો. નગરીના દરવાજા પાસે મુની પહોંચ્યા ત્યારે રાજા રથમાં બેસીને નગર બહાર જતો હતો. મુનીને જોઈને નમન કર્યા વગર પ્રશ્ન પુછયો 'के युयम्' "કોણ છો તમે?" મુનીએ કહ્યું "वयं सर्वज्ञपुत्राः" અમે સર્વજ્ઞ પ્રભુ મહાવીરના પુત્રો કહેતા સાધુ છીએ. આથી પ્રભાવિત થઈ રાજાએ મનથીજ નમસ્કાર કર્યા, આચાર્યશ્રીએ તુરત જ ધર્મલાભ કીધો, રાજા ચકિત થયો; પૂછયું મેં તમને હાથ તો જોડયા નથી છતાં કેમ ધર્મલાભ દીધો? મુનીએ કહ્યું હે રાજા! તેં મને મનથી નમસ્કાર કર્યા તેથી મેં તને 'ધર્મલાભ' કહ્યું. જે અમને વાંદે, તેને 'ધર્મલાભ' કહેવાનો અમારો આચાર છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા તેમનું આવું જ્ઞાન જોઈ બહું પ્રભાવિત થયો અને પાછો વળી માનપાન સહિત પોતાની નગરીમાં લઈ ગયો અને ગુરુપદે સ્થાપ્યા.

પછી એકદા ચાર નવા શ્લોકો બનાવીને રાજસભામાં રાજાને સંભળાવ્યા. તેના બોધથી રાજા એવો તો પ્રસન્ન થયો કે એકેક શ્લોક ઉપર એકેક દિશાનું રાજ્ય મુનીને સમર્પણ કર્યું મુનીએ કહ્યું અમે તો વિતરાગના સાધુ અમારે વળી રાજ્યની શું મતલબ. તે તો હું તને પાછું સુપ્રત કરૂં છું. પણ રાજાએ કંઈક પણ સ્વીકારવા ખુબજ આગ્રહ કર્યો ત્યારે મુનીએ માગ્યું કે તારે રોજ એક કલાક અમારી પાસે ધર્મોપદેશ સાંભળવો.

હવે મુની પાલખીમાં બેસીને રોજ સવારે રાજમહેલે ધર્મોપદેશ કરવા જવા લાગ્યા.

એક દિવસે પાતઃકાળે મુની ક્ષિપ્રા નદીના કાંઠે આવેલ રાજાના પુજાસ્થાન એવા મહાકાલ પ્રસાદ નામે શિવાલયમાં જઈને શીવલિંગ તરફ પોતાના પગ સ્થાપી સુઈ ગયા. જ્યારે લોકો દર્શને આવ્યા, ત્યારે આ જોઈ, ગુસ્સે થયા; અને સાધુને પગ લઈ લેવા કહ્યું. પણ મુનીએ નહિ ગણકારતા રાજાને વાત કરી, રાજા પણ આ સાંભળી બહુ ક્રોધે ભરાયો અને આજ્ઞા કરી કે સાધુ ન સમજે તો પગ ખેસવીને કે મારીને પણ હટાવો. અનુચરોએ તો પ્રથમ પગ હટાવવા પ્રયાસ કર્યો, પણ જેમ હટાવે તેમ ત્યાંજ પગ દેખાય તેથી મારવા લાગ્યા. તો મુની હસવા લાગ્યા પણ જે પ્રહાર પડતા તે અંતપુરમાં રાણીઓને વાગવા લાગ્યા. તેથી તો હાહાકાર મચી ગયો. રાજાને જાણ થઈ તરત શિવાલયે દોડી ગયો. સાધુને જુએ તો અરે આ તો પોતાના ગુરુ. લોકોને મારતા રોકયા અને ગુરુને વિનંતિ કરી કે આ પણ અમારા મોટા દેવ છે અને પૂજા કરવા યોગ્ય છે છતાં આમ પગ કેમ રાખ્યા છે? તેમને તમે પણ વંદન કરો!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનીએ કહ્યું "હે રાજન્ ! તમારી આજ્ઞા છે તો હું તેમને પ્રણામ જરૂર કરીશ. પણ તમારા આ મહાદેવ મારા પ્રણામ સહન નહિ કરી શકે. મારા પ્રણામ કરવાની સાથે જ આ શિવલિંગ ફાટશે. માટે બરાબર વિચારી લો. આપની આજ્ઞા બરાબર છે ને ?

રાજાને તો આ ચમત્કાર જોવાની રઢ લાગી તેથી ફરીથી હા કહી એટલે મુની બેઠા થયા ને સ્તવન બોલવા લાગ્યા.

ત્યારે તેમણે જે સ્તુતિ કરી તે જ આ **કલ્યાણ મંદિર સ્તોત્ર**

રાજા અને લોકો એકાગ્રતાથી સ્તવન સાંભળવા લાગ્યા અને જ્યારે મુની પાર્શ્વ-પ્રભુને સ્તવતા સ્તવતા ૧૧મી ગાથા "यस्मिन हर प्रभुतयोऽपि हतप्रभावा" બોલીને નમન કર્યા કે તુરત જ શિવલીંગ ખરેખર ફાટયુ ને પાર્શ્વનાથ પ્રભુની ધરણેંદ્ર સહિતની મૂર્તિ પ્રગટ થઈ. ભૂમિ ધ્રુજી ઉઠી ને લિંગમાંથી તેજનો પુંજ નીકળતો જણાયો. આમ કેમ બન્યું તેની સ્પષ્ટતા કરતા મુનીશ્રીએ કહ્યું "આ સ્થળે પૂર્વે ભદ્રા શેઠાણીના પુત્ર અવંતિસુકુમારના પુત્ર મહાકાળે, તેના પિતા આ સ્થળે કાયોત્સર્ગ કરીને નલિની ગુલ્મ વિમાનને પામ્યા હતા તેથી આ ભવ્ય પ્રાસાદ બનાવરાવીને શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનીસ્થાપના કરી હતી. તેના ઉપરજ કોઇએ કાળે કરીને ઇંટો જડી દઈ શીવલીંગ બનાવી રૂદ્રલીંગની સ્થાપના કરી. પ્રભુજી આજે પ્રગટ થવા ઈચ્છતા હતા તેથી રાજાની આજ્ઞા મેળવી મેં સ્તુતિ કરી. તેથી શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફરી પ્રગટ થયા છે.

આ સાંભળીને રાજાને તો ઘણો હર્ષ થયો અને પોતે આચાર્ય શ્રી પાસે શ્રાવકધર્મ સ્વીકારી જૈનધર્મી બન્યો અને શ્રી પાર્શ્વનાથ પ્રાસાદને ૧૦૦ ગામ નિભાવ અર્થે આપ્યા.

આ પ્રમાણે કુમુદચંદ્ર સ્વામીએ પારાંચિક પ્રાયશ્ચિત યથોચિત્ પાળ્યું. તેમ છતાં ગુરૂ પાસે ન ગયા પણ રાજાના પાલખી આદિ પૂજા સત્કારને લીધે ઉજ્જૈનીમાં જ રહી ગયા.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ગુરુ જેનું નામ તે શિષ્યને ભૂલ્યા ન હતા. તેની રજે-રજની માહિતી મેળવતા હતા. રાજાના માન-પાનમાં પોતાનો આચાર ભૂલી ગયા જાણી ગુરુ તેમને પ્રતિબોધવા ઉજ્જૈન પધાર્યા. મુની રોજ સવારે રાજાને આશીર્વાદ આપવા પાલખીમાં બેસીને જાય છે તે જાણી પોતે માર્ગમાં ઉભાં રહ્યા અને એક ભોઈને સમજાવીને પોતે તેના બદલે પાલખી ઉપાડવા જોડાઈ ગયા. ગુરુ વૃદ્ધ હોવાથી ધીમે ચાલતા હતા અને ટેવાયેલા ન હોવાથી પાલખી ડોલવા લાગી. ત્યારે અંદર બેઠેલા કુમુદચંદ્ર મુનીએ પૂછ્યું: "भुरि भराक्रांतः स्कंध किं तव बाधते ?" અર્થાત્ "શું તારો ખભો ઠંડીથી ધ્રુજે છે ?"

હવે "બાધતિ" બોલવું તે ખોટું છે, સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે "બાધતે" બોલાય. તેથી તક જોઈ ગુરુએ જવાબ વાળ્યો : "न तथा बाधते स्कंधो यथा बाधति बाधते ।" અર્થાત્ પોષ માસની આ અત્યંત ઠંડી ખભાને તેટલી પીડાદાયક નથી જેટલી પીડા 'બાધતિ' સાંભળવાથી લાગે છે.

આ સાંભળી કુમુદચંદ્ર મુની જાગ્રત થઈ ગયા. પોતાની બોલવાની ભૂલ તરત સમજી ગયા. પણ આ ભૂલ બતાવનાર કોઈ સામાન્ય માણસ ન હોઈ શકે. તુરત જ મ્યાનાની બહાર જોયું. ગુરુને ઓળખ્યા. એકદમ નીચે ઉતરીને ગુરુના ચરણમાં પડી ગયા. ગુરુની આશાતના થઈ ગઈ તેથી ગુરુને ખમાવીને મિચ્છામિ દુક્કડમ્ લીધું. પાલખી છોડી દીધી ને ગુરુની સાથે વિહાર કરતા રાજાના મહેલે ગયા રાજાને ગુરુના દર્શન કરાવ્યા. ગુરુએ સુંદર મજાનો ધર્મબોધ રાજાને આપ્યો અને શિષ્યને સાથે લઈ સ્થાનકે પધાર્યા અને ગચ્છમાં ભેળવ્યા.

પછી તો કુમુદચંદ્ર સ્વામીની પ્રખર શાસ્ત્રજ્ઞ તરીકે એટલી બધી નામના વધી ગઈ કે લોકોએ તેમને "સિદ્ધસેન દિવાકર"નું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બિરૂદ આપ્યું, જે નામથી આજપર્યંત તેઓ જૈન-જગતમાં પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે આપણને પ્રાયશ્ચિતમાંથી એક ઉત્તમ પ્રકારનું સ્તવન પ્રાપ્ત થયું. તેના ઘણા ભાવ શ્રી ભક્તામર સ્તોત્ર જેવા જ છે. જો કે શ્રી ભકતામર સ્તોત્રની રચના આ સ્તોત્રની રચના પછી ઘણા વર્ષ પછી થઈ છે. બંને તત્ત્વજ્ઞ આચાર્યો સેંકડો વર્ષ પછી થયા હોવા છતાં આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરે પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર દ્વારા અને આચાર્યશ્રી માનતુંગાચાર્યે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની શ્રી ભકતામર સ્તોત્ર દ્વારા જે અત્યંત ભકિતભાવ વિભોર વાણીથી અદ્ભૂત શબ્દ પ્રયોગો કરીને રૂડા ભાવે સ્તવના કરીને ભાવનું સુંદર મજાનું સામીપ્ય બતાવ્યું છે, તેથી આશ્ચર્ય પામવા જેવું નથી કારણ કે દરેક તીર્થંકર ભગવાનના ગુણો અપરંપાર હોવા છતાં સમાન જ હોવાથી ભકત હૃદયની સરવાણી જુદા જુદા શબ્દોથી વ્યકત થવા છતાં ભાવથી તો સમાન જ રહે છે અને તેથી જે કોઈ કોઈ પણ સ્તવનની સ્તુતિ કરે છે તેને સરખું ફળ જ મળે છે.

卐

આ પુસ્તિકા પ્રભુ સ્તુતિની છે.
તેની આશાતના કોઈ પ્રકારે થવા દેશો નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

પાર્શ્વો દુઃખવિદારકસ્ત્રિભુવને પાર્શ્વં શ્રયન્તે સુરાઃ
પાર્શ્વેનાઽભિહતં કષાયકટકં, પાર્શ્વાય તસ્મૈ નમઃ ।
પાર્શ્વાત્પ્રાપ્ત સુખં ભુજંગયુગલં, પાર્શ્વસ્ય ધૈર્યં મહત્
પાર્શ્વેધ્યાનરતો લભેચ્છિવપદં, હે પાર્શ્વ! વૈ પાહિનઃ॥

**પહેલો ભવ :**

એક સમયે આ જંબુદ્વિપના ભરત ક્ષેત્રને વિષે પોતનપુર નામનું નગર હતું. તેમાં અરવિંદ નામે રાજા હતો. તેને વિશ્વભુતિ નામે એક બ્રાહ્મણ પુરોહિત મંત્રી હતો. તે જૈનધર્મ પાળતો હતો. તે પુરોહિતને અનદ્ધારા નામની સ્ત્રીથી કમઠ અને મરૂભુતિ નામે બે પુત્રો થયા. તેમાં નાનો વિષયથી વિમુખ થઈ પૌષધશાળામાં મુનિઓની સાથે ઘણોકાળ ગાળતો ને તેથી સમકિત પામેલો જ્યારે મોટો ભાઈ કમઠ દુરાચારી હતો.

વિશ્વભુતિ પુરોહિત કાળ પામતાં અરવિંદ રાજાએ મરૂભુતિને યોગ્ય જાણી રાજ્યનો મંત્રી બનાવ્યો, આથી કમઠ ઈર્ષાગ્નિથી બળી ઉઠયો. પણ રાજા તેના લક્ષણ જાણતા હતા તેથી મંત્રીપદ મેળવવાનું તો શક્ય ન હતું. પણ મંત્રીના મોટાભાઈ તરીકે તેણે નગરમાં દુરાચાર આદરવા માંડયો. મરૂભુતિ પાસે ફરિયાદો આવતી. પણ પોતે અત્યંત વિનયી હતો તેથી મોટાભાઈને કંઈ કહી શકતો નહિ. આ ભલમનસાઈનો ગેરલાભ ઉઠાવી, એકવાર મરૂભુતિ રાજ્યના કંઈ કામે બહારગામ ગયેલ, ત્યારે કમઠે મરૂભુતિની પત્ની સાથે દુરાચાર સેવ્યો. મરૂભુતિ ઘરે આવતા આ વાતની જાણ થઈ, તેથી હવે સહન ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થતાં રાજાને નિવેદન કર્યું. રાજા આથી ક્રોધે ભરાયો અને કમઠને ગધેડા પર બેસાડી સારાયે નગરમાં ફેરવી દેશનિકાલ કર્યો.

કમઠ લજ્જાથી શરમીંદો બની તાપસ બની ગયો. અને જંગલમાં રહી અજ્ઞાન તપ તપવા લાગ્યો. આ સમાચાર જાણી મરૂભુતિ કમઠને મળવા રાજાની આજ્ઞા લેવા ગયો. પણ રાજાએ ત્યાં ન જવાની સલાહ આપી. પછી તેનો અત્યંત ભાવ જોઈ રજા આપી ને સાવધાન રહેવા કહ્યું.

મરૂભુતિ જ્યારે કમઠને મળવા ગયો. ત્યારે કમઠ તાપસ એક હાથમાં મોટો પત્થર ઉપાડી હાથ ઉંચો રાખી તપસ્યા કરી રહ્યો હતો. મરૂભુતિ તો ભાઈને જોતાંવેંત પશ્ચાત્તાપપૂર્વક ભાઈને ખમાવતો, બે હાથ જોડી ચરણમાં વંદન કરવા ગયો. ત્યારે કમઠ તાપસના અંતઃકરણમાં તો પોતાની થયેલી વિડંબના યાદ આવી. તેના હૃદયમાં મરૂભુતિ પ્રત્યે અત્યંત ગુસ્સો ભારેલો હતો. તે ઉકળી ઉઠયો ને વંદન કરી રહેલા નાના ભાઈના મસ્તક પર હાથમાં રહેલી ભારે શીલા જોરથી મારી. તેથી આર્તધ્યાને મૃત્યુ પામી સમકિત વમી મરૂભુતિનો જીવ વિંધ્યાચળ પર્વતમાં હાથી પણે ઉત્પન્ન થયો.

**બીજો ભવ :**

મરૂભુતિના આવા દુઃખદ મૃત્યુના સમાચાર જાણી અરવિંદ રાજાને દુઃખ થયું. પછી એક વાર આકાશમાં જામેલા ઘટાટોપ વાદળાઓને એકાએક નષ્ટ થતાં જોઈ, રાજાને સંસારનું સ્વરૂપ આવું ક્ષણિક છે તેમ સમજાયું. તેથી વૈરાગ્યવાસિત બની તેમણે દીક્ષા લીધી. તેમણે સાગરદત્ત શેઠને ઉપદેશ આપી. મિથ્યાત્વ છોડાવી જૈન ધર્મી બનાવ્યો. એક દિવસ તે સાગરદત્ત શેઠ વેપાર–અર્થે સાર્થ લઈ ને પરદેશ જતો હતો. તેથી રોજ ધર્મબોધ સાંભળવા અરવિંદ મુનિને પણ સાથે લીધા. માર્ગમાં વિંધ્યાચળ અટવી–આવતા અરવિંદ મુનિને 'મરુભુતિ' હાથીનો ભેટો થયો. પોતાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્ઞાનથી મરૂભુતિને ઓળખી તેનો પાછલો ભવ કહી સદ્બોધ પમાડી શ્રાવક બનાવ્યો. (૨)

**ત્રીજો ભવ :**

હવે કમઠનો જીવ મરીને પોતાના કુકર્મોથી સર્પ થયો અને તે પણ તેજ વિંધ્યાચળ પર્વતની અટવીમાં. તે સર્પે એક વાર હાથીને જોતાં પૂર્વ ભવના વેરના કારણે જોસથી ડંખ દીધો. પણ હાથીનો જીવ હવે શ્રાવક બન્યો હોવાથી શુભ ધ્યાને મૃત્યુ પામી સહસ્રાર દેવલોકે દેવ થયો. (૩)

અને સર્પ બનેલો કમઠ મૃત્યુ પામી પાંચમી નારકીમાં ઉત્પન્ન થયો.

**ચોથો ભવ :**

મરૂભુતિનો જીવ સહસ્રાર દેવલોકથી ચ્યવીને વિદ્યુતગતિ નામે ખેચરપતિ હતો તેની કનકતિલકા નામે પટરાણીની કુક્ષીથી પુત્રપણે જન્મ્યો. તેનું નામ 'કિરણવેગ' પાડયું. કિરણવેગ મોટો થતાં તેને કિરણતેજ નામે પુત્ર થયો. તેને ગાદીએ બેસાડી પોતે દીક્ષા લીધી; ને તે બાજુના પ્રદેશમાં વિચરવા લાગ્યા. (૪)

**પાંચમો ભવ :**

કમઠનો જીવ પાંચમી નારકીમાંથી નીકળી હિમગિરીની ગુફામાં મોટો સર્પ થયો. તે સર્પે એકદા કિરણવેગ મુનિને જોયા. તેથી તત્કાળ પૂર્વ-વૈરના કારણે ડંશ દીધો. મુનિ તો પોતાનો ઉપકારી જાણી જરાપણ રોષ ન આણતાં અનશન ગ્રહણ કરીને કાળ પામ્યા ને બારમા દેવલોકે બાવીશ સાગરોપમ આયુષ્યવાળા દેવ થયા.

પેલો સર્પ એકવાર દાવાનળમાં બળી જઇ ફરી નારકીમાં ઉત્પન્ન થયો. (૫)

**છઠ્ઠો ભવ વજ્રનાભ :**

બારમા દેવલોકથી ચ્યવીને મરૂભુતિનો જીવ છઠ્ઠા ભવમાં જંબુ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દ્વિપના પશ્ચિમ મહાવિદેહમાં શુભંકરા નામની નગરીને વિષે વજ્રવિર્ય રાજાની લક્ષ્મીવતિ રાણીની કુક્ષીથી પુત્ર પણે અવતર્યો. તેનું નામ વજ્રનાભ પાડયું. મોટા થતા તેણે ક્ષેમંકર જીનેશ્વર ભગવંત પાસે દીક્ષા લીધી; ને વજ્રનાભ મુનિ બન્યા. (૬)

**સાતમો ભવ :**

કમઠનો જીવ છઠ્ઠી નરકેથી નીકળીને સુકચ્છ વિજયમાં કુરંગક નામે ભીલ થયો. વજ્રનાભ મુનિ એક વેળા વિચરતાં વિચરતાં તે વિજયમાં આવી ચડ્યા. ત્યારે આ કુરંગક ભીલ હાથમાં ધનુષ-બાણ લઈ શિકાર અર્થે નીકળ્યો હતો. મુનિ સામા મળતા કુરંગકે અપશુકન થયા જાણી મુનિને બાણ માર્યું. મુનિ તો મારણાન્તિક ઉપસર્ગ આવ્યો જાણી, અનશન ગ્રહણકરી સર્વ જીવોને ખમાવી મુત્યુ પામી ગ્રવેયક દેવલોકમાં લલિતાંગ નામે પરમાર્ધિક દેવ થયા. (૭)

**આઠમો ભવ સુવર્ણબાહુ ચક્રવર્તી ને મુનિ :**

લલિતાંગ દેવલોકથી ચ્યવી મરૂભુતિનો જીવ જંબુદ્વિપમાં પૂર્વ વિદેહને વિશે પુરાણપુર નગરના કુલીશબાહુ નામના રાજાની સુદર્શના નામે રાણીના ઉદરે અવતર્યો. તેનું નામ સુવર્ણબાહુ પાડયું. અનુક્રમે યૌવન વય પામ્યો.

એક વખતે એક વક્ર અશ્વ સુવર્ણબાહુકુમારને ઘણે દૂર લઈ ગયો. પણ પુણ્યશાળી પુરૂષને કશી તકલીફ આવતી નથી. તે તો ત્યાંના રત્નપૂરના ખેચરેન્દ્રની પદ્માવતી નામે કન્યાને પોતાના પરાક્રમથી પરણ્યો. ત્યાંથી વૈતાઢ્યગિરિ ઉપર રત્નપુર નગરના અનેક વિદ્યાધરોની પુત્રીઓને પરણ્યો ને બધી કન્યાઓને લઈને પોતાના નગરે પાછો આવ્યો. આમ રાજ કરતા એક વખત તેની આયુધશાળામાં ચક્રરત્ન ને બીજા તેર મળી ચૌદ રત્ન ઉપજયા. તેણે ચક્રના માર્ગને અનુસરી છ ખંડ પૃથ્વી સાધી. ઘણા વર્ષ રાજ કરી શ્રી જગન્નાથ તીર્થંકર પાસે દીક્ષા લીધી. પછી અર્હંત ભક્તિ આદિ કેટલાક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થાનકોની આરાધના કરી તે સુવર્ણબાહુ મુનિએ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કર્યું.

**નવમો ભવ :**

હવે પેલો કુરંગક ભીલ નરકમાંથી નીકળી એક પર્વતની ચાટીમાં સિંહ થયો. સુવર્ણબાહુ મુનિ વિહાર કરતા કરતા તે જ પર્વત પર કાઉસગ્ગ ધ્યાને રહ્યા. તેવામાં પેલો સિંહ આ મહર્ષિને જોઈ પૂર્વ જન્મના વેરથી મૂખને ફાડતો, પુંછડાને પછાડતો, ગર્જના કરતો મુનિ પર ધસી આવ્યો. મુનિએ ગર્જના સાંભળી, તેને દૂરથી આવતો જાણી, ઉપસર્ગ જાણી ચૌવીહારના પચ્ચખાણ કરીને સાગારી સંથારો પચ્ચખી લીધો. આલોચના કરી પ્રાણીમાત્રને ખમાવ્યા અને સિંહના ઉપર મનમાંય જરાપણ રોષ લાવ્યા વગર ધર્મ ધ્યાનમાં ફરી સ્થિર થઈ ગયા. પછી કેસરીસિંહે ફાડી ખાધેલા તે મુનિ કાળ કરીને **દશમા દેવલોકમાં** મહાપ્રભા નામના વિમાનને વિષે ઉત્પન્ન થયા.

પેલો સિંહ મૃત્યુ પામી ચોથી નરકે ગયો. ત્યાંથી નીકળી કોઈ ગામડાને વિષે ગરીબ બ્રાહ્મણને ત્યાં પુત્ર પણે અવતર્યો. તેનો જન્મ થતાં જ એવો ભારે કર્મી જીવ કે તેના માતા પિતા, ભાઈઓ વિગેરે સઘળા સ્વજનો મૃત્યુ પામી ગયા. લોકોએ તેને કષ્ટે કરીને જીવાડયો આથી તેનું નામ ' કમઠ ' એવું પડી ગયું. તે મોટો થયો તો પણ તેની દુઃખી હાલત મટી નહિ તેથી તે તાપસ બની ગયો. (૯)

**દશમો ભવ પાર્શ્વનાથ પ્રભુ**

સુવર્ણબાહુનો જીવ કાશી–વારાણસી નગરીમાં ઈક્ષ્વાકુ વંશને વિષે અશ્વસેન રાજાની વામાદેવી નામે પટરાણીની કુખે ચૈત્ર સુદી ચૌદશે વિશાખા નક્ષત્રે પ્રાણત દેવલોકથી ચ્યવીને પુત્રપણે અવતર્યો. તે સમયે વામાદેવી માતાએ ચૌદ મહા–સ્વપ્નો જોયા. સવાર થતાં રાણીએ રાજાને વાત કરી, રાજાને ઘણો હર્ષ થયો અને સ્વપ્ન પાઠકોને બોલાવી તેનુ ફળ પૂછયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વપ્ન પાઠકોએ એકીમતે કહ્યું : મહારાજા ! તમારે ત્યાં ત્રિભુવનને પણ પુજ્ય એવા પનોતા પુત્રની પધરામણી થશે.

અનુક્રમે પોષ વદી દશમે અનુરાધા નક્ષત્રમાં વામાદેવી માતાએ **સર્પના લાંછનવાળા નીલવર્ણા પુત્રને જન્મ આપ્યો.** તત્કાળ ૫૬ દિશાકુમારીઓએ આવી સુતિકા કાર્ય કર્યું. ઈંદ્રાદિક દેવોએ મેરૂ પર્વત પર પ્રભુને લઈ જઈ જન્માભિષેક કર્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાએ એક વાર કૃષ્ણ પક્ષની રાત્રીએ પડખે થઈને એક સર્પને જતાં જોયો હતો. તેથી પિતાએ તેમનું **'પાર્શ્વકુમાર'** એવું નામ પાડયું.

અનેક ધાત્રીઓથી પાલન કરાતા પ્રભુ દિવસે દિવસે મોટા થવા લાગ્યા. ત્યારે તેમની કીર્તિ સાંભળી કુશસ્થળી નગરીના પ્રસન્નજિત નામે રાજાએ પોતાની પ્રભાવતી નામે પુત્રી પરણાવવાનો વિચાર કર્યો. તે વખતે કલિંગાદિ દેશના યવન નામે અતિ બળવાન રાજાએ આ વાત સાંભળી ભરસભામાં કહ્યું “ મારા બેઠા પ્રભાવતીને પરણનાર પાર્શ્વકુમાર કોણ છે ? ” આ પ્રમાણે કહી લાવ–લશ્કર સાથે પ્રસન્નજિત રાજા ઉપર ચડાઈ કરી. કુશસ્થલ નગરે આવતા અશ્વસેન રાજાને ખબર પડતા લશ્કર ભેગુ કરી અશ્વસેન રાજાએ પ્રસન્નજિત રાજાની મદદે જવાનો નિર્ણય કર્યો. પાર્શ્વકુમારને જાણ થવાથી પોતે મદદે જશે એમ પિતાને આગ્રહપૂર્વક કહી, લશ્કર લઈ કુશસ્થલ જવા નીકળ્યા. પાર્શ્વકુમાર મદદે આવ્યાના ખબર જાણી તેમના પ્રભાવથી રાજા શરણે આવ્યો. અને પ્રસન્નજિત રાજાએ પોતાની પ્રભાવતી કુંવરીને પાર્શ્વકુમાર વેરે પરણાવી.

એક દિવસ વામાદેવી માતા ગોખમાં બેઠા હતા. તેવામાં નગરજનોને ફુલ વગેરે પૂજાની સામગ્રી લઈને જતા જોવાથી દાસીને પુછયું “ આ લોકો કયાં જાય છે ? ” ત્યારે જાણ્યું કે નગરની બહાર કમઠ નામે એક તાપસ આવ્યો છે. તે પંચાગ્નિ તપ તપે છે. તેથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેની પૂજાનેદર્શન કરવા બધા જાય છે. આ સાંભળીને રાણીને પણ દર્શ કરવા જવાનું મન થયું. પાર્શ્વકુમારને સાથે લઈ બધા દર્શને ગયા

પાર્શ્વકુમાર તો જન્મથી જ ત્રણ જ્ઞાનના ધણી હતા. ધર્મનો ઉદ્યોત થશે એમ જાણી માતાજીની સાથે ગયા છે. અને યજ્ઞના મોટા કાષ્ટમાં નાગ-નાગણીને બળતા જોયા છે. તેથી કામઠ તાપસને આવો હિંસામય અજ્ઞાન તપ ન કરવા સદુપદેશ આપ્યો. ત્યારે તે તાપસે કહ્યુ " કુમાર તમે આમાં કાંઈ ન સમજો. તમે ઘોડા ખેલાવી જાણો આ પંચાગ્નિ તપ તપવામાં હિંસા કયાં આવી ?

આ સાંભળી પાર્શ્વકુમારે તો સેવકને આજ્ઞા કરી પેલું મોટું કાષ્ટ અગ્નિમાંથી બહાર કઢાવ્યું અને લોકોના દેખતા ફડાવ્યું તો અંદરથી દાઝેલા નાગ-નાગણી નીકળ્યા. પ્રભુએ તેમને નવકાર મંત્ર સંભળાવી સદ્દગતિ અપાવી, તે તત્કાળ મૃત્યુ પામ્યા ને નવકાર મંત્રના પ્રતાપે ધરણેંદ્ર નામે ઈન્દ્ર અને પદ્માવતી નામે તેની દેવી થયા.

કમઠ તાપસ તો આ જોઇ ઝંખવાણો પડી ગયો. ત્યાંથી ચાલ્યો ગયો. પણ વિશેષ તપ કરી કાળના સમયે કાળ પામી મેઘ-માળી નામે ભુવનવાસી દેવની મેઘ નિકાયમાં દેવ થયો.

પોતાના ભોગાવલી કર્મો ભોગવાઇ ગયેલ જાણી પાર્શ્વપ્રભુએ દીક્ષા લેવાનો વિચાર કર્યો તે સમયે લોકાંતિક દેવોએ અવસર જાણી પ્રભુને પ્રાર્થના કરી કે " હે સ્વામી ! તીર્થ પ્રવર્તાવો. "

પછી પાર્શ્વકુમારે સંવત્સરી દાન આપવાની શરૂઆત કરી. વરસીદાનને અંતે પોષ વદી ૧૧ સે અનુરાધા નક્ષત્રમાં આશ્રમપદ નામના ઉદ્યાનમાં આવી અઠ્ઠમ તપ કરીને દીક્ષા લીધી. તે વખતે તેમને ચોથું મનપર્યવ જ્ઞાન ઉપજ્યું. બીજા દિવસે કોપકટ નામના ગામમાં ધન્ય નામે ગૃહસ્થને ઘેર પ્રભુએ ખીરથી પારણું કર્યું. ત્યાં દેવતાઓએ પંચ દિવ્યો પ્રગટ કર્યા. પ્રભુ ત્યાંથી વિચરતા વિચરતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોઈ નગરની પાસે આવેલા તાપસના આશ્રમ સમીપ આવ્યા. ત્યાં સૂર્ય આથમવાથી એક–વડ નીચે જગદ્‌ગુરૂ કાયોત્સર્ગે રહ્યા.

તે સમયે કમઠ તાપસનો જીવ જે મેઘમાળી નામે દેવ થયો છે. તેણે અવધિજ્ઞાનથી જાણ્યું કે પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહેલા છે. તેથી પૂર્વના વેરભાવના કારણે ત્યાં આવ્યો અને પ્રભુને કલ્યાણ મંદિર સ્તોત્રની ૩૧, ૩૨, ને ૩૩મી ગાથા અનુસાર ઉપસર્ગો દેવા લાગ્યો. મુસળધાર મેઘ વરસાવવાના કારણે જ્યારે પાણી નાસિકાના અગ્રભાગ સુધી પહોંચ્યું છતાં પ્રભુ ડગ્યા નહિ ત્યારે ધરણેન્દ્રનું આસન ચલાયમાન થયું. અવધિજ્ઞાનથી ધરણેન્દ્રે જાણ્યું કે મેઘમાળી નામનો દેવ પ્રભુને ઉપસર્ગ આપે છે. તેથી તે તુરત જ પ્રભુ પાસે આવ્યો અને નમન કરીને પ્રભુના ચરણ નીચે કેવળી પ્રભુના આસન જેવું લાંબી નાળવાળુ એક સુવર્ણ કમલ વિકુર્વ્યું અને પોતાની કાયા વડે પ્રભુની પીઠ તથા પડખાને ઢાંકી દઈ પોતાની સાત ફણા વડે પ્રભુના માથે છત્ર ધર્યું. ધરણેન્દ્રની દેવી પદ્માવતીએ અન્ય દેવીઓ સાથે પ્રભુસમીપે ગીત તથા નૃત્યો કરવા શરૂ કર્યાં.

પછી નાગરાજ ધરણેન્દ્ર કોપથી મેઘમાળીને કહેવા લાગ્યો “ હે દુષ્ટ આ તેં શું આદર્યું છે? પ્રભુએ જ્યારે તારા પર નિષ્કારણ કરૂણા કરી તને પાપ કરતા અટકાવ્યો તે ઉપકારને બદલે અપકાર કરવાને તૈયાર થયો છે? તારી અજમાવેલી બધી શક્તિ નિષ્ફળ ગઈ છે માટે સમજીને આ ઉપદ્રવો દૂર કર નહિતર તું પોતે બચીશ નહિ. ”

આ ઠપકો સાંભળી મેઘમાળીએ નીચે જોયું તો ધરણેંદ્રથી સેવિત એવા પ્રભુ પાર્શ્વનાથને અડગપણે ધ્યાનમાં જોયા. તેથી તેણે વિચાર્યું કે આ પ્રભુ એવા બલિષ્ઠ છે કે એક મુષ્ટીથી પર્વતને પણ ચૂર્ણ કરવા સમર્થ છે. તથાપિ એ કરૂણાના ભંડાર હોવાથી મને ભસ્મીભૂત કરતા નથી. પણ ધરણેંદ્રથી મને ભય છે. આ ત્રિલોકી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નાથનો અપકાર કરી હું કોને શરણે જઈશ ? એમ વિચારી તત્કાળ જળ વિગેરે ઉપદ્રવો સંહરી પ્રભુના ચરણોમાં નમી પડયો અને સ્તુતિ કરી પોતાના અપરાધની માફી માગી પોતાના સ્થાનકે ચાલ્યો ગયો.

ભગવાન અનુક્રમે વિહાર કરતા પાછા આશ્રમપદ ઉદ્યાનમાં આવી ધાતકી વૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં સંયમ લીધાને ચોરાસી દિવસો પૂરા થતાં ચૈત્ર માસની વદી ૧૪ ના વિશાખા નક્ષત્રમાં પ્રભુએ ચારે ઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાન પ્રગટાવ્યું; ત્યારે ત્યાં દેવોએ સમવસરણની રચના કરી, પ્રભુનો કેવળ મહોત્સવ ઉજવ્યો. એટલે પ્રભુએ પ્રથમ દેશના દીધી. પ્રભુની દેશના કદી નિષ્ફળ જતી નથી. દેશના સાંભળી ઘણા ભવ્ય જીવો બુઝયા અને પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુના માતપિતાએ પણ નાના પુત્રને રાજગાદીએ બેસાડી દીક્ષા ગ્રહણ કરી,

પાર્શ્વ પ્રભુના તીર્થમાં પાર્શ્વનામે યક્ષ અને પદ્માવતી નામે યક્ષણી શાસન દેવતા થયા. ત્યાંથી વિહાર કરતા પ્રભુ અનેક ગ્રામ નગરોમાં વિચરવા લાગ્યા.

પ્રભુએ પૃથ્વી તળમાં વિહાર કરતાં સાગરદત્ત બંધુદત્ત વિગેરે ઘણા જનોને તેમના પૂર્વ ભવના વૃતાંત કહી દીક્ષા આપી. પ્રભુને સોળ હજાર સાધુઓ, આડત્રીસ હજાર સાધ્વીઓ, ત્રણ સો પચાસ ચૌદ પૂર્વધારી, એક હજાર અને ચારસો અવધિજ્ઞાની, સાડા સાતસો મનપર્યવજ્ઞાની, એક હજાર કેવળ જ્ઞાની અગીયારસો વૈક્રિય લબ્ધિવાળા, છસો વાદ લબ્ધિવાળા, એક લાખને ચોસઠ હજાર શ્રાવકો અને ત્રણ લાખને સિત્તોતેર હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

પછી પોતાનો નિર્વાણ સમય જાણી પાર્શ્વ પ્રભુ સમેતશીખર જીએ પધાર્યા. ત્યાં બીજા તેત્રીસ મુનિઓ સાથે ભગવંતે અનશન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગ્રહણ કર્યું. અનશનને અંતે શ્રાવણ સુદ ૮ મે વિશાખા નક્ષત્રમાં જગદ્‌ગુરુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ૩૩ મુનિઓ સાથે મોક્ષપદને પામ્યા.

ગૃહસ્થાવાસમાં ત્રીસ વર્ષ અને સંયમ સીતેર વર્ષ એમ કુલ ૧૦૦ વર્ષનું આયુષ્ય, પાર્શ્વનાથ પ્રભુએ ભોગવ્યું. શ્રી નેમનાથ ભગવાનના નિર્વાણ પછી ૮૩૭૫૦ વર્ષ વીત્યા બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુ મોક્ષે પધાર્યા. તે વખતે શક્રાદિક ઈન્દ્રો દેવતાઓને લઈ સમેત શિખર પર આવ્યા અને અધિક શોકાતુર પણે તેમણે પાર્શ્વનાથ પ્રભુનો નિર્વાણ મહોત્સવ કર્યો.

ત્રણ જગતને વિષે પવિત્ર એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરિત્રને જેઓ શ્રદ્ધાપૂર્વક સાંભળે છે, તેઓની વિપત્તિઓ દૂર થાય છે અને દિવ્ય સંપત્તિઓ પામીને છેવટે પરમ પદને પણ પામે છે. એમ આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર આપણને પ્રતિતિપૂર્વક શ્રી કલ્યાણ મંદિર સ્ત્રોત્રની છેલ્લી બે ગાથાથી કહે છે.

આપણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનુ રૂડા ભાવથી સદા સર્વદા સ્તવન કરીએ એજ અભ્યર્થના.

卐

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી. પાર્શ્વનાથ પ્રભુના દશ પૂર્વ ભવોનું સ્તવન

શ્રી. પાર્શ્વપ્રભુના ગુણ રે ગાવો,
મનમંદિરીયે પ્રભુજી પધરાવો;
પધરાવી શુદ્ધ ધ્યાને ધ્યાવો,
ધ્યાવીને શિવપુરી જાવો.........ટેક

પહેલે ભવ મરૂભૂતિ કહાવે,
સમ્યગ્–રત્ન દિલ વસાવે,
ખમાવા નિજ ભાઈને જાવે,
ધરી સમતા મૃત્યુને પાવે રે...શ્રી. પાર્શ્વ. ૧

ભવ બીજે હસ્તિનો ધારી,
જિનધર્મ પામ્યા સુખકારી;
સર્પે ડંખ દીધો દુઃખકારી,
અવતરીયા સ્વર્ગ મોઝારી રે...શ્રી. પાર્શ્વ. ૨

ચોથે ભવ વિદ્યાધર થાવે,
સુખ ભોગી વિરતિને પાવે;
બની અણગાર ધ્યાનને ધ્યાવે,
ઝેરી ભુજંગ ડસવા આવે રે...શ્રી. પાર્શ્વ. ૩

ઉરે સમતા અજબ વસાવી.
બારમા સુરલોકે સીધવી;
ત્યાંથી ચ્યવી વિદેહમાં આવી,
છઠ્ઠો ભવ વજનાભ સોહાવી રે...શ્રી. પાર્શ્વ. ૪

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણી અસાર આ સંસાર,
પહેર્યા સંયમ—ચાર મનોહાર;
ભીલે નાખ્યુ તીર તેણીવાર,
મુનિ મનમાં ધીરજ અપાર રે...શ્રી. પાર્શ્વ. ૫

ક્ષમાયોગી ગ્રૈવેયક જાવે,
ભવ સાતમો એણીપરે આવે,
મહાવિદેહે તિહાંથી જાવે,
ચક્રવર્તિની પદવી પાવે રે...શ્રી. પાર્શ્વ. ૬

ભોગ વૈભવ બહુ વિલાસે,
સુવર્ણબાહુ ચક્રી ઉલ્લાસે;
ક્રમે કરી વિરતિ દિલ ભાસે,
ગ્રહે દીક્ષા જિનજીની પાસે રે...શ્રી. પાર્શ્વ. ૭

ધન્ય ચક્રી વ્રતો મન ધરતા,
ધ્યાન ધરીને તપસ્યા કરતા;
કેઈ ભવ્યજીવોને ઉદ્ધરતા,
જિનનામ નિકાચિત કરતા રે...શ્રી. પાર્શ્વ. ૮

આવે વનરાજ ત્યાં વેર સંભારી,
કરે મુનિવરની હત્યા ભારી;
ભવ નવમે સ્વર્ગ અવતારી,
પહોંચ્યા મુનિવર સમતાધારી રે...શ્રી. પાર્શ્વ. ૯

ચ્યવી ત્યાંથી વારાણસી આયા,
દશમે ભવે પ્રભુ પાર્શ્વ કહાયા:
અશ્વસેન રાય કુલ દિપાયા,
જય જય જય જયકાર બજાયા રે...શ્રી. પાર્શ્વ. ૧૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વામામાતાના લાડકવાયા,
ક્રમે કરી યૌવનને પાયા;
નામ ઉદ્ધરી મંત્ર સુનાયા,
બંધન તોડી સુપંથ સિધાયા રે...શ્રી. પાર્શ્વ. ૧૧
સીત્તોર વર્ષ સુસંયમ પાળી,
અનંત જન્મોના પાપ પખાળી;
ઘનઘાતી કર્મોને બાળી,
વરીયા શિવવધુ લટકાળી રે...શ્રી. પાર્શ્વ. ૧૨
એમ દસ ભવ ટુંકમાં કીધા,
આનંદ અમૃત ઉરમાં પીધાં
પ્રભુ ગુણ ગાઈ કારજ સીધાં,
જાણે મુક્તિ તણા સુખ લીધા રે...શ્રી. પાર્શ્વ. ૧૩
જે સદા સમરશે, પ્રીતે પ્રભુ પાર્શ્વને,
સર્વે પાપો પ્રજાળી તે, વરશે શીઘ્ર શિવલક્ષ્મીને. ૧૪

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્માનુરાગી પિતાશ્રી
સ્વ. છગનલાલ ચતુરભાઈ શેઠ



જન્મ
સંવત : ૧૯૪૨
વૈશાખ શુદ ૭
ઈ. સ. ૧૮૮૬

સ્વર્ગવાસ
સંવત : ૨૦૨૭
ચૈત્ર શુદ ૬
તા. ૧-૪-૧૯૭૧

ને
સમર્પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત્સલ્યમૂર્તિ માતુશ્રી
સ્વ ડાહીબાઈ છગનલાલ શેઠ



જન્મ
સંવત : ૧૯૪૭
કારતક શુદ ૧૫
(કાર્તકી પૂનમ)

ને
સમર્પણ

સ્વર્ગવાસ
સંવત : ૨૦૨૨
માહ વદ ૧૪
(મહાશિવરાત્રી)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર

(વસંતતિલકા વૃત)

કલ્યાણ–મન્દિર–મુદાર–મવદ્ય–ભેદિ,
ભીતાભય–પ્રદમ નિન્દિતમંઘ્રિપદ્મમ્ ।
સંસાર–સાગર–નિમજ્જ–દશેષજન્તુ—
પોતાયમાન–મભિનમ્ય જિનેશ્વરસ્ય ॥ ૧ ॥

યસ્ય સ્વયં સુરગુરૂ ગરિમામ્બુરાશે:
સ્તોત્રં સુવિસ્તૃત મતિર્ન વિભુર્વિધાતુમ્ ।
તીર્થેશ્વરસ્ય કમઠ–સ્મય ધૂમકેતોસ્
તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે ॥ ૨ ॥

**અન્વય : એષ (એવો) અહં જિનેશ્વરસ્ય કલ્યાણ મંદિરં ઉદારં અવદ્ય (પાપ) ભેદિ, ભીત–અભય–પ્રદ, અનિન્દિતં, (અનિંદનીય અર્થાત્ નિર્દોષ) સંસાર સાગર નિમજ્જત્ (ડૂબેલા), અશેષ (સર્વ) જન્તુ (જીવ) પોતાય માનં (તારનાર) અંઘ્રિપદ્મં (ચરણકમળ) અભિનમ્ય (રૂડાભાવથી નમીને) યસ્ય ગરિમા (મહિમા) અમ્બુરાશે: (સમુદ્ર) કમઠ સ્મય (કમઠનો ગર્વ) ધૂમકેતો: (અગ્નિ) તીર્થેશ્વરસ્ય સ્તોત્રં વિભુ: (સમર્થ) ન વિધાતું તસ્ય સંસ્તવનં કિલ (ખરેખર) કરિષ્યે. ॥ ૧–૨ ॥**

**અર્થ :** કલ્યાણના ભંડાર, ઇચ્છિત વસ્તુ આપવામાં ઉદાર, (અશુભ કર્મરૂપી) પાપોનો નાશ કરનાર, (જન્મ મરણના દુ:ખોથી) ભય પામેલાને અભયદાનના દેનાર, અને સંસાર સાગરમાં ડૂબી રહેલા સર્વ જીવોને તારનાર એવા જે શ્રી જિનેશ્વર ભગવાનના નિર્દોષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચરણકમળને રૂડા ભાવથી વંદન નમસ્કાર કરીને; જેમના સાગર સમાન વિશાળ મહિમાની સ્તુતિ કરવાને કુશાગ્ર બુદ્ધિવાળા દેવોના ગુરુ બૃહસ્પતિ પોતે પણ સમર્થ નથી, અને જે ભગવંત કમઠ નામે દેવના ગર્વને ભસ્મીભૂત કરવામાં અગ્નિસમાન રહેલા છે. તે પ્રભુની હું ખરેખર રૂડી સ્તુતિ કરીશ જ. ॥ ૧–૨ ॥

**પરમાર્થ :** પ્રથમની આ બે ગાથામાં શ્રી ભક્તામર સ્તોત્રની જેમ જ જિનેશ્વર ભગવંતને સંસાર સાગરમાં ડૂબી રહેલા જીવોના એક માત્ર તારનારા કહીને રૂડી ભાવાંજલિ મંગલાચરણ રૂપે આપી છે.

'કલ્યાણ મંદિર' શબ્દનું પ્રયોજન પણ 'ભક્તામર' શબ્દની જેમજ અત્રે બહુ રૂડા અર્થમાં કર્યું છે. આચાર્યશ્રી એમ કહેવા માગે છે કે જે કોઈ રૂડાભાવથી પાર્શ્વ પ્રભુને વંદન નમસ્કાર કરશે તે જીવનું એકાંતે કલ્યાણ જ થશે; આ લોકમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પામશે અને પરલોકમાં સુગતિ. જિનેશ્વર ભગવાન આવા એકાંત કલ્યાણના કરનારા હોવાથી તેમને અત્રે 'કલ્યાણના મંદિર' કહ્યા.

અત્રે પણ 'અભિનમ્ય' અને 'સંસ્તવન' કહીને ભક્તામરના 'સમ્યક્ પ્રણમ્ય'ની જેમજ સ્તવનની શરૂઆતથી જ 'રૂડા ભાવ' અર્થાત્ સમકિત ઉપર શરૂઆતથી જ ભાર મુકયો છે. જૈનધર્મમાં સમકિતને મોક્ષ દેનારી કહી છે તેથી 'બોધબીજ' કહેવાય છે. બીજનો ચંદ્ર નાની રેખા સમાન હોવા છતાં પૂજનીય છે, તે જ પ્રમાણે સમક્તિની લહેર પણ અનાદિના મિથ્યાત્વમાંથી જીવાત્માને બહાર કાઢનારી હોવાથી જૈનધર્મમાં મોક્ષના પાયારૂપ વંદનીય કહી છે. અજ્ઞાનરૂપી અનાદિના અમાવાસ્યાના મિથ્યાત્વરૂપી અંધકાર પછી, સમકિતરૂપી બોધબીજ જ્યારે જીવને પ્રગટે છે, ત્યારથી તે જીવના ભવ હવે ગણત્રીના બાકી રહે છે; અને જીવ પરિત સંસારી બની અવશ્ય ચરમ શરીરી હોય તો તે જ ભવે અને હજી ભવ બાકી હોય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો વધુમાં વધુ અર્ધ પુદ્દગલ પરાવર્ત કાળમાં મોક્ષે જાય છે. કેમ કે એકવાર બીજનો ચંદ્ર ઉગે પછી તે અવશ્ય પુર્ણિમાનો ચંદ્ર બને જ, તે જ પ્રમાણે જીવને એકવાર બોધબીજ પ્રગટે, પછી તે બીજ નિયમા કેવળજ્ઞાન રૂપી પૂર્ણિમા પ્રગટાવે જ. અને કેવળજ્ઞાન પ્રગટે એટલે જીવ મોક્ષે જ જાય.

આમ મોક્ષને પામવાનો અત્યંત સરળ માર્ગ–પ્રભુ ભક્તિનો અત્રે બતાવ્યો. નિશ્ચયથી તો જીવાત્મા પોતાના જ પુરૂષાર્થથી મોક્ષને મેળવે છે, પણ વ્યવહારથી જિનેશ્વર ભગવંતોનું, તેમના વીતરાગ માર્ગનું, અને તેમના માર્ગે વીચરતા સંતસતીજીઓનું અવલંબન પણ જીવને અત્યંત ઉપકારી નીવડે છે તે શ્રી બાહુબલિજીના દૃષ્ટાંતે.

જિનેશ્વર ભગવાનના ગુણો ગાવાને દેવોના ગુરુ બૃહસ્પતિ પણ સમર્થ નથી તેમ કહીને જિન–પ્રભુનું અત્યંત માહાત્મય બતાવ્યું.

કમઠ દેવના ગર્વને બાળનારા કહીને આ સ્તોત્ર ૨૩મા તીર્થંકર પ્રભુપાર્શ્વનાથની સ્તુતિ રૂપે રચવામાં આવ્યું છે તેમ અત્રે સ્પષ્ટ કર્યું. (જુઓ પૂર્વભવની કથા).

તીર્થંકર ભગવંતોને કલ્યાણના ધામ યથાર્થજ કહ્યા છે તે મોટી સાધુ વંદણાના અનેક મોક્ષગામી જીવોના અધિકારે.

હવે ત્રીજી ગાથાથી શ્રી ભકતામર સ્તોત્રની જેમજ આ સ્તોત્રમાં પણ પ્રથમના બે ચરણમાં પોતાનો હેતુ અને છેલ્લા બે ચરણમાં તે હેતુને સ્પષ્ટ કરતાં દૃષ્ટાંતો સુંદર ઉપમાઓ સાથે આપવામાં આવ્યા છે. ॥ ૧–૨ ॥

હવે ત્રીજી અને ચોથી ગાથાથી પોતાની લઘુતા અર્થાત્ નમ્રતા અને પ્રભુની મહત્તા બતાવે છે.

**સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ.**
**મસ્માદેશા: કથમધીશ ભવંત્યધીશા: ।**
**ધૃષ્ટોઽપિ કૌશિક શિશુર્યદિ વા દિવાન્ધો**
**રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મે: ॥ ૩ ॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અન્વય :** અધીશ ! અસ્માદ્દશા: સામાન્યત : અપિ તવ સ્વરૂપં વર્ણયિતું કથં અધીશા: (સમર્થ) ભવન્તિ, ધૃષ્ટ: અપિ કૌશિક (ઘુવડ) શિશુ: યદિ વા દિવાન્ધ: ધર્મ રશ્મે: (સૂર્યના ધર્મ=ગરમ અને રશ્મિ=કીરણ) રૂપં કિં કિલ પ્રરૂપયતિ? ॥ ૩ ॥

**અર્થ :** ઘુવડનું બચ્ચુ ગમે તેટલું ધૈર્યવાન હોય તોપણ દિવસે અંધ બની જતું હોવાથી સૂર્યનું સ્વરૂપ વર્ણવવાને સમર્થ થતું નથી. તેજ રીતે હે નાથ ! મારા જેવો (મંદમતિ) સામાન્ય પ્રકારે પણ આપના સ્વરૂપનું વર્ણન કરવાને શક્તિમાન કેમ બની શકે ? ॥ ૩ ॥

**પરમાર્થ :** અત્રે આચાર્યશ્રી પોતાને ઘુવડના બચ્ચાની સાથે અને પાર્શ્વ પ્રભુને દેદીપ્યમાન સૂર્ય સાથે સરખાવીને કહે છે કે જેમ ઘુવડનું બચ્ચુ દિવસે અંધ બની જવાથી સૂર્યના પ્રકાશને જોઈ શકતું નથી, તો પછી વર્ણવી તો શકે જ કેમ ? તે ન્યાયે પોતે પણ મંદમતિ હોવાથી પાર્શ્વ પ્રભુના કેવળજ્ઞાન રૂપી સૂર્ય પ્રગટયો હોવા છતાં, પોતે પ્રભુના સ્વરૂપને સામાન્ય પ્રકારે પણ જાણી શકતા નથી તો પછી વિશેષ પ્રકારે તો કેવી રીતે વર્ણવી શકે ? અર્થાત્ પ્રભુના અસંખ્યગુણોને વર્ણવવાને કેમ કરીને સમર્થ થઈશ ? આમ કહીને આચાર્યશ્રીએ લબ્ધિવંત હોવા છતાં પોતાની અત્યંત લાઘવતા અને પ્રભુના ગુણોની તેજસ્વિતા–પ્રભુની મહત્તા અત્રે બતાવી છે. આજ ભાવ શ્રી. ભક્તામર સ્તોત્ર ગાથા– ૩ માં કહ્યા છે.

અત્રે ઘુવડનું દૃષ્ટાંત બીજી રીતે પણ સાર્થક છે. તે એમ કે સારાયે જગતને પ્રકાશનારો સૂર્ય પ્રકાશતો હોવા છતાં પણ ઘુવડ તે પ્રકાશના એક કીરણને પણ જોઈ શકતો નથી, તે કેવી કરુણ દશા કહેવાય ? તે જ પ્રમાણે કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપી ભાવ સૂર્ય જેમાં પ્રગટયો છે તેવા તીર્થંકર પરમાત્માના ભાવ પ્રકાશનું–સદ્બોધનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક પણ કીરણ મીથ્યાત્વ અને અજ્ઞાન દશામાં પડેલા જીવો ઝીલી શકતા નથી તે પણ કેવી કરુણ દશા કહેવાય? આ પ્રમાણે અત્રે બહિરાત્મદશાનું સ્વરૂપ બતાવ્યું છે.

આખાયે સ્તોત્રમાં ઠેર ઠેર "શ્લેષ" અલંકારનો ઉપયોગ છૂટથી કરીને કાવ્યની રસાળતા વધારી છે. અત્રે અધીશ! એટલે પ્રભુ અને અધીશાઃ એટલે સમર્થનું પ્રયોજન અસ્માદશાઃ ની સાથે ગોઠવીને કલકલ વહેતા ઝરણા જેવી કાવ્યની પ્રવાહિતા સર્જીને કવિ તરીકે પણ પોતાની પ્રખર કવિત્વ શકિતની આપણને પ્રતિતિ કરાવે છે અને સ્તવનને પ્રભુ ભકિત ઉપરાંત ગીત તરીકે પણ ગેય અને આસ્વાદ્ય બનાવે છે. ॥ ૩ ॥

**મોહ–ક્ષયાદનુભવન્નપિ નાથ! મર્ત્યો**
**નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત।**
**કલ્પાંતવાંત–પયસઃ પ્રકટોઽપિ યસ્માન્**
**મીયેત કેન જલધેર્નનુ રત્નરાશિઃ ॥ ૪ ॥**

**અન્વય : નાથ! મોહક્ષયાત્ મોહનીયાદિ ઘાતી કર્મોના ક્ષય થકી) અનુભવત્ અપિ મર્ત્યઃ (મનુષ્ય) નૂનં (ખરેખર) તવ ગુણાન્ ગણયિતું ન ક્ષમેત, યસ્માત્ કલ્પાંત વાંત (પ્રલય કાળના વાયુથી ઉછળેલું) પયસઃ (પાણી) જલધેઃ પ્રકટઃ રત્નરાશિઃ નનુ કેન મીયેત (માપી શકાય)? ॥ ૪ ॥**

**અર્થ:** "પ્રલયકાળના વાતા પ્રચંડ વાયુના કારણે પાણી ખસી જવાથી સમુદ્રના ખુલ્લા થયેલા રત્નરાશીને માપવા કોઈ સમર્થ નથી, તેમ હે નાથ! મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ ક્ષય કરીને પોતાના આત્માની અંદર આપના ગુણોનો અનુભવ કરી રહેલા છે તેવા (કેવળજ્ઞાની) પુરુષો પણ આપના ગુણોની ગણતરી કરવાને સમર્થ થતા નથી." ॥ ૪ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પરમાર્થ** : અત્રે 'મોહક્ષયાત્' કહીને જૈનધર્મના હાર્દ સમી કર્મ પ્રકૃતિનું સ્વરૂપપ્રગટ કર્યું છે. સઘળા સંસારી જીવોને ભવાટવીમાં ભ્રમણ કરાવનારા મુખ્ય આઠ કર્મો કહ્યા છે. તેનું સ્વરૂપ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય-૩૩માં કહ્યું છે. તેના નામ નીચે પ્રમાણે કહ્યા છે :

**ગાથા** : અટ્ઠ કમ્માઇં વોચ્છામિ, આણુપુવ્વિં જહાકમં ।
જેહિં બદ્ધો અયં જીવો, સંસારે પરિવટ્ટઈ ॥ ૧ ॥
નાણસ્સાવરણિજ્જં, દંસણાવરણં તહાં ।
વેયણિજ્જં તહામોહં, આઉકમ્મં તહેવ ય ॥ ૨ ॥
નામકમ્મં ચ ગોયં ચ, અન્તરાયં તહેવ ય ।
એવ મેયાઈ કમ્માઇં, અટ્ટેવ ઉ સમાસઓ ॥ ૩ ॥

**અર્થ** : "આ જીવ જે આઠ કર્મોથી બંધાઈને સંસારમાં પરિભ્રમણ કરે છે તે કર્મના સ્વરૂપને જે પ્રમાણે છે તેજ પ્રમાણે અનુક્રમે (હે જંબુ ! હવે કહું છું. (આમ પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી જે વર્તમાન શાસનપતિ વીર પ્રભુ શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી પ્રભુની પાટે બીરાજ્યા છે. તે પોતાના પ્રિય શિષ્ય જંબુ સ્વામીને કહે છે.) :

(૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્યકર્મ (૬) નામકર્મ (૭) ગોત્ર ને (૮) અંતરાય– આ પ્રમાણે આઠ કર્મ સંક્ષેપમાં છે."

કર્મ એક છતાં જુદા જુદા પરિણામોની અપેક્ષાએ તેના આઠ વર્ગ મુખ્યત્વે પાડયા છે. તેમાં સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ, અને પ્રબળ રસ સંવેદન એક માત્ર મોહનીય કર્મના જ મનાય છે. મોહનીય એટલે ચૈતન્ય અર્થાત્ આત્માની પોતાની જ પોતાના સ્વરૂપ વિષેની ભ્રાંતિથી-ભ્રમણાથી ઉત્પન્ન થયેલ કર્મ. તે કર્મ મદિરાની જેમ ભાન ભુલાવનારૂ એવું તો પ્રબળ રહેલું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે કે આત્મા પોતાનાજ સાચા સ્વરૂપનું ભાન ભૂલી જાય છે. તેથી જ આ કર્મની પ્રબળતા જણાવવા આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદે કહ્યું છે:

આત્માની શંકા કરે આત્મા પોતે આપ
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ ॥૫૮॥

"આત્મા પોતે જ પોતાના જ સ્વરૂપની શંકા કરે છે તેને અત્રે દુનિયાભરનું મોટામાં મોટું આશ્ચર્ય કહ્યું." અને સંસાર વહેવારમાં જીવનું ખરેખર આવું જ સ્વરૂપ જોવામાં આવે છે. તેનું મુખ્ય કારણ આઠે કર્મોમાં મોહનીય કર્મની-મોહરાજાની પ્રબળતા છે. રાગ અને દ્વેષ એ મોહરાજાના સુભટ છે, અને આ સુભટોના પ્રભાવથી, આયુષ્ય, નામ, ગોત્રાદિ કર્મો બાંધી જીવાત્મા નવા નવા દેહ ધારણ કરી ચાર ગતિ ને ચોવીસ દંડક ને ચોરાસીલાખ જીવાયોનીના ચક્કરમાં ધુમે છે. આ દેહ ખરેખર તો જડ પુદ્‌ગલમય પરમાણુઓનો બનેલો છે. પણ આત્મા તે દેહને જ પોતાનું સ્વરૂપ ભ્રાંતિથી માની લઇને દેહના દુઃખે દુઃખી અને દેહના સુખે સુખી હોય એમ માનીને વર્તે છે અને તેની સાથે એવો તો તન્મય થઈ જાય છે કે પછી દેહની-કર્મની પકડમાંથી તે જ્યાં સુધી જ્ઞાની પુરૂષોનો કે સંતોનો સમાગમ ન થાય ત્યાં સુધી છૂટી શકતો નથી અને અજ્ઞાન દશામાં જ રહે છે. તેવી અજ્ઞાનદશામાં રહેલા ત્રીજી ગાથામાં કહેલા તેવા ઘુવડ જેવા બાળ જીવ પ્રભુના ગુણ વર્ણવવા સમર્થ ન થાય તે તો હજીયે સમજી શકાય, પણ તેથી આગળ વધીને આચાર્યશ્રી અત્રે પરમાર્થથી કહે છે કે ઉપરોક્ત મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ ખપાવીને જે આત્માનુભવ આત્મસાક્ષાત્કાર કરી રહ્યા છે, અને ત્યારે જિન-પ્રભુમાં રહેલા વિશુદ્ધ આત્માના સર્વ ગુણોનો પોતે પ્રત્યક્ષ અનુભવ પણ કરી રહ્યા છે તેવા સયોગી કેવળ ભગવંત પણ હે જિનેન્દ્ર! આપના ગુણોને સંપૂર્ણ પણે યથાતથ્ય અનુભવતા છતાં કહેવાને સમર્થ થતા નથી. આ પ્રમાણે કહીને તીર્થંકર પરમાત્માનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનન્ય માહાત્મ્ય અત્રે ફરી કહી બતાવ્યું છે. આજ ભાવ શ્રી ભક્તામર સ્તોત્ર ગાથા–૪માં કહ્યું છે.

કેવળી ભગવાન પોતે અનુભવે છતાં પણ શુદ્ધ આત્માના સર્વ ગુણોને કહી શકે નહિ તેનું રહસ્ય તેમની શકિત તે ગુણોનું વર્ણન કરવા જેટલી નથી, તેમ નથી. શક્તિ તો છે. પણ જે ભાષાના માધ્યમ વડે ગુણો કહી શકાય; તે ભાષાની શકિત તે સર્વ ગુણોનું યથાર્થ વર્ણન કરવા જેટલી નથી, કેમ કે ભાષા પણ જડ પુદ્દગલોની બનેલી છે તેથી ચૈતન્ય સ્વરૂપ આત્માના સર્વ ગુણો જડ પુદ્દગલની બનેલી ભાષા સંપૂર્ણ વર્ણવવા સમર્થ નથી તે મર્યાદાને કારણે જ મોહક્ષય કરેલા કેવળી પરમાત્મા પણ પ્રભુના ગુણો કહેવા સમર્થ નથી તેમ કહ્યું. આજ વાત શ્રીમદ્દરાજચંદ્રે પણ "અપૂર્વ અવસરની ૨૦મી કડીમાં " જે પદ શ્રી સર્વજ્ઞે દીઠુ જ્ઞાનમાં, કહી શકયા નહિ તે પણ શ્રી ભગવાન જો" (૨૦). તેમ કહીને કહી છે.

પરિપૂર્ણ જ્ઞાની શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ સદાકાળને માટે શબ્દાતીત અર્થાત્ અવર્ણનીય જ રહ્યું છે, આમ કહીને પ્રભુના ગુણગાન કરવા તે કેટલું બધુ કઠીન કાર્ય છે તે પરમાર્થથી બતાવ્યું છે. ॥૪॥

તો હવે આ કાર્ય થશે કેમ ? તેનું રહસ્ય પાંચમી અને છઠી ગાથાથી પ્રગટ કરે છે કે આ સ્તવન પ્રભુ ભકિતની શકિત વડે રચાશે.

અભ્યુદ્યતોઽસ્મિ તવ નાથ ! જડાશયોઽપિ
કર્તું સ્તવં લસદસંખ્ય ગુણાકરસ્ય ।
બાલોઽપિ કિં ન નિજબાહુયુગં વિતત્ય
વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયામ્બુરાશેઃ ॥૫॥

અન્વય :– નાથ ! જડાશયઃ અપિ તવ લસદ (દેદીપ્યમાન) અસંખ્ય ગુણાકરસ્ય (ગુણનાસમૂહનો) સ્તવં કર્તું અભ્યુદ્યતઃ અસ્મિ। બાલઃ અપિ નિજ બાહુયુગં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિતત્ય (પહોળા કરીને) સ્વધિયા (સ્વબુદ્ધિ વડે) અંબુ-રાશેઃ (સમુદ્રનો) વિસ્તીર્ણતાં (વિસ્તારને) કિં ન કથયતિ?
॥ ૫ ॥

**અર્થ** : "શું બાળક પણ મહાસાગરના અપાર વિસ્તારને પોતાના બે (નાનકડા) હાથને પહોળા કરીને નથી કહી બતાવતુ? તે જ પ્રમાણે હું મંદબુદ્ધિ હોવા છતાં પણ તમારા અસંખ્ય દેદીપ્યમાન ગુણોના સમુહનું સ્તવન કરવાને ઉદ્યત થયો છું" ॥ ૫ ॥

**પરમાર્થ** : પોતે પ્રખર પંડિત હોવા છતાં અત્રે પોતાની સરખામણી બાળક સાથે કરીને પોતે હજી પંડિત દશાને પામ્યા નથી પણ બાળ દશામાં છે તેમ કહી, ફરી પોતાની લાઘવતા પ્રગટ કરવાની સાથે સાથે બાળક જેમ મહાસાગરના અસીમ વિસ્તારને પણ પોતાના બે નાનકડા હાથોથી યથાર્થ દર્શાવે છે, તે જ પ્રમાણે હું પણ હજી બાળ હોવા છતાં એટલે કે મંદમતિ હોવા છતાં તમારા સમસ્ત ગુણોનું યથાર્થ વર્ણન મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે પણ અવશ્ય કરી શકીશ, આમ કહીને આચાર્યશ્રીના અંતરમાં પ્રભુભકિતની જે અસીમ સરવાણી વહી રહી છે તેની શકિત વડે પોતે શ્રી પાર્શ્વ પ્રભુનુ સ્તવન રચશે જ એવી અનન્ય શ્રદ્ધા અત્રે પ્રગટ કરીને આ કૃતિ રચવાનું સઘળુ શ્રેય પ્રભુને આપે છે.

વળી બાળકનું મહાસાગરના અસીમ વિસ્તારને બતાવતું આ નિર્દોષ નિદર્શન મોટેરાઓને પણ મહાસાગરના અફાટ વિસ્તારની સાચી સમજ આપવા ઉપરાંત મનને પણ બાળકની ચાતુરીથી પ્રસન્ન કરે છે. તે જ પ્રમાણે હે પ્રભુ! આપના અપાર ગુણોની પણ સાચી ભાવ-સમજણ મારી આ કાલી-ઘેલી સ્તુતિથી લોકોના હૃદયમાં અવશ્ય આવશે. એટલું જ નહિ પણ આ રૂડા સ્તવનથી સામાન્ય જન સમૂહ આનંદિત પણ થશે તેમ પોતે જાણે અત્રે સૂચવે છે.

અત્રે બાળ અને પંડિતનું સ્વરૂપ જે જૈનધર્મમાં બતાવ્યું છે તે વિચારવું ॥૫॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યે યોગિનામપિ ન યાંતિ ગુણાસ્તવેશ
વકતું કથં ભવતિ તેષુ મમાવકાશ ।
જાતાતદેવમસમીક્ષિત–કારિતેયં,
જલ્પંતિ વા નિજગિરા નનુ પક્ષિણોડપિ ॥૬॥

અન્વય: ઈશ! યે તવ ગુણા: યોગીનામ અપિ વકતું ન યાંતિ તેષુ મમ અવકાશં કથં? તત્ એવં ઇયમ્ (આ) અસમીક્ષિત (અવિચારી) કારિતા (કાર્ય) જાતા (થયુ) વા પક્ષિણ: અપિ નિજગિરા (પોતાની ભાષા) નનુ જલ્પંતિ ॥ ૬ ॥

અર્થ: હે સ્વામી! યોગીઓ પણ તમારા ગુણોને યથાર્થ રૂપે (પૂરેપૂરા) કહેવા સમર્થ નથી તો પછી તે ગુણોને કહેવાની શકિત મારામાં તો કયાંથી જ હોય? એ રીતે જોતાં મારું આ કાર્ય અવિચારી લાગે છે. તો પણ પક્ષીઓ પોતાની ભાષામાં કી–વી, કી–વી, જેવો બડબડાટ શું નથી કરતા! ॥ ૬ ॥

પરમાર્થ: પાંચમી ગાથાના બાળકની ઉપમાથી આગળ વધીને આચાર્યશ્રી પોતે સમર્થ હોવા છતાં પોતાની જાતને પક્ષી સાથે એટલે કે તિર્યંચ સાથે સરખાવીને પોતાની અત્યંત લાઘવતા અને સાથે પક્ષીનો પ્રાતઃકાળનો કલરવ જેવો મીઠો લાગે છે તેવું જ આ સ્તવન પણ પોતાની કાલીઘેલી ભાષામાં બન્યુ હોવા છતાં પણ લોકોને અત્યંત મીઠું લાગશે તેમ અત્રે શ્રદ્ધાથી કહે છે. અને સાથે ભકિત યોગની સુલભતા ગમે તેવા અલ્પ શકિત કે અલ્પ બુદ્ધિવાળા માટે પણ અત્રે પરમાર્થથી બતાવી છે. ॥ ૬ ॥

(સરખાવો ભકતામર સ્તોત્ર ગાથા ૫ ને ૬ ની સાથે).

હવે પ્રભુ નામ સ્મરણનું રૂડુ ફળ બતાવે છે.

આસ્તામચિંત્ય મહિમા જિન સંસ્તવસ્તે
નામાડપિ પાતિ ભવતો ભવતો જગન્તિ ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તીવ્રાતપો–પહત–પાંથ–જનાન્નિદાઘે
પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિલોઽપિ ॥૭॥

અન્વય : જિન! અચિંત્ય મહિમા તે સંસ્તવઃ આસ્તામ્ (દૂર રહો) ભવતઃ (આપનું) નામઃ અપિ ભવતઃ (સંસાર થકી) જગન્તિ પાતિ, પદ્મસરસઃ (પદ્મસરોવરનું જળ) (આસ્તામ્) સરસઃ (શીતળ જળશીકર યુકત) અનિલ (વાયુ) અપિ નિદાઘે (ઉનાળામાં) તીવ્ર આતપ ઉપહત (પીડા પામેલા) પાંથ જનાન્ (મુસાફરોને) પ્રીણાતી॥૭॥

અર્થ : જિનેશ્વર! તમારું નામસ્મરણ પણ ત્રણે જગતના જીવોનુ ભવ ભ્રમણથી રક્ષણ કરે છે, તો પછી તમારા અચિંત્ય મહિમાવાળા રૂડા સ્તવનના (પાઠની) શી વાત કરવી ? ઉનાળાના સખત તાપથી પીડા પામેલા પથિકોને પદ્મસરોવરના જળશીકરથી શીતળ બનેલો વાયુ પણ પ્રસન્ન બનાવી દે છે, તો પછી પદ્મસરનું શીતળ જળ પીવા મળે તેની શી વાત કરવી ? ॥ ૭ ॥

પરમાર્થ : શ્રી ભકતામર સ્તોત્રની ૭ મી ગાથાની જેમ પ્રભુના નામ સ્મરણનું ભવ કટી રૂપ અનુપમ ફળ બતાવ્યું છે. શ્રી ભકતામર સ્તોત્રમાં ૯મી ગાથામાં 'સંકથા' કહ્યું, અત્રે 'નામાપિ' કહીને સમાન ભાવજ બતાવ્યા છે. વળી અત્રે પદ્મસરોવર અને પથિકના દૃષ્ટાંતે ભકતામરના સૂર્ય અને પદ્મ કમળના દૃષ્ટાંતની જેમ જિનેશ્વરોની વીતરાગતાનું સ્વરૂપ આબેહુબ બતાવ્યું છે. તે આ રીતે : પદ્મસરોવર તો દૂર દૂર છે, અને તેમાં રહેલું શીતળ જળ તો ઉનાળાના બળ-બળતા તાપથી પીડાએલા પથિકની તૃષાને આવશ્ય દૂર કરે જ તેમાં કશી શંકા નથી, પણ સુદૂર હોવાથી પથિક ત્યાં સુધી ન પહોંચી શકે તોપણ તે પદ્મસરોવરનો સ્પર્શ પામેલા જળશીકર યુકત શીતળ વાયુ પણ તે ત્રાસેલા પથિકને શાંતિ પમાડે છે, અને તેથી તે પથિક પોતાના સ્થાને પહોંચવા શકિતમાન થાય છે, તેજ ન્યાયે સિદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરમાત્મા તો દૂર, સુદૂર લોકના અગ્રભાગે બીરાજે છે, સાધક ત્યાં સુધી પહોંચી શકતો નથી તોપણ તેમના સ્પર્શ પામેલા એટલે કે તેમના પ્રરૂપેલા વીતરાગ માર્ગે જે કોઈ ભવ્ય જીવ ચાલે છે તેના ભવોભવના આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધ તાપ અવશ્ય આ લોકમાં શાંત થઈ જાય છે અને તેના બધા અશુભ કર્મો દૂર થઈને પરલોકની સુગતિ પામે છે. તે ઉદાયન રાજર્ષિ, આર્યા ચંદનબાળા આદિ પરમ પવિત્ર જીવોનો દૃષ્ટાંતે.

અત્રે "ભવતઃ" અને "સરસઃ" નો શ્લેષાલંકાર તરીકે સુંદર ઉપયોગ કર્યો છે. "ભવતઃ" એટલે (૧) આપનું અને (૨) ભવ+તઃ એટલે ભવભ્રમણમાંથી અને (૧) સર + સઃ એટલે શીતળ જળથી ભરેલું સરોવર અને (૨) સ + રસઃ એટલે જળ શીકરથી શીતળ બનેલો અનિલઃ કહેતા વાયુ. ॥ ૭ ॥

સાચા હૃદયથી પ્રભુનુ સ્મરણ કરવા માત્રથી જીવના ગાઢા કર્મ-બંધનો હળવા થઈ જાય છે.

**હૃદ્વર્તિનિ ત્વયિ વિભો ! શિથિલી-ભવન્તિ**
**જંતોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબન્ધાઃ ।**
**સદ્યો ભુજંગમમયા ઈવ મધ્યભાગ—**
**મભ્યાગતે વન શિખંડિનિ ચંદનસ્ય ॥૮॥**

**અન્વય : વિભો! ત્વયિ હૃદવર્તિનિ જંતોઃ નિબિડા (ગાઢ) અપિ કર્મબન્ધાઃ ક્ષણેન શિથિલી ભવન્તિ । વનશિખંડિનિ (મોર) મધ્યભાગમ્ અભ્યાગતે (આવતા) ચંદનસ્ય ભુજંગમ (સર્પ) અમયા (ભરડો છોડી દેવો) ઈવ સદ્ય : ॥૮॥**

**અર્થ** : ચંદન વનના મધ્યભાગમાં જ્યારે વનના મયુરો આવે છે. ત્યારે ચંદનવૃક્ષોને વીંટળાઈને રહેલા સર્પો તુરત જ ભરડો છોડી દઈ ને નાસવા લાગે છે તે જ રીતે કે પ્રભુ ! હૃદયમાં આપના આવવા માત્રથી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવોના ( ભવોભવના) ગાઢા કર્મબંધનો પણ ક્ષણવારમાં જ ઢીલા પડી જાય છે. ॥૮॥

પરમાર્થ: આત્મા સ્વભાવથી ચંદન જેવો શીતળ છે અને તેમાં ક્ષમાદિ સદ્ગુણોની સુવાસ ભરી પડી છે. જ્યારે કર્મો સર્પ જેવા ઝેરી છે. અને આત્માને વીંટળાઈ વળીને અનાદિ કાળથી તેને ભ્રમણમાં રાખી ઉંદરની જેમ ફુંકી ફુંકીને ડંખી રહ્યા છે અર્થાત તેના સ્વાભાવિક ગુણોની ઘાત કરી રહ્યા છે, છતાં તેને જણાવા દેતા નથી એટલું પ્રબળ જોર મોહનીય કર્મનું છે; તેમ છતાં કર્મ કદાપિ આત્માના પ્રદેશની સાથે એકરૂપ બની શકતા નથી. આત્મ પ્રદેશો ચંદનની જેમ નિરાળા રહે છે અને કર્મ પણ સર્પની જેમ ઉપરથી વીંટાયેલા રહે છે. તેથી જે પર દ્રવ્ય છે તે તો આજનું વિજ્ઞાન પણ કહે છે કે યોગ્ય ઉપચારથી અવશ્ય દૂર કરી શકાય છે. તેથી મોરલાના ટહુકા માત્રથી જેમ સર્પો ચંદનવૃક્ષને દીધેલો ભરડો છોડીને નાસવા માંડે છે તે જ રીતે પ્રભુનામ રૂપી મોરલી અંતરમાં વાગવા લાગતાજ સર્પ સરિખા દુષ્ટ કર્મો પણ પોતાનો અનાદિનો ભરડો છોડીને અનાયાશે નાશવા માંડે છે એટલે કે જીવાત્મા સર્વથા કર્મ મુક્ત થઈને પરમાત્મા પદને પ્રાપ્ત કરે છે.

હૃદવર્તિની કહીને જેને હૃદય છે એવા સંજ્ઞી પંચેદ્રિય જ પ્રભુને પોતાના અંતરમાં સ્થાપી શકે અર્થાત્ પ્રભુનું ધ્યાન ધરી શકે કે પ્રભુ પ્રાર્થના કરી શકે એમ કહીને સઘળા જીવોમાં સંજ્ઞી પંચેદ્રિયપણાનું મહત્વ બતાવ્યું.

અત્રે પણ શ્રી ભક્તામર સ્તોત્રની સાતમી ગાથામાં "ભવસંતતિ સન્નિબદ્ધં પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ" થી જે કહ્યું છે તે જ ભાવ છે.

અત્રો ભરત ચક્રવર્તી, બ્રાહ્મી, સુંદરી, ખંધકઋષિ, ખંધક ઋષિના પાંચસો શિષ્ય, અરણિક મુની, નંદિષેણમુનિ ઢંઢણ મુની આદિ આદિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિવરોના અધિકારનું સ્મરણ કરવું; જેમણે પ્રભુને અંતરમાં ધારી ઘોર પરિસહ ને ઉપસર્ગમાં અડગ રહી મુક્તિ મેળવી ॥૮॥

મુચ્યંત એવ મનુજા: સહસા જિનેન્દ્ર !
રૌદ્રૈ-રૂપદ્રવ-શતૈસ્ત્વયિ વીક્ષિતે ઽપિ !
ગોસ્વામિનિ સ્ફુરિત તેજસિ દૃષ્ટમાત્રે
ચૌરે-રિવાશુ પશવ: પ્રપલાયમાનૈ: ॥ ॥

**અન્વય : જિનેન્દ્ર ! ત્વયિ વીક્ષિતે (જોયા થકી) અપિ મનુજા: સહસા રૌદ્રૈ: ઉપદ્રવશતૈ: મુચ્યંત એવ સ્ફુરિત તેજસિ (તેજથી દેદીપ્યમાન) ગો (ગાય, કીરણ, પૃથ્વી) ગોસ્વામિનિ (ગોવાળ, સૂર્ય કે રાજા) દષ્ટમાત્રે પ્રપલાયમાનૈ: ચૌરૈ: આશુ (તરત જ) પશવ: ઇવ ॥૯॥**

**અર્થ :** (પ્રભાતના પોરમાં) સૂર્ય, રાજા કે ગોવાળ નજરે પડવા માત્રથી જેમ ચોર લોકો (ચોરેલા) પશુઓને મૂકીને તુરત જ નાસી જાય છે, તે જ પ્રમાણે હે જિનેન્દ્ર ! તમને જોતાં વાર જ મનુષ્યો સેંકડો ભયભરેલા ઉપદ્રવોથી મુકાય છે. (છુટકારો પામે છે.) ॥ ૯ ॥

**પરમાર્થ :** અત્રે પ્રભુ દર્શનના ઉપલક્ષણે સમ્યગ્ દષ્ટિનું માહાત્મ્ય બતાવે છે.

સૂર્ય, રાજા કે ગોવાળના દર્શન થવા માત્રથી જ રાત્રીના અંધકારમાં ચોરેલા પશુઓને શીઘ્ર છોડી દઇને ચોરો જેમ નાસવા લાગે છે, તેમ જ મિથ્યાત્વરૂપી અંધકારમાં રાગદ્વેષરૂપી ચોરો આત્માના સ્વભાવના જે સમ્યગ જ્ઞાન દર્શન ક્ષમાદિ ગુણોને લૂંટી રહ્યા હતા તે આપના દર્શન માત્રથી અર્થાત્ સમ્યગ દર્શન આવવા માત્રથી આત્માના ગુણરૂપી ખજાનાને મૂકી દઇને તુરત જ નાસવા માંડે છે; એટલે કે સમકિતરૂપી સૂર્યનો ઉદય થતાં જ, મિથ્યાદષ્ટિ અને અજ્ઞાનનો ઘોર અંધકાર ક્ષણવારમાં જ નાશ પામે છે. તેવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમ્યગ્ દર્શન ચારે ગતિના જીવોમાં પ્રથમ વાર મનુષ્ય ગતિમાં જ થાય છે અને મોક્ષ પણ જીવાત્માને માત્ર મનુષ્યભવમાંજ પ્રાપ્ત થાય છે તેથીજ અત્રે "મુચ્યંત એવ મનુજાઃ" કહીને ચારે ગતિમાં મનુષ્યભવ પર જ ભાર મૂકયો છે. મનુષ્યભવની જ દુર્લભતા અને મહત્તા બતાવી છે જેને ઉતરાધ્યયન સૂત્ર અધ્ય. ૩ ગાથા ૧ થી પણ સમર્થન મળે છે :

**ગાથા :** "ચત્તારિ પરમંગાણિ દુલ્લહણિહ જંતુણો ।
માણુસત્તં સુઈ સદ્ધા સંજમમ્મિ ય વીરિયં ॥

**અર્થ :** જીવાત્માને ચાર વસ્તુ મળવી અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યત્વ (૨) સુત્ર-સિદ્ધાંતનું શ્રવણ (૩) વીતરાગ વાણીમાં શ્રદ્ધા અને (૪) સંયમનું ધારવું ને પાળવું.

(આ ગાથાના ભાવનું સામીપ્ય ભકતામર સ્તોત્રની ગાથા ૧૧મી સાથે છે. જુઓ ભ. વિવરણ પા. ૩૬)

અત્રે મરૂદેવા માતાજી, ઋષભદત્ત મુનિ ને દેવાનંદા માતાજી, સતી મૃગાવતીજી સુદર્શન શેઠ અને અર્જુનમાળી, મેઘકુમાર મુનિ. રાજેમતિ, અઈવંતા મુનિ, કાલિ આદિ મહારાજા શ્રેણિકની દસે રાણી દેવકિ માતાજીના ગજસુકુમાર, અનીકસેન આદિ સાતે લાડીલા કુમાર આદિ આદિના અધિકારોનું સ્મરણ કરી સમ્યગ્ દર્શનનું મહત્ત્વ ચિંતવવું. ॥ ૯ ॥

હવે સાધક અવસ્થામાં સમર્પણ ભાવનું મહત્ત્વ બતાવે છે :

**ત્વં તારકો જિન કથં ભવિનાં ત એવ**
**ત્વામુદ્વહન્તિ હૃદયેન યદુત્તરન્તઃ !**
**યદ્વા દૃતિસ્તરતિ યજ્જલમેષ નૂન**
**મંતર્ગતસ્ય મરુતઃ સ કિલાનુભાવઃ ॥૧૦॥**

**અન્વય : જિન ! ત્વં ભવિનાં (ભવિ જીવોના) કથં તારકઃ ? યત્ ત (તે) એવ ઉત્તરંતઃ (પાર ઉતરતા થકા) હૃદયેન**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્વાં ઉદ્વહન્તિ (વહન કરે છે) । યદ્વા (અગર તો, પરમાર્થથી 'યુકત છે') યત્ દૃતિ: (ચામડાની મસક) નૂનં તરતિ સ એષ અંતર્ગતસ્ય મરુત: કિલ અનુભાવ: (પ્રભાવ) ॥ ૧૦ ॥

**અર્થ :** હે જિનેશ્વર દેવ ! ભવિ જીવોને તમે તારનારા કેવી રીતે ? ઉલટા સંસાર-સાગરને પાર કરતા થકા તે ભવિજનો તમને પોતાની હૃદયરૂપી નાવમાં બેસાડીને પાર ઉતારતા જણાય છે. (છતાં) તે યુકત જ છે. કેમ કે ચામડાના મસક કે જે પાણીમાં તરતી જણાય તે ખરેખર તો તેની અંદર રહેલા વાયુના જ પ્રભાવથી છે. (તે જ ન્યાયે ભવિજનો પણ પ્રભુના પ્રભાવે જ સંસાર-સાગરને તરી જાય છે) ॥ ૧૦ ॥

**પરમાર્થ :** અત્રે બુદ્ધિનો તર્ક લડાવી આચાર્યશ્રી જાણે પ્રભુને પડકારીને કહે છે કે ભવિજનોને તારનારો એવો તું કોણ ? ઉલટ પક્ષે તે ભવિજનો પોતાના હૃદયરૂપી નાવમાં તમને બેસાડીને તમને જાણે સંસાર-સાગરને પાર ઉતારતા જણાય છે. કારણ કે બાહ્ય વાહકમાં વાહનને તારકપણાનો અસંભવ છે, તે એ રીતે : "જેમ નાવ છે તે પોતાના મધ્યભાગમાં રહેલા ઉતારૂને તારે છે. પણ નાવમાં બેઠેલા ઉતારુ કાંઇ નાવને તારતા નથી. તે જ ન્યાયે ભવ્ય જીવો પણ તમને પોતાના હૃદયમાં રાખીને તારે છે. પણ તમે તે ભવ્ય જીવોને તારો છો એમ કહેવું તે તો મોટું આશ્ચર્ય દેખાય છે ! તમે કેમ તારી શકો ?"

આ તર્ક ઉઠાવીને હવે આચાર્યશ્રી પોતે જ તેનું સમાધાન નીચેના બે ચરણમાં કરે છે : આચાર્યશ્રી કહે છે : હે પ્રભો ! તમે જ ખરેખર ભવ્ય જીવોના તારનારા છો, અને તે વાત જ યોગ્ય છે, કેમ કે ચામડાની મસકના મધ્યભાગમાં જે વાયુ રહેલો છે તે જેમ મસકનો તારક છે--વાયુ ન હોય તો મસક પાણીમાં ડૂબી જ જાય તે જ પ્રમાણે ભવ્ય જીવોના હૃદયસ્થ તમે રહો છો. તેથી જ ભવિજનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંસાર-સાગરને તરવા સમર્થ થાય છે. તમે જો વાયુની જેમ તેમના અંતરમાં ન રહો તો તે ભવિજનો પણ સંસાર-સાગરમાં ડૂબી જ મરે. "ટૂંકમાં ભવિજનોએ જો સંસાર-સાગરને શીઘ્ર તરી જવો હોય તો સહેલામાં સહેલો માર્ગ પ્રભુરૂપી નાવિકને દેહ (હૃદય) રૂપી નાવમાં બેસાડી શ્રદ્ધાપૂર્વક પ્રભુનું સ્મરણ કરવું તે છે."

અત્રે ભવિ જનોના તારક ભગવાનને કહીને જૈન તત્ત્વજ્ઞાનની વાત કરી છે. જીવ બે પ્રકારના મુખ્યત્વે છે, ભવિ અને અભવિ. તેમાં જે ભવિ છે તે જ મોક્ષે જવાની લાયકાત ધરાવે છે અને અભવિ કદાપિ પણ મોક્ષ ગતિને પામતા નથી, તેમ છતાં અભવિ પણ જપતપાદિ કરી નવમી ગ્રૈવેયકના દેવલોક સુધી જઈ શકે છે. માટે કોઈને પણ જપ તપાદિ ક્રિયા કરતા રોકવા કે ટોકવા નહિ.

અત્રે બાહુબલિજી, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, ગૌતમ સ્વામી આદિ ગણધરો, જયંતી શ્રાવિકા ઇષુકાર રાજા અને કમળાવતી રાણી ઇત્યાદિના અધિકાર ચિંતવવા. ॥૧૦॥

હવે પંચ મહાવ્રતો અને તેમાંયે બ્રહ્મચર્ય વ્રતનું મહત્ત્વ સાધક જીવ માટે બતાવે છે :

**યસ્મિન્ હરપ્રભૃતયોઽપિ હતપ્રભાવા:**
**સોઽપિ ત્વયા રતિપતિ: ક્ષપિત: ક્ષણેન: !**
**વિધ્યાપિતા હુતભુજ: પયસાથ યેન.**
**પીતં ન કિં તદપિ દુર્ધર વાડવેન ॥૧૧॥**

**અન્વય: યસ્મિન હર પ્રભુતય: (શંકર પ્રમુખ) અપિ હતપ્રભાવા: સ: અપિ રતિપતિ: (કામદેવ) ત્વયા ક્ષણેન ક્ષપિત: (ક્ષય કર્યો છે) અથ (દૃષ્ટાંત) યેન હુતભુજ: (અગ્નિ) વિધ્યાપિતા (બુઝાવી દીધા) તદપિ (તો પણ) દુર્ધર (ભીષણ) વાડવેન (વડવાનલ) કિં ન પીતં ॥૧૧॥**



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અર્થ :** જે કામદેવે શંકર આદિ દેવોના પ્રભાવને હણ્યો છે, તે જ કામદેવના પ્રભાવને તમે ક્ષણવારમાં ક્ષય કર્યો છે. દષ્ટાંત જે પાણી અગ્નિને બુઝાવી દે છે, તે જ પાણીને શું વડવાનલ નથી પી જતો ? ॥૧૧॥

**પરમાર્થ :** અત્રે તીર્થંકર પ્રભુને વડવાનલની, સંસારની આસક્તિને પાણીની અને મોહનીયકર્મને કામદેવની ઉપમા સાર્થક આપી છે. સંસારની આસક્તિથી અર્થાત્ કામભોગથી જરા પણ ન લેપાતા. વડવાનલ જેવા ભીષણ બની એક માત્ર તીર્થંકર ભગવંતો જ હરિહરાદિ બધા દેવોનો પરાભવ કરનાર–કેમકે તે બધા દેવ સપત્નીક છે તેથી સરાગી છે–દુર્જય કામદેવને અર્થાત્ મોહનીય કર્મને બાળીને ભસ્મ કરી દે છે અને કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રગટાવે છે એમ અત્રે પરમાર્થથી આચાર્ય શ્રી કહે છે: આ રીતે અત્રે બ્રહ્મચર્ય વ્રતનું અને ઉપલક્ષણે પંચમહાવ્રતનું–ભક્તામર સ્તોત્રની ગાથા ૧૫ ની જેમ–માહાત્મ્ય બતાવ્યું. અત્રે કામ વિજેતા સ્થુલીભદ્રજી તથા વિજય શેઠ–વિજયા શેઠાણી અને સુદર્શન શેઠ આદિનું સ્મરણ કરવું.

તીર્થંકર ભગવાનના નિર્વિકારીપણાની આ ગાથા બોલાતા જ પ્રભુ પાર્શ્વનાથની પ્રતિમા તે મહાકાલ પ્રસાદના મંદિરના શિવલીંગમાંથી ધડાકા સાથે પ્રગટ થઈ તેવી ઐતિહાસિક હકીકત પ્રસિદ્ધ છે, શિવલીંગ ફાટતા તેમાંથી પ્રચંડ જ્યોત પ્રગટી અને મહારાજા વીર વિક્રમ અને અન્ય લોકોના આશ્ચર્ય વચ્ચે જ્યોત સમાઈ જતાં શિર પર ફેણ પસારીને ધરણેંદ્ર નાગ રહેલો છે તેવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રગટ થઈ. જેને હાથ જોડીને આચાર્ય શ્રી વંદન કરી રહ્યા. વીરવિક્રમ રાજા પણ આ જોઈ અત્યંત પ્રભાવિત થયો અને જૈન ધર્મી બન્યો તેમ કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ રીતે આચાર્યશ્રીનું પણ બાર વર્ષનું પારાંચિક પ્રાયશ્ચિત પૂરું થયું છે. ॥૧૧॥

હવે પ્રભુનો અગુરુલઘુ ગુણ પ્રગટ કરે છે.

સ્વામિન્નનલ્પ ગરિમાણમપિ પ્રપન્નાસ્
ત્વાં જંતવઃ કથમહો હૃદયે દધાનાઃ ?
જન્મોદધિં લઘુ તરંત્યતિ લાઘવેન,
ચિંત્યો ન હન્ત મહતાં યદિ વા પ્રભાવઃ ॥૧૨॥

અન્વયઃ સ્વામિન્ ! જંતવઃ ત્વામ્ પ્રપન્નાઃ (પામીને), અનલ્પ ( ઘણું ) ગરિમાણમ્ ( ભારેપણું ) અપિ (ત્વામ્) હૃદયે દધાનાઃ (ધારણ કરતા થકા) અહો (આશ્ચર્ય અર્થે) અતિ લાઘવેન (અત્યંત હળવાશથી) જન્મોદધિં લઘુ(શીઘ્ર) કથં તરંતિ ? યદિ વા હંત ( ખરેખર ) મહતાં પ્રભાવઃ ન ચિંત્યઃ ॥૧૨॥

અર્થ : હે સ્વામી ! તમને પામીને અને મહિમારૂપી અત્યંત ભારથી ભારે બનેલા એવા આપને હૃદયમાં ધારણ કરીને ( ભવ્ય ) જીવો અત્યંત હળવાશથી આ ભવસાગરને શીઘ્ર કેવી રીતે તરી જાય છે ? અથવા ખરેખર મહાન પુરૂષોનો પ્રભાવ જ કંઈક અચિંત્ય છે ! ॥૧૨॥

પરમાર્થ : અત્રે 'ગરિમા' એટલે (૧) મહિમા અને બીજો અર્થ અત્યંત ભારે નો ખુબી પૂર્વક ઉપયોગ કરીને પ્રભુનું અચિંત્ય માહાત્મ્ય બતાવ્યું છે.

અતિભારે વસ્તુને હૃદયમાં ધારણ કરીને તરી જવું તે આશ્ચર્ય જનક છે કેમકે ભારે વસ્તુનો સ્વભાવ જ જાતે ડુબવાનો અને ધારણ કરનારને ડુબાડવાનો છે. પણ હવે ભારેને બદલે અતિ મહિમાવાન એવો અર્થ કરીએ ત્યારે વાત સ્પષ્ટ થાય છે કે અતિ મહિમાવાન એવા પ્રભુને હૃદયમાં ધારણ કરીને ભવી જીવો સહેલાઈથી ભવસાગરને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તરી જાય છે તે યોગ્ય જ છે. કેમકે પ્રભુને હૃદયમાં ધારણ કરવા એટલે જિન વચનને અત્યંત શ્રદ્ધાપૂર્વક અંતરમાં ધારણ કરવું. અને જિન વચનમાં પરમ શ્રદ્ધા હોવી તે સમકીતનું લક્ષણ છે. અને સમકીતી જીવ અવશ્ય મોક્ષે જાય છે. આમ પ્રભુને હૃદયમાં ધારણ કરવાથી જીવાત્મા હળવાશથી સંસાર સાગરને તરી જાય છે તેમ પરમાર્થથી કહ્યું. પણ પ્રભુનો મહિમા અત્યંત ભારે હોવા છતાં ભવીજીવોને તારે છે એમ કહીને વિરોધાલંકારનો ઉપયોગ કરીને પ્રભુના માહાત્મ્યને અચિંત્ય કહ્યું. આ પ્રમાણે સિદ્ધ પરમાત્માના અગુરૂ લઘુગુણને પ્રગટ કર્યો.

અત્રે દશાર્ણભદ્ર રાજા, અનાથી મુનિવર, ખંધક સંન્યાસી, ધર્મરુચિ અણગાર પુંડરિક રાજા ઇત્યાદિના અધિકારોનું ચિંતન કરવું. ॥૧૨॥

હવે પ્રભુનું અકષાયી વીતરાગ સ્વરૂપ ને સિદ્ધ સ્વરૂપ પ્રગટ કરે છે.

ક્રોધસ્ત્વયા યદિ વિભો ! પ્રથમં નિરસ્તો
ધ્વસ્તાસ્તદા બત[1] કથં કિલ કર્મચૌરાઃ ?
પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાપિલોકે,
નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની? ॥૧૩॥

**અન્વય : વિભો! ત્વયા યદિ ક્રોધઃ પ્રથમં નિરસ્તઃ (પરાસ્ત કર્યો એટલે કે દૂર કર્યો) તદા બત (આશ્ચર્ય માટે) કર્મ ચૌરાઃ કિલ કથં ધ્વસ્તાઃ (હણ્યા) યદિવા અમુત્ર (આ) લોકે શિશિરાપિ હિમાની નીલદ્રુમાણિ વિપિનાની (વન) કિં ન પ્લોષતિ? (બાળે છે). ॥૧૩॥**

**(૧) 'બત'ની જગ્યાએ પાઠાંતરે 'વદ' પણ જોવા મળે છે, ભાવાર્થ એક જ છે.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અર્થ :** હે વિભુ ! ક્રોધાગ્નિને આપે સૌથી પ્રથમ દૂર કર્યો હતો, તો પછી આશ્ચર્ય થાય છે, બાકીના કર્મરૂપી ચોરોને તમે કેવી રીતે બાળી નાખ્યા ? (પણ) તે યુક્ત જ છે, કેમકે શિશિર ઋતુમાં હિમ લીલાછમ વૃક્ષોવાળા વનોને પણ આ લોકમાં શું નથી બાળી નાખતું ? ॥૧૩॥

**પરમાર્થ :** અત્રે કર્મ પ્રકૃતિનું સ્વરૂપ શ્રી ભક્તામર સ્તોત્રની ૩૮ થી ૪૫ મી ગાથાની જેમ માત્ર આ એક જ ગાથાથી યથાર્થ ઉપમા આપીને બતાવ્યું છે. ગુણસ્થાન આરોહણ ક્રમમાં ક્ષપક શ્રેણીએ ચડેલો સાધક-તીર્થંકર પ્રભુ નિયમા ક્ષપક શ્રેણીએ જ ચડેલા હોય છે. સૌથી પ્રથમ આઠમે ગુણસ્થાનકે ક્રોધ પ્રકૃતિને ખપાવે છે. તે રીતે પ્રભુએ પણ પ્રથમ ક્રોધને ખપાવ્યો. ત્યારે હવે આચાર્યશ્રી તેમને પૂછે છે કે પ્રભુ ! હવે બાકીના માન, માયા, લોભ આદિ કષાયરૂપી ચોરોને તમે કેવી રીતે દૂર કર્યા ? કારણ કે મનોવૈજ્ઞાનિક નિયમ છે કે અણગમતા મહેમાનોને ક્રોધ કરીને જ દૂર કરાય છે. તો એ નિયમની વિરૂદ્ધ જઇ તમે માનાદિને કેવી રીતે દૂર કર્યા ?

હવે તે તર્કનું આચાર્યશ્રી જ પોતે આ જગતમાં જોવામાં આવતી કુદરતની લીલાનું યથાર્થ દૃષ્ટાંત આપી સમાધાન કરે છે કે જેમ હિમ લીલાછમ વનોને પણ ક્ષણવારમાં જડમૂળથી બાળીને ભસ્મ કરી નાખે છે-અગ્નિનું બળેલું એક અપેક્ષાએ સારૂ કેમકે તે તો ઉપરથી જ બાળે છે, મૂળીઆ સાબુત રહે છે તેથી ફરી ઉગે છે, પણ ખેડૂત કહે છે હિમ તો બહુ ભૂંડો, તે તો જડમૂળથી લીલા-છમ ખેતરોને ક્ષણવારમાં બાળીને જડમૂળથી ભસ્મીભૂત કરી નાખે. તે જ પ્રમાણે હવે પ્રભુ પણ ક્રોધાગ્નિ પ્રથમ દૂર થવાથી હિમ સરખા અત્યંત શીતળીભૂત બની ગયા હોય છે. એટલે ક્ષમાદિ રૂપી હિમ વડે બાકીના સઘળા કર્મચોરોને બાળીને જડમૂળથી ભસ્મીભૂત કરી દે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, કે જેથી ફરી ઉદયમાં આવે જ નહિ. આ પ્રમાણે સર્વથા ઘાતી કર્મોને જડમૂળથી બાળીને પ્રભુ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવે છે, ને તેરમે ગુણઠાણે આવે છે અને છેવટે દ્વિચરમ સમયે ચૌદમું ગુણઠાણુ પ્રાપ્ત કરી મન વચન અને કાયાના યોગોને રૂંધી અયોગી સ્વરૂપ પ્રગટાવી, ચારે અઘાતી કર્મોને પણ ખપાવીને એક સમયમાં સિદ્ધ બુદ્ધ અને મુક્ત બની જઈ સ્વરૂપ દશાને પામી અવ્યાબાધ શાશ્વતા સુખની લહેરમાં સિદ્ધ શિલાએ જઈને બીરાજે છે.

વળી પાણી સ્વભાવથી વનસ્પતિનું પોષણ કરે છે, તે રીતે કષાયો સંસારના રસના પોષક છે, તે જ પાણી જ્યારે ઠરીને હિમ બની જાય છે. ત્યારે પાણીપણે જે વનસ્પતિને પોષનારૂં છે તેને જ બાળીને ભસ્મ કરે છે, તે જ પ્રમાણે ક્રોધાગ્નિ જવાથી આત્મા હિમ સરખો શીતળ બની જાય છે એટલે જે આત્મા અત્યાર સુધી વિષય કષાયના રસમાં ઓતપ્રોત હતો, તે જ હવે તે સંસારના રસને બાળીને ભસ્મીભૂત કરી દઈને પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટાવે છે.

કર્મને ચોરની ઉપમા યથાર્થ આપી છે. કારણ કે ચોર લોકોનો સ્વભાવ જ લોકોને ગાફેલ કરી તેમની સમૃદ્ધિને લૂંટી લેવાનો હોય છે. તે જ પ્રમાણે મોહનીયાદિ કર્મ શત્રુઓ–ચોરો પણ આત્માને તેના સ્વરૂપથી ગાફેલ રાખી તેના જ્ઞાન, દર્શન ક્ષમાદિ સ્વભાવની ગુણ સમૃદ્ધિને અનાદિ કાળથી લૂંટી લેનારા છે, તેથી તે ખરા ચોર જ છે. (જુઓ પુચ્છિસ્સણું વિવરણ ગાથા–૨૬) ॥૧૩॥

હવે યોગીઓને ધ્યાન ધરવા રૂપ એક માત્ર જિન સ્વરૂપ જ છે તેમ કહે છે.

**ત્વાં યોગિનો જિન! સદા પરમાત્મરૂપ**
**મન્વેષયંતિ હૃદયાંબુજ–કોશ–દેશે।**
**પૂતસ્ય નિર્મલરુચેર્યદિ વા કિમન્ય–**
**દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયાઃ ॥૧૪॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અન્વય : જિન ! યોગિન: હૃદયાંબુજકોશદેશે (હૃદયરૂપી કમળાના કોશ એટલે ડોડા અર્થાત્ મધ્યભાગે) પરમાત્મરૂપં ત્વામ્ સદા અન્વેષયંતિ । યદિવા નનુ નિર્મલ: રુચે: (કાંતિ) પૂતસ્ય (પવિત્ર) અક્ષસ્ય (કમળનુ બીજ, (૨) આત્મા) કર્ણિકાયા: (દાંડી) અન્યત્ પદં કિં સંભવિ (સંભવે છે) ? ॥૧૪॥

અર્થ : હે જિન ! મહર્ષિઓ પોતાના હૃદયકમળના મધ્ય-ભાગને વિષે સિદ્ધ સ્વરૂપ એવા તમોને નિરંતર જ્ઞાન ચક્ષુએ કરી જુએ છે. (આપના યથાર્થ સ્વરૂપનું ધ્યાન ધરે છે) તે યુક્ત જ છે. કારણ કે નિર્મળ કાંતિવાળા પવિત્ર કમળના બીજનું સ્થાન કમળના મધ્ય પ્રદેશમાં રહેલી દાંડી સિવાય બીજે શું સંભવે છે ? ॥૧૪॥

પરમાર્થ : બારે તપમાં ઉત્તમ ધ્યાન તપ છે અને તે ધ્યાન પણ જિન સ્વરૂપનું જ અંતરમાં ધરવું તેમ પરમાર્થથી 'અક્ષ' શબ્દનો શ્લેષાલંકાર તરીકે ઉપયોગ કરીને કહે છે : 'અક્ષ'ની વ્યુત્પત્તિ છે. "અક્ષ્ણાતિ ઈતિ અક્ષ:" અર્થાત્ "જે જાણે છે તે આત્મા છે." 'અક્ષ' ધાતુનો અર્થ છે "જાણવું" તેથી તેનો એક અર્થ થાય છે જાણનાર તે "આત્મા"ને બીજો અર્થ છે "કમળનું બીજ." હવે કમળના પવિત્ર બીજનું સ્થાન કમળની દાંડીના મધ્યભાગમાં છે, અને શુદ્ધ નિર્મળ આત્માનું સ્થાન શરીરની વિષે હૃદયકમળના મધ્ય-ભાગમાં છે. તેથી જ યોગી લોકો હૃદય વિષે પ્રભુનું ધ્યાન ધરે છે; અને પરમ આત્માના શુદ્ધ સ્વરૂપની અનુભૂતી પણ પોતાના અંતરમાં જ કરે છે તે યથાર્થ છે; એમ કહીને ભારપૂર્વક એ કહ્યું કે મહાન યોગીઓને પણ ધ્યાન ધરવા જેવું કોઈ સ્વરૂપ હોય તો તે એકમાત્ર કર્મયુક્ત થઈને નિર્મળ બનેલા જિનેશ્વર પરમાત્માનું જ છે. અને તેમનું ધ્યાન ધરીને જ જીવાત્મા સિદ્ધપદ પામે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેતારજ મુનિ, કાકંદિના ધન્ના અણગાર, મહાત્મા દૃઢ પ્રહારી, રાણી પદ્માવતી, મયણરેહા ઈત્યાદિના અધિકારોનું સ્મરણ કરવું. ॥૧૪॥

હવે ધ્યાનનું અત્યંત રૂડુ ફળ પરમપદની પ્રાપ્તિ બતાવે છે.

**ધ્યાનાજ્જિનેશ! ભવતો ભવિન: ક્ષણેન**
**દેહં વિહાય પરમાત્મદશાં વ્રજન્તિ।**
**તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે**
**ચામીકરત્વમચિરાદિવ ધાતુભેદા: ॥૧૫॥**

**અન્વય : જિનેશ! ભવિન: ભવત: ધ્યાનાત્–દેહં વિહાય ક્ષણેન પરમાત્માદશાં વ્રજન્તિ! લોકે ધાતુભેદા: (માટીમાંથી ધાતુ જુદી પાડવી તે) તીવ્ર અનલાત્ ઉપલ-ભાવં (પત્થરપણાને) અપાસ્ય (તજીને) અચિરાત્ (તુરત જ ચામીકરત્વં (સુવર્ણપણાને) ઈવ (વ્રજન્તિ) ॥૧૫॥**

**અર્થ** : હે જિનેશ! ભવ્ય જીવો આપના ધ્યાન થકી શરીરનો ત્યાગ કરીને એક ક્ષણ માત્રમાં પરમાત્મ દશાને કહેતા સિદ્ધ દશાને પામે છે; તે જેમકે (ખાણમાંથી નીકળતું) માટીવાળુ સોનું અગ્નિની તીવ્ર આંચથી પત્થરપણાને તજીને તુરત જ સુવર્ણપણાને પામે છે તે રીતે ॥૧૫॥

**પરમાર્થ** : આત્માને અત્રે સુવર્ણની ઉપમા અતિ સાર્થક આપી છે. કર્મને માટીની ઉપમા આપી છે. શુદ્ધ આત્મા–પરમાત્મા તપ્ત સુવર્ણ સરિખો વિશુદ્ધ અને દેદીપ્યમાન છે, પણ સંસારી આત્મા ખાણની માટીમાં રહેલા સોના સરખો હોય છે. ખાણમાં રહેલા સોનામાં શુદ્ધ સુવર્ણની ક્રાંતિ નથી હોતી, વળી સુવર્ણના કણ અતિ થોડાને માટીના થર ઘણા વધુ; તે પાંચ દશ ટન માટીમાંથી એકાદ ઔંસ સોનુ માંડ મળે. તે જ પ્રમાણે વૈભાવિક દશામાં રહેલા સંસારી આત્માના દરેક આત્મ પ્રદેશે મોહનીય કર્મના કારણે માટી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેવા કર્મ દલિકો વધુ ને વધુ વળગતા જાય છે અને આત્માના જ્ઞાન અને દર્શન ગુણને ઢાંકતા જાય છે તે છેક નિગોદ અવસ્થામાં એટલા બધા કર્મ દલિકો આત્માના પ્રદેશે પ્રદેશે વળગી જાય છે કે માત્ર અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન ગુણ ઉઘાડો રહે છે. તેમ છતાં મહત્ત્વની વાત એ છે કે આત્માના પ્રદેશો ખાણના સોનાના કણની માફક પોતાની અંતર્ગત વિશુદ્ધ અવસ્થા કદાપિ છોડતા નથી. સોનાનો કણ લાખો ટન માટી વડે દબાવા છતાં માટીમય બની જતો નથી. તેથી જ અગ્નિ વડે તપાવવાથી માટી બળી જઈ જેમ શુદ્ધ સુવર્ણ સાંપડે છે, તેમજ આત્માના પ્રદેશોને પ્રભુના ધ્યાનરૂપી તપથી તપાવવાથી માટી જેવા કર્મ બળીને ભસ્મીભૂત થઈ જાય છે અને સોના સરિખો શુદ્ધ આત્મા પ્રગટે છે—પરમાત્મા બની જાય છે—તે ભમરીને ઈયળના દૃષ્ટાંતે.

ગાથા : વીતરાગં યતો ધ્યાયન્ વીતરાગો ભવેદ્ ભવી ।
ઈલિકા ભ્રમરી ભીતા, ધ્યાયંતી ભ્રમરી યથા ॥

અર્થ : વીતરાગનું ધ્યાન કરતો થકો જીવ વીતરાગ સ્વરૂપ થાય છે. (કેની પેરે ?) તો કે ભ્રમરી થકી ડર પામતી ઈયળ, તે ભ્રમરીનું નિરંતર ધ્યાન કરતી થકી ભ્રમરી રૂપ થાય છે તેમ.

જે જેનું ચિંતવન પ્રતિક્ષણ કરે છે તે તેના જેવો જ થાય છે તે ન્યાયે હે જિનેશ ! ભવિ જીવો જે હરપળે આપનું ધ્યાન ધરે છે તે આપ સમાનજ સિદ્ધ પરમાત્મા બની જાય છે એમ અત્રે નિશ્ચયથી કહ્યું.

અત્રે પ્રસન્નચંદ્ર રાજર્ષિ, મુનિવર ગર્દભાલી, પ્રદેશી રાજા, ગજસુકુમાર મુનિ ઇત્યાદિના અધિકારનું ચિંતન કરવું. ॥૧૫॥

હવે ચેતન અને જડનું ભેદ વિજ્ઞાનનુ સ્વરૂપ બતાવે છે :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અન્તઃ સદૈવ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વં,
ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ।
એતત્સ્વરૂપમથ મધ્યવિવર્તિનો હિ,
યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ ॥૧૬॥

અન્વય : જિન ! ભવ્યૈઃ યસ્ય અંતઃ (અંતઃકરણ-હૃદય) સદૈવ ત્વં વિભાવ્યસે (ચિંતવન કરાય છે) તદપિ (તસ્ય) શરીરમ્ કથં નાશયસે ? અથ મહાનુભાવાઃ મધ્યવિવર્તિનઃ (અપક્ષપાતિ) એતત્સ્વરૂપં (એવા સ્વભાવના) યત્ વિગ્રહં પ્રશમયંતિ હિ (ખરેખર) ॥૧૬॥

અર્થ : હે જિનરાય ! ભવી જનો જે (દેહના) અંતઃકરણ વડે સદાકાળ આપને ચિંતવે છે, તે જ દેહનો તમે કેમ નાશ કરતા હશો ? અથવા ખરેખર એમ જ છે કે માધ્યસ્થભાવને વરેલા મહત્ પુરુષો (આત્માના) સ્વરૂપને પામવામાં જે નડતરરૂપ રહેલું છે તેને પ્રશાંત કરે છે. ॥૧૬॥

પરમાર્થ : અત્રે અનાદિ અનંત કાળથી, જડ અને ચેતન વચ્ચે–દેહ અને આત્મા વચ્ચે જે સંસારચક્રરૂપી સંગ્રામ–વિગ્રહ ચાલી રહેલ છે તેને મીટાવીને જિનેશ્વર આત્માનો ઉદ્ધાર કેમ કરે છે તે પરમાર્થથી બતાવ્યું છે.

પ્રથમ દૃષ્ટિએ આચાર્યશ્રીને આશ્ચર્ય થાય છે કે જે શરીર વડે ભક્તો ભગવાનનું ધ્યાન ધરે છે, તે જ શરીરનો પરમાત્મા નાશ કેમ કરતા હશે ? એટલે કે તે શરીરની જરાય આસક્તિ ન રાખવાનો ઉપદેશ તીર્થંકર ભગવાન કેમ આપતા હશે ? પણ તે યોગ્ય જ છે કેમકે અપક્ષપાતી મહાન પુરુષો કહેતા વીતરાગી જિનેશ્વર દેવોનો સ્વભાવજ કંઈ એવો રહેલો છે કે જે કારણ માટે અરસપરસ કલેશ થાય છે તેવા કલેશના કારણને જ સૌથી પ્રથમ શાંત કરે છે, જેથી ઝઘડાનું મૂળ ટળે ને શાંતિ થાય. તે જ ન્યાયે તમે પણ હે જિન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભુ ! શરીર અને આત્મા વચ્ચે મોહના કારણે અનાદિ કાળથી જે વિગ્રહ ચાલ્યા કરે છે. તે વિગ્રહને શાંત પાડવા માટે જ તે વિગ્રહના કારણભૂત એવા કર્મ પુદ્ગલરૂપી આ દેહનો નાશ કરો છો તે યોગ્ય જ છે. કારણ કે શરીરનું બંધન જવાથી જ આત્મા પોતાની સિદ્ધ દશાને પામે છે

અત્રે 'વિગ્રહ' અને 'મધ્યવિવર્તી' એ બંને શબ્દના શ્લેષ અલંકાર તરીકે ઉપયોગ કર્યો છે. વિગ્રહ – (૧) શરીર (૨) દ્વેષ અને "મધ્યવિવર્તી–(૧) મધ્યસ્થ વ્યક્તિ અને (૨) રાગદ્વેષ રહિત અર્થાત્ માધ્યસ્થભાવવાળા વીતરાગ જિનેશ્વર. તીર્થંકર ભગવંતો માધ્યસ્થભાવમાં રહીને આત્માને પરમાત્મ સ્વરૂપ પામવામાં નડતરરૂપ–વિગ્રહરૂપ એવા શરીરનો નાશ કરવાનો એટલે કે શરીરની જરાપણ આસકિત ન રાખવાનો જે બોધ ભકતોને આપે છે તે યોગ્ય જ છે એમ અત્રે પરમાર્થથી કહ્યું.

જડ અને ચેતન અર્થાત્ દેહ અને આત્માનો ભેદ સમજાવતા કવિ કહે છે: –

(દુહા)

ભાડે લીધી ઓરડી, ટુંક દિવસને માટ;  
શણગારી શા કામની, કરી ઘણેરા ઠાઠ. (૧)  
વજ્ર તુલ્ય કાયા કરી, વજ્રનું બખ્તર પેર;  
પેસ વજ્રની ઓરડીમાં, મટે ન કાળનું વેર. (૨)  
માટે મારા વીર તું, સમજી થા હોંશીયાર;  
પોષણ કર નિજ આત્મનું, ધર્મ કરી શ્રીકાર. (૩)

**ભાવાર્થ :** – આ શરીર તે ભાડે લીધેલી ઓરડી સમાન છે. ભાડાની ઓરડી કાંઈ પોતાનું ઘરનું મકાન નથી. તેથી માલિક કહે ત્યારે ખાલી કરી દેવી પડે. તેમ અત્રે કવિ કહે છે, કાળ–મૃત્યુ રૂપી માલિક જ્યારે દેહ રૂપી ઓરડી છોડવાને ફરમાવશે, ત્યારે કાયાને વજ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સરખી મજબુત બનાવીને, વજ્રનું બખ્તર પહેરીને વળી વજ્રની બનાવેલી ઓરડીમાં પેસી જઈશ, તો પણ કાળ તને છોડશે નહિ અને તેના હુકમને આધિન થઇ આ દેહ રૂપી ભાડાની ઓરડીને છોડીને હે આત્મન્ ! તારે ચાલી નીકળવું પડશે. માટે બેનડી જેમ સદાય પોતાના વીરાનું–ભાઇનું હીત અંતરમાં ઇચ્છતી હોય છે તેવા બેનડીના વાત્સલ્યભાવે કવિ કહે છે કે "હે મારા વીરા ! તું સમજીને હોંશીયાર થા, ભાડાની ઓરડીનો આસરો જ ન લેવો પડે તેટલા માટે 'શ્રી' કહેતા મોક્ષલક્ષ્મી અપાવનાર ધર્મને ભરપેટ કરીને તારા આત્માનું પોષણ કર. આ રીતે તીર્થંકર પ્રભુ પણ જીવાત્માની આ ભાડાની ઓરડીનો નાશ કરી તેના પરાધીનપણાને દૂર કરી, સ્વાધિનપણામાં–મોક્ષદશામાં સ્થાપે છે તે યુક્ત જ છે.

**આત્મા મનીષિભિરયં ત્વદભેદબુદ્ધ્યા**
**ધ્યાતો જિનેન્દ્ર! ભવતીહ ભવત્પ્રભાવ: ।**
**પાનીયમપ્યમૃતમિત્યનુચિંત્યમાનં,**
**કિં નામ નો વિષવિકારમપાકરોતિ ॥૧૭॥**

**અન્વય :- જિનેન્દ્ર! મનીષિભિ: (પંડિતો વડે) અયં, આત્મા ત્વદ્ અભેદ બુદ્ધ્યા ધ્યાત: ભવત્પ્રભાવ: (તમારા સરખા પ્રભાવવાળો) ઇહ (આ લોકમાં જ) ભવતિ । નામ (પ્રસિદ્ધ અર્થ માટે વપરાય છે) પાનીયં અપિ અમૃતં ઇતિ અનુચિંત્યમાનં વિષ વિકારં કિં નો અપાકરોતિ (દૂર કરે છે)? ॥૧૭॥**

**અર્થ :-** હે જિનેન્દ્ર ! પંડિત જનો કે જે આ આત્મા તમારી સાથે અભેદ બુદ્ધિએ કરીને ધ્યાવે છે, તે તમારા સરખા મહિમાવાળો આ જગતને વિશે થાય છે. તે જેમકે પાણી પણ અમૃત છે એ પ્રમાણે ચિંતવવાથી, (મંતરવાથી) વિષના વિકારને પણ શું દૂર નથી કરતું ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્થાત્ પાણી પણ શું અમૃત નથી બની જતું ? અવશ્ય બની જાય છે. ॥ ૧૭ ॥

**પરમાર્થ** :– પરમાર્થથી અત્રે જૈનદર્શનની નિશ્ચય દૃષ્ટીનું સ્વરૂપ બતાવ્યું છે, નિશ્ચય ધર્મ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણાનો ધર્મ, જૈનધર્મ કહે છે "જિન પદ" અને "નિજપદ" માં કશો ફરક નથી. સ્વર એમજ રહે છે, ફકત વ્યંજનરૂપી વર્ણાક્ષરની અદલીબદલી થાય છે. તે પ્રકારે જે કોઇ જીવાત્મા પોતાનાજ નિજ સ્વરૂપનું વિશુદ્ધ ભાવથી ધ્યાન ધરે છે તે અવશ્ય આચાર્યશ્રી કહે છે કે 'જિન' બની જાય છે, જે સાધક અભિન્નભાવે જિનેશ્વર દેવનું ધ્યાન ધરે છે તે પોતે "જિનપદ" ને પામી જાય છે, તે વાતને સમર્થન આપવા લોકવ્યવહારમાં જોવા મળતુ પાણીનું ઉદાહરણ અત્યંત સાર્થક સ્વરૂપે અત્રે આપ્યું છે તે આચાર્યશ્રીની નીરીક્ષણ શકિત ને કવિત્વ શકિતનું અનુપમ દૃષ્ટાંત છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે :–

નિજપદ જિનપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાઈ.

આઠમા ગુણઠાણાથી તેરમા ગુણઠાણા સુધીની સ્થિતિ અગે બતાવી દીધી છે. ક્ષપક શ્રેણીએ ચડેલો આત્મા અનન્યપણે પોતાના વિશુધ્ધ સ્વરૂપનું ચિંતન કરતાં પોતેજ પરમાત્મા બની જાય છે.

શ્રી કૃષ્ણ વાસુદેવ, શ્રેણિક મહારાજા, કાર્તિક શેઠ, શંખ શ્રાવક સુલસા શ્રાવિકા, રેવતી ગાથાપતિ, આદિ મહાન આત્માઓએ, જિનેશ્વર ભગવંતોની અભેદ ભાવે ભકિત કરી તો, તેના ફળ સ્વરૂપે તે સઘળાએ તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું અને આવતી ચોવીસીમાં અનુક્રમે બારમા શ્રી. અમમ, પહેલા શ્રી પદ્મનાભ, છઠ્ઠા શ્રી દેવશ્રુત, સાતમા શ્રી ઉદય, સોળમા શ્રી ચિત્રગુપ્તિ, સત્તરમા શ્રી સમાધિ નામે તીર્થંકર ભગવંતો થશે. તે અધિકારોના રૂડા ભાવોનું શાસ્ત્રોમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવલોકન કરી ચિંતન મનન કરવું. ॥૧૭॥

ત્વામેવ વીતતમસં પરવાદિનોઽપિ
નૂનં વિભો ! હરિહરાદિધિયા પ્રપન્ના : ।
કિં કાચકામલિભિરીશ ! સિતોઽપિ શંખો
નો ગૃહ્યતે વિવિધવર્ણ વિપર્યયેણ ॥ ૧૮ ॥

અન્વય : વિભો ! નૂનં પરવાદિન: (અન્ય ધર્મી) અપિ હરિ હરાદિ ધિયા (બુદ્ધિથી) ત્વાં એવ વીતતમસં (અજ્ઞાનરૂપી અંધકાર જેમનો ટળી ગયો છે તેવા કેવળજ્ઞાની) પ્રપન્ના: ઈશ ! સિત : (શ્વેત) અપિ શંખ : કાચ કામલિભિ : (કમળાના રોગીથી) વિવિધવર્ણ વિપર્યયેણ (વિવિધ પ્રકારના રંગે કરીને) કિં ન ગૃહ્યતે ? ॥ ૧૮ ॥

**અર્થ** : હે વિભુ ! અન્ય ધર્મીઓ પણ વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા આદિકની બુદ્ધિએ કરીને (તેમને પૂજે છે) પણ છેવટે વીતરાગ એવા તમને જ પામે છે, તે જેમકે સફેદ (ઉજળા) શંખને પણ, હે ઈશ ! કમળાના રોગીઓ જુદા જુદા રંગવાળો નથી વર્ણવતા ? અવશ્ય પીળા આદિ વર્ણનો કહે છે. ॥૧૮॥

**પરમાર્થ** : દરેક અન્યધર્મીઓ પોતાના ઈષ્ટદેવની પૂજા તેમને સર્વગુણ સંપન્ન માનીને કરે છે. અને સર્વગુણ સંપન્ન તો માત્ર તીર્થંકર પ્રભુજ હોય છે કેમકે તેમનોજ અજ્ઞાનરૂપી સંપૂર્ણ અંધકાર કેવળજ્ઞાન પ્રગટવાથી દૂર થયો છે અને તેથી સર્વ ગુણ પ્રગટયા હોય છે. એટલે સર્વગુણ સંપન્ન માનીને કરેલી સઘળી પૂજા અર્ચના તો છેવટે હે જિનેશ્વર ! આપનેજ પહોંચે છે, તે જેમ હાથીના પગલામાં સર્વ પશુઓના પગલા સમાઈ જાય છે તે દષ્ટાંતે, સંપૂર્ણ કેવળજ્ઞાની એક માત્ર આપજ છો તેથી આપ જ આરાધના કરવા યોગ્ય છો એમ અમે પરમાર્થથી કહ્યું. અત્રે અંબડ તાપસના અધિકારનું મનન કરવું. (સરખાવો ભક્તામર સ્તોત્ર ગાથા-૨૫.)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે ૧૯ થી ૨૭ સુધીની આઠ ગાથામાં તીર્થંકર પ્રભુનો કેવળમહોત્સવ દેવો ઉજવે છે ત્યારે સમવસરણની રચના કરીને દેવો પ્રભુની અષ્ટવિધ પ્રકારે પર્યુપાસના કરે છે જેને જૈન ધર્મમાં "અષ્ટ પ્રાતિહાર્યાતિશય" કહ્યા છે. તેની સંગ્રહણી ગાથા નીચે પ્રમાણે છે.

"અશોક વૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિ–દિવ્ય ધ્વનિશ્ચામરમાસનં ચ ।
ભામંડલં દુંદુભિરાતપત્રં, સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્ ॥.

અર્થ : (૧) અશોકવૃક્ષ (૨) દિવ્યપુષ્પ વૃષ્ટિ (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર (૫) સિંહાસન (૬) ભામંડળ (૭) દેવદુંદુભિ અને (૮) ત્રણ છત્ર–આ આઠ જિનેશ્વર ભગવંતોના પ્રાતિહાર્ય છે. તેનું વર્ણન હવે આઠ ગાથામાં કહે છે : (જુઓ ભક્તામર વિવરણ ગાથા ૨૮ થી ૩૫) ॥૧૮॥

પ્રથમ 'અશોક' વૃક્ષ પ્રાતિહાર્ય જે પ્રભુના સામિપ્યથી જીવો શોક રહિત બને છે તેમ સુચવે છે :

**ધર્મોપદેશસમયે સવિધાનુભાવાત્**
**આસ્તાં જનો ભવતિ તે તરુરપ્યશોકઃ ।**
**અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોઽપિ**
**કિં વા વિબોધમુપયાતિ ન જીવલોકઃ ॥૧૯॥**

**અન્વય : ધર્મોપદેશસમયે સવિધાનુભાવાત્ (સાંન્નિધ્યના પ્રભાવ થકી) જન : આસ્તાં તરુ : અપિ અશોક : ભવતિ! વા દિનપતૌ (સૂર્ય) અભ્યુદ્ગતે (ઉગવાથી) સમહીરુહ: (વૃક્ષાદિકે સહિત) અપિ જીવલોક: વિબોધં કિં ન ઉપયાતિ (પામે છે) ? ॥૧૯॥**

અર્થ :– ધર્મદેશનાના સમય વખતે આપના સાંન્નિધ્યના પ્રભાવ થકી મનુષ્યો જે છે તેમની વાત તો દૂર રહો પરંતુ વૃક્ષો પણ શોકરહિત થાય છે. અથવા સૂર્ય જ્યારે ઉદય પામે છે, ત્યારે વૃક્ષાદિક સહિત સમસ્ત જગત શું વિકસિત નથી થતું ? અવશ્ય થાય છે. ॥ ૧૯ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પરમાર્થ :** અત્રે 'અશોક' વૃક્ષ નામે પહેલા પ્રાતિહાર્યનું કથન કરતાં 'અશોક' ને 'વિબોધ' નું શ્લેષાલંકાર તરીકે સરસ પ્રયોજન કરી બતાવ્યું છે. (સરખાવો શ્રી. ભ. સ્તોત્ર. ગાથા-૨૮).

પ્રથમ 'અશોક' એટલે 'અશોક વૃક્ષ' કે જેની રચના સમવસરણના સમયે તીર્થંકર પ્રભુના દેહમાન કરતાં બારગણી ઊંચાઈની કરે છે તે વૃક્ષનું નામ અને બીજો અર્થ અશોક એટલે શોક રહિત પણું. હવે આચાર્ય કહે છે કે પ્રભુના સાન્નિધ્યથી અશોક વૃક્ષ કે જે એકેંદ્રિય જાતિમાં રહેલું છે તે પણ શોક રહિત બની ખીલી ઉઠે છે. તો પછી દેવ મનુષ્યાદિને બાર પ્રકારની પંચેદ્રિય જાતિની પર્ષદા એકઠી થઈ છે તેમની પ્રસન્નતાની તો વાત જ શી? અર્થાત્ પ્રભુના સાંનિધ્યે બધા જીવોના શોક સંતાપ દૂર થાય થાય જ તેમ અગે કહ્યું.

હવે 'વિબોધ' એટલે નિદ્રામાંથી જાગવું અને બીજો અર્થ છે વિકસીત થવું. અર્થાત્ વિશિષ્ટ પ્રકારે બોધ પામવો. જ્યારે સૂર્ય ઉગે છે ત્યારે વૃક્ષો પણ પત્રસંકોચાદિ લક્ષણવાળી નિદ્રાનો ત્યાગ કરી વૃદ્ધિવિકાસને પામે છે અને બેઈન્દ્રિયાદિ અન્ય જીવો પણ નિદ્રાનો ત્યાગ કરી પ્રવૃતિમય બને છે. તે જ પ્રમાણે તીર્થંકરના કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી પ્રભુના સામિપ્યથી ભવિજનો પણ અનાદિ અનંતકાળની મોહનિદ્રા તજી ભાવજાગૃતિને પામી પોતાના આત્મ-વિકાસની આરાધનામાં તન્મય બને છે." આ પ્રમાણે મહાપુરૂષોનો પ્રભાવ જ કંઈક એવો અલૌકિક હોય છે કે તેમના સમાગમમાં આવવાથી પ્રાણીમાત્ર પ્રફુલ્લિત બનીને પોતાના વિકાસને સાધે છે અને અશોકવૃક્ષની માફક ખરેખર અશોક કહેતા શોક-સંતાપ રહિત બને છે.

અત્રે ગૌતમ ગણધરાદિ અગીયારે ગણધરોના અધિકારનું ચિંતન કરવુ. ગૌતમાદિ પંડિતો વેદના પ્રકાંડ પંડિતો હતા અને રૂઆબથી ગયા હતા પ્રભુને હરાવવા, પણ કેવળજ્ઞાનરૂપી સૂર્યના જ્ઞાનપ્રકાશથી ઝળહળતા પ્રભુજી પાસે પહોંચતા જ તેમની જ શંકાઓનું સમાધાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઠ ગયું અને સમ્યગ્દષ્ટિ બની ગયા. પંડિતાણીઓની રજા લેવા ણ ન ગયા ને ત્યાં ને ત્યાંજ દીક્ષા લઈને પ્રભુના શિષ્યો બની ગયા અને તેજ ભવે ભવનો અંત કરી મોક્ષે પધાર્યા. ॥૧૯॥

બીજો અચેત દિવ્ય પુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય–ભવીજીવો હળુકમી મને છે :

ચિત્રં વિભો ! કથમવાઙ્મુખવૃન્તમેવ
વિષ્વક્ પતત્યવિરલા સુરપુષ્પવૃષ્ટિ:
ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ ।
ગચ્છંતિ નૂનમધએહ હિ બંધનાનિ ॥૨૦॥

**અન્વય: વિભો ! અવિરલા (અવિરત) સુરપુષ્પવૃષ્ટિ: વિષ્વક્ (ચોતરફ) અવાઙ્ (નીચું) મુખ વૃન્તં (ડીટું) એવ કથં પતતિ, ચિત્રં । યદિ વા મુનીશ ! ત્વદ્ ગોચરે (સમીપે) સુમનસાં (પુષ્પ, પંડિત અને દેવ) બંધિનાનિ નૂનં હિ અધએવ (નીચે જ) ગચ્છંતિ ॥૨૦॥**

**અર્થ :** હે વિભુ ! (સમવસરણના સમયે) દેવો ચારે બાજુ જે અચેત્ દિવ્ય પુષ્પોની વૃષ્ટિ નિરંતર કરે છે, તે પુષ્પોના ડીંટા આપની પાસે આવતા અધોમુખ કેમ થઈ જતા હશે ? તે ખરેખર આશ્ચર્ય-જનક છે ! અથવા તે યુક્ત જ છે કારણ કે હે મુનીશ ! આપની સમીપે આવવાથી ભવી જનો અને પુષ્પોના બંધન (કર્મ બંધન કે ડીંટારૂપી બંધન) અવશ્ય જવા જ જોઈએ. ॥૨૦॥

**પરમાર્થ :** આ અતિશયની ખુબી એવી છે કે જ્યારે દેવો પ્રભુની ચોતરફ અચેત દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરે છે ત્યારે ફૂલના ડીંટા નિયમથી ઊંચાજ રહે છે અને સુકોમળ પાંદડીઓ વાળો ભાગ જ પ્રભુને સ્પર્શે છે.

અત્રે 'સુમન' અને 'બંધન' નો શ્લેષાલંકાર તરીકે સરસ ઉપયોગ કર્યો છે સુમન એટલે (૧) ફૂલ અને (૨) સુષ્ઠુ મન: યસ્ય સ:



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુમનઃ અર્થાત્ રૂડા મનવાળો એટલે કે જ્ઞાની ભક્ત, બંધન એટલે (૧) ફુલનું ડીંટારૂપી બંધન અને (૨) જીવનું કર્મરૂપી બંધન. ફુલની પાંદડીઓ ડીટા દ્વારા ડાળીએ બંધાઈને રહે છે, તેમ સંસારી જીવ રાગ અને દ્વેષ રૂપી કર્મ બંધનથી સંસારચક્રમાં બંધાયલો રહે છે. પણ આશ્ચર્ય (નવાઈ) ની વાત તો એ છે કે બંનેના બંધનો પ્રભુના સમીપે આવવાથી અધોમુખ બની જાય છે કહેતાં તે બંધનો તુટી જાય છે. ભવ્ય જીવો કર્મપાસથી મુકત બની પોતેજ પરમાત્મ સ્વરૂપ બની જાય છે. આવું મહાન ફળ તીર્થંકર પ્રભુના સાન્નિધ્યનું અત્રે પરમાર્થથી બતાવ્યું છે. (જુઓ ભકતામર સ્તોત્ર ગાથા-૩૩.)

અત્રે ચંડકૌશિક સર્પના અધિકારનું સ્મરણ કરવું. ભયંકર દૃષ્ટિવિષ સર્પરૂપે ઉત્પન્ન થવા છતાં પ્રભુના દર્શનથી તેવો ક્રોધી જીવ પણ અત્યંત ક્ષમાશીલ બની ગયો અને પોતાના ગાઢા કર્મોને દૂર કરી સદ્દગતિ પામ્યો. તો પછી ભવિજનો જેમને પ્રભુના દર્શન થયા તે જંબુકુમારની જેમ મોક્ષે જાય તેમાં શું આશ્ચર્ય ? તીર્થંકર પરમાત્માનું રૂડા ભાવથી સ્મરણ કરે તેના કર્મ બંધન અવશ્ય દૂર થાય જ. ॥૨૦॥

ત્રીજો "દિવ્ય વાણી" અતિશય-સાક્ષાત્ અમૃત સરખી, અજરામર પદને દેનારી પ્રભુની વાણીને કહી છે :

**સ્થાને ગભીરહૃદયોદધિસંભવાયા :**
**પીયૂષતાં તવગિરઃ સમુદીરયંતિ ।**
**પીત્વા યત : પરમસંમદસંગભાજો**
**ભવ્યા વ્રજન્તિ તરસાપ્યજરામરત્વમ્ ॥૨૧॥**

**અન્વય : ગભીર (ગંભીર) હૃદય ઉદધિ-સંભવાયા: (સંભવતી) તવ ગિર: (વાણી) પીયૂષતાં (અમૃતપણાને) સમુદીરયંતિ (પામે છે) સ્થાને (તે યુકત જ છે) । યતઃ (કારણ કે) પરમ સંમદ (આનંદ) સંગ ભાજ: ભવ્યા: પીત્વા તરસા (શીઘ્ર) અપિ અજરામરત્વં વ્રજન્તિ ॥૨૧॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અર્થ :** (હે જિનેન્દ્ર !) ગંભીર હૃદયરૂપી સાગરમાંથી સંભવતી આપની વાણી અમૃતપણાને પામે છે (તેમ જ્ઞાની જનો કહે છે) તે યોગ્ય જ છે. કારણ કે તમારા સંગરૂપી પરમ આનંદને જેમણે પ્રાપ્ત કરેલ છે તેવા ભવિ જનો તેનુ પાન કરીને શીઘ્ર અજરામર પદને પામે છે. ॥૨૧॥

**પરમાર્થ :** તીર્થંકર પ્રભુની વાણીનો મહિમા એવો છે કે સમવસરણમાં આવેલી બારે પ્રકારની પર્ષદા–દેવો, મનુષ્યો અને તિર્યંચો-પ્રભુ તો એક જ ભાષામાં દેશના ફરમાવે છતાં સહુ પોતપોતાની ભાષામાં સમજી જાય છે.

વળી પ્રભુની વાણીને અમૃત સરખી પણ સાર્થક રીતે કહી છે. અમૃત સમુદ્રમાંથી નીકળેલું અને તેનુ પાન કરીને દેવો અમર બની ગયાની માન્યતા છે, તે જ પ્રમાણે તીર્થંકર પ્રભુની ધીર ગંભીર વાણી પણ તેમના હૃદય રૂપી સમુદ્રમાંથી નીકળે છે અર્થાત્ અંતર્સ્પર્શી હોય છે અને જે ભવિજન તેનું પાન કરે છે અર્થાત્ રૂડા ભાવથી અંતરમાં ધારે છે તે ખરેખર અજરામર પદ પામી જાય છે.

(જુઓ ભક્તામર સ્તોત્ર ગાથા–૩૫)

અત્રે 'રોહિણીયા' ચોરનું સ્મરણ કરવું. અત્યંત કાબેલ ચોર અને પ્રભુની વાણી પ્રાણાંતે પણ ન સાંભળવી એવો જેણે પિતાની મરણ પથારીએ સંકલ્પ કરેલ છે. તેવો પાપી–જીવ પણ પગમાં કાંટો વાગવાથી કાનમાંથી આંગળી દૂર કરીને કાંટો કાઢવા જતા પ્રભુની દેશનાના 'દેવોને પડછાયો ન હોય' આદિ શબ્દો કચવાતે મને સાંભળી જાય છે. પણ તે જ શબ્દો તેને ચાર બુદ્ધિના ધણી એવા અભયકુમાર મંત્રીના સંકજામાંથી બચાવે છે. ત્યારે તે દુરાત્મા પણ વિચારે છે અરે મહાવીરના આ શબ્દોએ મને બચાવ્યો. નહિતર શુળી મારા માટે તૈયાર હતી. તો તે પ્રભુના–ભાવ કર્યા એટલે મહાવીર પ્રભુ બની ગયા–ધર્મબોધને ભાવથી સાંભળું ને અનુસરૂ તો મારૂં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેવું કલ્યાણ થાય! અને તે જીવ ગ્રંથો કહે છે કે ખરેખર તરી ગયો. આવો પ્રતાપ પ્રભુની વાણીનો–વીતરાગ વાણીનો છે. જે સાંભળે તેનું એકાંત કલ્યાણ, કલ્યાણ ને કલ્યાણ જ થાય તેમ દૃઢપણે માનવુ. ॥૨૧॥

ચોથો ચામર પ્રાતિહાર્ય ભાવની શુદ્ધતા, પવિત્રતા નમ્રતા સુચવે છે.

સ્વામિન્! સુદૂરમવનમ્ય સમુત્પતંતો
મન્યે વદંતિ શુચય: સુરચામરૌઘા:।
યેઽસ્મૈ નતિં વિદધતે મુનિપુંગવાય
તે નૂન મૂર્ધ્વગતય: ખલુ શુધ્ધભાવા: ॥૨૨॥

અન્વય: સ્વામિન્! મન્યે શુચય: (પવિત્ર) સુર ચામર ઔઘા: (સમુહ) સુદૂરં અનમ્ય સમુત્પતંત: (ઊંચા જતાં થકા) વદંતિ "યે (જે) અસ્મૈ (આ) મુનિપુંગવાય નતિં (નમસ્કાર) વિદધતે (કરે છે) તે ખલુ શુદ્ધભાવા: નૂનં ઉર્ધ્વં ગતય: ॥૨૨॥

**અર્થ**:–હે સ્વામી! હું માનું છું કે દેવોએ વીંઝેલા જે પવિત્ર ચામરોના સમૂહ તે અત્યંત નીચા નમીને ફરી ઊંચા જતાં (જાણે) આ પ્રકારે કહે છે "જે ભવીજનો આ પ્રત્યક્ષ એવા મુનિપુંગવ શ્રી પાર્શ્વનાથ પ્રભુને વંદણા નમસ્કાર કરે છે. તે જો તેમના ભાવ શુદ્ધ હશે તો ખરેખર (અમારી જેમ) ઊંચી ગતિને પામશે. ॥૨૨॥

**પરમાર્થ** : સમોસરણ વખતે અંતરીક્ષમાં રહીને તીર્થંકર પ્રભુની બંને બાજુએ બાર બાર દેવો અકેક હાથમાં અકેક પવિત્ર શ્વેત ચામર લઇને પ્રભુને વીંઝે છે તેવી માન્યતા છે. આ ચામર જાણે એમ સૂચવે છે કે જે કોઈ અમારી જેમ નીચા નમીને પ્રભુને નમન કરે છે, અર્થાત્ પોતાનો અહંભાવ છોડી પોતાની જાતનું રૂડા ભાવથી પ્રભુને સમર્પણ કરે છે, તે ભકતો અમારી જેમ જ ઊંચી ગતિને અર્થાત્ મોક્ષ ગતિને ખરેખર પામે છે. (જુઓ. ભકતામર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્તોત્ર ગાથા-૩૦.)

અત્રે જીવાત્માના શુદ્ધ સમર્પણ ભાવ ઉપર ભાર મૂકયો છે.

અત્રે શ્રી બાહુબલિજી, દશાર્ણભદ્ર રાજાના અધિકારનું વિધેયાત્મક રીતે અર્થાત માન છોડી પ્રભુ શરણે જવું અને વીર પ્રભુના ત્રીજામરિચિકુમારના ભવનું નિષેધાત્મક રીતે અર્થાત મદ ન કરવો, મદ કરવાથી-પ્રભુના જીવને પણ કેટલુ સહન કરવું પડયું તે બાબત સ્મરણ કરી માન કષાય છોડવા ઉદ્યત થવું. ॥૨૨॥

પાંચમો સિંહાસન પ્રાતિહાર્ય: પ્રભુને તેના પર બેઠેલા જોઈને ભવી જીવોના મન-મયુર નાચી ઉઠે છે:

**શ્યામં ગભીરગિરમુજ્જવલ હેમરત્ન-**
**સિંહાસનસ્થમિહ ભવ્યશિખંડિનસ્ત્વામ્ ।**
**આલોકયંતિ રભસેન નદંતમુચ્ચૈશ્‌**
**ચામીકરાદ્રિશિરસીવ નવાંબુવાહમ્ ॥૨૩॥**

**અન્વય : ભવ્ય શિખંડિનઃ (મોર) ઇહ (અહિં-આ સમવસરણને વિષે) ઉજ્જવલ હેમ રત્ન સિંહાસનસ્થં ગભીરગિરં શ્યામં ત્વાં રભસેન (આતુરતાથી) આલોકયંતિ ચામીકર અદ્રિ (સોનાનો પર્વત અર્થાત્ મેરૂ પર્વત) શિરસિ (શિખર) ઉચ્ચૈઃ નદંતં (ગર્જના કરતો) નવ અંબુવાહં (વાદળા) ઈવ ॥૨૩॥**

**અર્થ :** સુવર્ણમય મેરૂ પર્વતના ઊંચા શિખર પર ગર્જના કરતા નવા મેઘને જેમ મયુરો આતુરતાથી જુએ છે તેમ જ ભવીજન રૂપી મયુરો ગંભીર વાણી (વડે દેશના દેતા) અને શ્યામલરૂપવાળા એવા આપને આ સમવસરણને વિષે રત્નજડિત સોનાના સિંહાસનમાં બેઠેલા (હર્ષપૂર્વક) જુએ છે. ॥૨૩॥

**પરમાર્થ :** અત્રે સોનાના મેરૂ પર્વતને સ્થાને સિંહાસન જાણવું; જળભર્યા કાળા ભમ્મર નવા મેઘને સ્થાને પાર્શ્વનાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભુનુ શ્યામલ શરીર સમજવું, કારણ કે પ્રભુનો વર્ણ નીલવર્ણો છે, અને મેઘ-ગર્જના જેવી ગંભીર પ્રભુની વાણી સમજવી; અને ભવ્ય જીવોને મયુરની ઉપમા આપી સર્વાંગ સુંદર કલ્પના ચિત્ર દોર્યું છે. દેશના દેતી વખતે તીર્થંકર પ્રભુને જોઈને ભવ્ય જનોના મનના મોરલાઓ નાચી ઉઠે છે કારણ કે પ્રભુના દર્શન કરીને અને પ્રભુની દેશના સાંભળીને જીવો અવશ્ય હળુ કર્મી બની પરમગતિને પામે છે.

તીર્થંકર ભગવંતોના દર્શનથી અને દેશનાથી અનેક ભવ્ય જીવોના મનના મોરલાઓ નાચી ઉઠ્યાના સિદ્ધાંતમાં ઠેર ઠેર દષ્ટાંતો છે. ચોવીસે જિનના ચૌદસો ને બાવનગણધર તેના ઉત્કૃષ્ટ ઉદાહરણ રૂપે છે. તેમાં મલ્લી કુંવરી અને છ રાજાઓ કે જે પછી ઓગણીશમા તીર્થંકર મલ્લીનાથ પ્રભુ અને તેમના છ ગણધર બને છે તેમનો આ ભવનો અને પૂર્વભવના મહાબળ રાજા અને છ મિત્રોનો અધિકાર ચિંતવવા જેવો છે. પૂર્વભવના ઋણાનુબંધના કારણે છ એ રાજા મલ્લીકુંવરીના રૂપમાં આસક્ત બને છે અને મલ્લીકુંવરીને મેળવવા માટે યુદ્ધ કરવા પણ તૈયાર થાય છે. તેમને મલ્લીકુંવરી હજી તો તીર્થંકર બન્યા નથી છતાં કેવી ઓવદાયી યુક્તિથી દેહના રૂપને જોવાને બદલે આત્મસ્વરૂપની ઓળખાણ કરાવીને પરમાર્થ માર્ગે વાળે છે જેથી તેમના મનના મોરલાઓ મલ્લીનાથ પ્રભુના દર્શન અને દેશનાથી નાચી ઉઠે છે અને મલ્લીકુંવરીના પોતે નાથ (પતિ) બનવાને બદલે છ એ રાજા મલ્લીકુંવરીને પોતાના 'નાથ' બનાવી દે છે, પોતાની જાતનું મલ્લીનાથ પ્રભુના ચરણે સંપૂર્ણ સમર્પણ કરી દે છે અને પોતાના અહંભાવનું-કષાયોનું સંપૂર્ણ વિસર્જન કરી તીર્થંકર પ્રભુના અવલંબને પોતાના આત્માનું પરમ કલ્યાણ સાધીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે. ॥૨૩॥

છઠ્ઠો "ભામંડળ" અતિશય ભવી જીવોને મોક્ષમાર્ગે પ્રેરે છે :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિમંડલેન,
લુપ્તચ્છદચ્છવિરશોકતરુર્બભૂવ ।
સાન્નિધ્યતોઽપિ યદિ વા તવ વીતરાગ ।
નીરાગતાં વ્રજતિ કો ન સચેતનોઽપિ ॥૨૪॥

અન્વય : તવ ઉદ્ગચ્છતા (ઊંચે જતા) શિતિ (શ્યામ) દ્યુતિ મંડલેન (ભામંડળ વડે) લુપ્તત્ છદત્ (પાંદડા) છવિઃ (છબી એટલે કે કાંતિ) અશોકતરુઃ બભૂવ (થાય છે) યદિ વા વીતરાગ ! તવ સાન્નિધ્યતઃ અપિ સચેતનઃ અપિ કઃ નીરાગતાં ન વ્રજતિ ? ॥૨૪॥

અર્થ : આપના નીલવર્ણા ભામંડળના ઊંચે ફેલાતા તેજ વડે અશોક વૃક્ષના પાંદડાનો (ઘેરો લીલો) રંગ લેપાય છે, તે યુક્ત જ છે, કારણ કે હે વીતરાગી પ્રભુ ! આપનું સાન્નિધ્ય પામવાથી કયો સચેતન જીવ રાગરહિતદશાને ન પામે ? અવશ્ય પામે. ॥૨૪॥

પરમાર્થ : તીર્થંકર પ્રભુને કેવળજ્ઞાન પ્રગટવાથી મસ્તકના પછવાડેના ભાગમાં ગોળાકાર દિવ્ય તેજનું વર્તુળ રચાય છે જે ‘ ભામંડળ ’ કહેવાય છે. તે ભામંડળના તેજમાં દેવો તેની શોભા વધારવા દિવ્ય મણીઓને જડે છે તેથી આ પણ દેવકૃત અતિશય ગણાય છે.

પ્રભુને અત્રે વીતરાગ સંબોધન બહુજ સાર્થક રીતે કર્યું છે. સર્વ ઘાતી કર્મ દૂર થયા હોવાથી તીર્થંકર “ વીતરાગ ” બન્યા છે. હવે વીતરાગના સમાગમમાં જે કોઈ જીવ આવે તે પણ અવશ્ય નીરાગતાને પામે જ તેમ અશોક વૃક્ષના પાંદડાનો ઘેરો લીલો રંગ પણ પ્રભુના સાન્નિધ્યના કારણે હળવો બનતો જોઈ અત્રે કહ્યું.

‘ રાગ ’ શબ્દનો શ્લેષ અલંકાર તરીકે અત્રે ઉપયોગ કર્યો છે. રાગ એટલે (૧) મોહ અને (૨) લાલ રંગ. તેથી વીતરાગ શબ્દના પણ બે અર્થ છે (૧) રાગરહિત થવું ને (૨) લાલ રંગથી રહિત થવું. હવે અશોક વૃક્ષના ઘેરા લીલા પાંદડા પ્રભુના સાન્નિધ્યથી

P.P. Ac. Gunratnasuri M.S. 				Jun Gun Aaradhak Trust

તેમના શરીરના નીલવર્ણી કારણો તે પાંદડા પર પડવાથી લાલ રંગથી રહિત થાય છે તે કુદરતી નિયમ છે તે જ પ્રમાણે જે બાર પ્રકારની પરિષદ સમવસરણમાં એકઠી થઈ છે, તેમના પણ ભવોભવના કર્મની કાળાશ પ્રભુના સામીપ્યથી હળવી બની જઈને અર્થાત્ મોહ દશા હળવી બની જઈને વૈરાગ્ય વાસિત બને છે. પ્રભુના સામીપ્ય પણાનો આ પ્રભાવ છે. એકેંદ્રિય પાંદડા પણ જો હળવા રંગના બને તો પછી પંચેંદ્રિય પર્ષદા કર્મભારથી હળવી કેમ ન બને ? બને જ. (જુઓ ભકતામર સ્તોત્ર ગાથા ૩૪.)

આ ભામંડળનો પ્રભાવ એવો છે કે જે કોઈ ભવી જીવ તેના દર્શન કરી શકે, તેને જાતિસ્મરણ જ્ઞાન થાય. પૂર્વના સાત ભવ જાણે, દેખે, અને તે જાણી નિયમા વૈરાગ્યવાસિત બની સંયમ માર્ગને તીર્થંકર પ્રભુ સમીપે અંગીકાર કરી મુકિત–માર્ગનો યાત્રિક બની તે જ ભવે અગર તો ભવ પરંપરાએ નિયમા સિદ્ધ, બુદ્ધ અને મુકત બને. આના તો અપાર દ્દષ્ટાંતો છે જે ગણતા પાર ન આવે. તેથી જ સાધુ વંદણામાં ગાયું છે :

**ચોવીસે જીનના, સાધુ સાધ્વી સાર,**
**ગયા મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર. ॥૧૦૭॥ ॥૨૪॥**

સાતમો દેવદુંદુભિ અતિશય લોકોને ભાવનિદ્રામાંથી જગાડે છે :

**ભો ભોઃ પ્રમાદમભવધૂય ભજધ્વમેન-**
**માગત્ય નિવૃત્તિપુરીં પ્રતિ સાર્થવાહમ્ ।**
**એતન્નિવેદયતિ દેવ ! જગત્ત્રાયાય,**
**મન્યે નદન્નભિનભઃ સુરદુંદુભિસ્તે ॥૨૫॥**

**અન્વય : મન્યે દેવ ! તે સુરદુંદુભિઃ અભિનભઃ (આકાશને વ્યાપીને) નદન્ (ગર્જીને) જગત્ત્રયાય એતત્ નિવેદયતિ ભોઃ ભોઃ પ્રમાદં અવધૂય (તજીને) આગત્ય એનં નિવૃત્તિપુરીં પ્રતિ સાર્થવાહં ભજધ્વં ॥૨૫॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અર્થ :** હું માનું છું કે હે દેવ ! તમારો દેવદંદુભિ આકાશ વ્યાપી ગર્જના કરતો ત્રણે જગતને જાણે આ પ્રકારે નિવેદન કરી રહ્યો છે, "હે ત્રણે જગતના જીવો ! તમે પ્રમાદ તજીને આવો અને આ પાર્શ્વ પ્રભુ જે મોક્ષપુરીના સાર્થવાહ છે તેમને ભજો." ॥૨૫॥

**પરમાર્થ :** અત્રે દેવદુંદુભિ વાગતી વાગતી જાણે બોલતી કેમ ન હોય તેમ બતાવીને 'ઉત્પ્રેક્ષા' અલંકારનો પ્રયોગ કર્યો છે. દેવદુંદુભિ જાણે કહી રહી છે કે "હે ભવ્યો ! પાર્શ્વપ્રભુએ મોક્ષપુરીનો સાર્થ કાઢયો છે; અને તેમાં જે કોઈ ભવિજીવને જોડાવું હોય તે ખુશીથી જોડાવ." એટલું જ કહીને બેસી નથી રહેતી પણ વળી સલાહ આપે છે કે તમે અત્યારે અવસર આવ્યો છે માટે પ્રમાદ તજીને પ્રભુના સાર્થમાં સત્વરે જોડાઇ જાવ એટલે કે શ્રદ્ધાપૂર્વ તમારી જાતનું પ્રભુના ચરણે અહંભાવ તજી સમર્પણ કરો, તો પછી મુકિતપુરીએ હેમખેમ પહોંચાડવાની સઘળી જવાબદારી પ્રભુ લૌકીક સાર્થવાહની જેમજ પોતાના શિરે લેશે.

પ્રમાદ જ ભવભ્રમણનું કારણ છે. સિદ્ધાંતમાં પણ પાંચ પ્રમાદ તે (૧) મદ (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા અગર નિંદા ને (૫) વિકથા ને જીવાત્માને સંસારમાં પાડનારા કહ્યા છે. તેની ગાથા છે :

"મજ્જવિસય કસાયા, નિદ્દા વિકહાય પંચમી ભણિયા ।
એ એ પંચપ્પમાયા, જીવા પાડન્તિ સંસારે ॥

માટે અત્રે પ્રમાદ તજવાનું કહ્યું. પ્રમાદ છૂટે કે જીવના મોક્ષ તરફના પગલા તુરત જ શરૂ થાય. જીવાત્મા મોક્ષ સન્મુખ થાય. તેવો પ્રમાદ, નમિરાજર્ષિ, ઇલાચિ કુમાર, મૃગાપુત્ર, સમુદ્રપાળ મુનિ હરિકેશીબળ મુનિ, આદ્રક કુમાર મુનિ આદિ અનેક ભવ્ય મહાત્માઓએ છોડયો અને પ્રભુના મોક્ષપુરીના સાર્થમાં જોડાઈને પોતે પણ મોક્ષપુરીએ પહોંચી ગયા. તેમના અધિકાર ચિંતવવા. ॥૨૫॥

આઠમો છત્રાતિછત્ર અતિશયપ્રભુનુ ત્રિલોકીનાથપણુ સૂચવે છે :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ ।
તારાન્વિતો વિધુરયં વિહતાધિકાર : ।
મુક્તાકલાપકલિતોલ્લસિતા[1]તપત્ર–
વ્યાજાત્ત્રિધા ધૃતતનુર્ધ્રુવમભ્યુપેતઃ ॥૨૬॥

અન્વય : નાથ ! ભવતાભુવનેષુ ઉદ્યોતિતેષુ તારાન્વિતઃ અયં વિધુઃ ( ચંદ્રમા ) વિહતાધિકારઃ મુકતા કલાપ (સમૂહ) કલિત ( સહિત ) ઉલ્લસિત ( પાંઠાંતરે ઉચ્છ્વસિત પણ છે બંનેના અર્થ એક જ છે ) આતપત્ર (તાપથી રક્ષણ કરનાર એટલે કે ત્રણ છત્ર ) વ્યાજાત (મીષે કરી, ત્રિધા ( ત્રણ પ્રકારે ) ધૃત તનુઃ ધ્રુવં અભ્યુપેતઃ ॥૨૬॥

અર્થ : હે નાથ ! જ્યારે આ લોકને વિષે આપ પ્રકાશિત થયા, અર્થાત્ કેવળજ્ઞાન પ્રગટયું, ત્યારે તારા મંડળથી વીંટાયેલો આ ચંદ્રમા ( જાણે કે જગતને પ્રકાશ આપવાના તેના ) અધિકારથી રહિત થયો. ( તેથી ) મોતીના સમૂહથી ( શોભતા અને ) પ્રકાશિત એવા ત્રણ છત્રના મિષે ત્રણ પ્રકારનું રૂપ ધરીને તે ચંદ્રમા પોતે જ જાણે કે આપની સેવા કરવા આવ્યો. ॥૨૬॥

પરમાર્થ : આ અતિશયની વિશેષતા એ છે કે આ ત્રણ છત્ર તીર્થંકર પ્રભુનો કેવળ મહોત્સવ ઉજવાય ત્યારથી પ્રભુના શિરછત્ર તરીકે દેવો રચે છે અને પ્રભુ નિર્વાણ પામે ત્યાં સુધી તેમના શિર પર કાયમ રહે છે. જ્યારે બીજા અતિશય છે તે વિલિન થઈ જાય છે તેવી માન્યતા છે, તેથી જાણે પ્રભુનુ ત્રિલોકીનાથપણું દર્શાવે છે.

આ ત્રણે છત્રો પૂર્ણિમાના ચંદ્ર જેવા ગોળાકારે ચાંદિ જેવા ઉજ્જવળ અને સફેદ તથા ચારે બાજુ મોતીઓની ઝુલ સહિત હોય છે. આ મોતીઓની સેર તે ચંદ્રમાના તારા, નક્ષત્ર, ગ્રહ આદિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંડળના પ્રતિક છે.

ચંદ્રમાનો અધિકાર રાત્રીએ જગતને પ્રકાશ અને શીતળતા આપવાનો છે. પણ જ્યારે તીર્થંકર પ્રભુ અકષાયી બની કેવળજ્ઞાન પ્રગટાવે છે. ત્યારે પ્રભુ હવે જગતના સર્વ જીવોને રાત ને દિવસ ભાવ પ્રકાશના આપનારા છે અને ત્રિવિધ તાપથી બળેલા જીવોને તેમના હિતકારી બોધથી ઠારનારા છે તેથી હવે ચંદ્રને લાગે છે કે મારી કશી ઉપયોગીતા રહી નથી એટલે સેવા કરવાના બહાને ત્રણ છત્રનુ રૂપ ધરીને જાણે પ્રભુના ત્રણ છત્ર રૂપે રહેવા લાગ્યો.

ત્રણ છત્ર તે જાણે મન, વચન અને કાયારૂપ ત્રિવિધ ભક્તિના સ્વરૂપના પ્રતિક છે.

(જુઓ ભક્તામર સ્તોત્ર ગાથા-૩૧)

અત્રે અષ્ટ પ્રાતિહાર્યોનું કથન પૂરું થાય છે. ॥૨૬॥

પ્રભુના કાંતિ પ્રતાપ ને યશનું ત્રિગડા ગઢની ઉપમાએ કથન કરે છે :

**સ્વેન પ્રપૂરિત-જગત્ત્રય-પિંડિતેન**
**કાન્તિ-પ્રતાપ-યશસા-મિવ સંચયેન ।**
**માણિક્ય-હેમ-રજત-પ્રવિનિર્મિતેન,**
**સાલત્રયેણ ભગવન્-નભિતો વિભાસિ ॥૨૭॥**

**અન્વય : ભગવન્ ! અભિત: (ચોતરફ) માણિકય હેમ રજત પ્રવિનિર્મિતેન સાલ ત્રયેણ (ત્રણ ગઢ) વિભાસિ (શોભો છો) સ્વેન (પોતાના) પ્રપૂરિત જગત્ત્રય-પિંડિ-તેન (પિંડ વડે) કાંતિ પ્રતાપ યશસાં સંચયેન ઈવ ॥૨૭॥**

**અર્થ :** હે ભગવન્ ! આપની ચોતરફ પ્રકૃષ્ટ પ્રકારે બનાવેલા નીલરત્ન, સોના તથા રૂપાના ત્રણ ગઢ વડે આપ શોભી ઉઠો છો તે જાણે ત્રણે જગતરૂપી પીંડને આપના કાંતિ, પ્રતાપ તથા યશના સમુહ વડે જાણે રૂડી રીતે ભરી દીધું ન હોય ? ॥૨૭॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પરમાર્થ** : આ ત્રિગડા ગઢનો લોકોત્તર અતિશય છે. અત્રે નીલ રત્નના ગઢની પાર્શ્વનાથ પ્રભુના નીલવર્ણની સદ્દશતા છે, સુવર્ણના ગઢની પ્રભુના તેજસ્વી પ્રતાપ સાથે તથા રૂપાના ગઢની પ્રભુના ઉજ્જવળ યશની સાથે સદ્દશતા છે. આ ઉપમાઓ યથાર્થ છે કારણ કે પ્રભુનો વર્ણ નીલો છે, પ્રતાપનો વર્ણ તપ્ત અગ્નિ સમાન દેદીપ્યમાન અને યશનો વર્ણ શ્વેત માનવામાં આવ્યો છે.

સમવસરણમાં આ ત્રણે ગઢની એકત્ર રચના જોઈને આચાર્ય શ્રી કલ્પના કરે છે કે આ ત્રિવિધ સંયોગ જાણે પાર્શ્વ પ્રભુના કાંતિ પ્રતાપ અને યશ ત્રિલોકમાં ફેલાઈ જઈને પણ ત્યાં તેમનો સમાસ ન થવાથી જાણે પીંડ બનીને અત્રે એકત્ર થયા ન હોય ? સંક્ષેપમાં કહેવાનો પરમાર્થ એ છે કે પ્રભુના કાંતિ, પ્રતાપ અને યશ લોકાલોકમાં સર્વત્ર ફેલાઈને રહેવા છતાં ન સમાવાથી જાણે અત્રે ત્રણ ગઢના સમુહરૂપે એકત્રીત થઈને કેમ ન રહ્યા હોય ? એવો અલૌકિક પ્રભાવ–તીર્થંકર ભગવંતોનો હોય છે. ॥ ૨૭ ॥

સમ્યગ્ દૃષ્ટિનું સ્વરૂપ ઇંદ્રની પુષ્પ માળાના દૃષ્ટાંતે કહે છે :

**દિવ્યસ્રજો જિન ! નમત્ત્રિદશાધિપાના–**
**મુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબંધાન્ ।**
**પાદૌ શ્રયંતિ ભવતો યદિવા પરત્ર,**
**ત્વત્સંગમે સુમનસો ન રમંત એવ ॥૨૮॥**

**અન્વય : જિન ! નમત્ ત્રિદશ ( દેવ ) અધિપાનામ્ ( અધિપતિ–ઈન્દ્રોની ) દિવ્યસ્રજ: ( દિવ્ય પુષ્પ માળા ) રત્નરચિતાન્ મૌલિબંધાન્ ( મુકુટોને ) અપિ ઉત્સૃજ્ય ( તજીને ) ભવત: પાદૌ શ્રયંતિ ( આશ્રય લે છે ) યદિવા સુમનસ : ( પંડિત પુષ્પ અથવા દેવો ) ત્વત્ સંગમે પરત્ર ( બીજી જગ્યાએ ) ન રમંત એવ ॥ ॥૨૮॥**

**અર્થ** : હે જિનરાય ! ( આંપને ) નમતા ઈંદ્રોની દિવ્ય પુષ્પ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માળાઓ ( તેમના ) રત્નજડિત મુગટોના બંધનને તજીને આપના ચરણનો આશ્રય લે છે તે યુક્ત જ છે; કારણ કે તમારો સંગ થયા પછી સુમનસોનું મન હવે બીજે સ્થળે ઠરતુ નથી. ॥૨૮॥

**પરમાર્થ** :–અત્રે ' સુમનસ ' નો શ્લેષાલંકાર તરીકે ઉપયોગ કરીને રૂડા મનવાળા એટલે કે સમકિતી જીવોના મન હવે અન્ય દર્શનોથી ખેંચાતા નથી પણ કેવળી પ્રરૂપિત ધર્મમાંજ સ્થિર રહે છે તેમ ઈંદ્રની માળાના દૃષ્ટાંતે યથાર્થ કહ્યું.

ઇંદ્રો જ્યારે પ્રભુને નમે છે ત્યારે તેમની માળામાં રહેલા દિવ્ય પુષ્પો પ્રભુચરણનો સ્પર્શ પ્રથમ કરે છે, પછી તે પુષ્પોને પ્રભુચરણને છોડીને ફરી પાછા ઇંદ્રના મુગટ પાસે જવું જાણે ગમતું નથી, કેમકે સુમનોને એક વાર પ્રભુ દર્શન અર્થાત્ સમ્યગ્ દૃષ્ટી થયા પછી અન્ય કોઈ દેવ કે ધર્મમાં હવે તેમને રુચિ થતી જ નથી.

સમ્યગ્ દર્શનનું સ્વરૂપ બતાવતા શાસ્ત્રકાર કહે છે :–

સમ્મતરયણસારં, મોક્ખમહારુક્ખમૂલમિહિ ભણિયં ।
તં જાણિજ્જઇ, ણિચ્છય–વવહારસરૂવ દોભેયં ॥ ૧ ॥

અર્થ : રત્નત્રયમાં સમ્યગ્ દર્શન જ સાર રૂપ છે. એને જ મોક્ષરૂપી મહાવૃક્ષનું મૂળ કહ્યું છે. એ નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારનું છે.

જીવાદી સદ્દહણં. સમ્મતં જિણવરેહિં પણ્ણતં ।
વવહારા ણિચ્છય દો, અપ્પાણં હવઈ સમ્મતં ॥

અર્થ : વ્યવહાર નયથી જીવાદિ નવતત્ત્વની શ્રદ્ધાને જિન દેવે સમ્યક્ત્વ કહ્યું છે, નિશ્ચયનયથી તો આત્મા જ સમ્યગ્દર્શન છે. ”

તે ભગવાન નેમનાથ પ્રભુના વારામાં થઈ ગયેલ શુક અણગાર, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના વારામાં થઈ ગયેલ શ્રેણિક રાજા જે પહેલા બૌદ્ધ ધર્મી હતા, કુમારપાળ રાજા જે શૈવધર્મી હતા આદિ ભવ્ય જીવોના દૃષ્ટાંતે ॥ ૨૮ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે જિનોક્ત માર્ગનો જે આશ્રય લે છે તેને જિનેશ્વર અવશ્ય તારે છે તેમ કહે છે :

**ત્વં નાથ ! જન્મજલધેર્વિપરાઙ મુખોઽપિ,**
**યત્તારયસ્યસુમતો નિજ–પૃષ્ઠલગ્નાન્ ।**
**યુક્તં હિ પાર્થિવનિપસ્ય સતસ્તવૈવ**
**ચિત્રં વિભો ! યદસિ કર્મ–વિપાક શૂન્ય : ॥૨૯॥**

**અન્વય : નાથ ! ત્વં જન્મજલધે: વિપરાઙમુખઃ (વિમુખ) અપિ નિજપૃષ્ઠલગ્નાન્ અસુમતઃ (જીવો) યત્ તારયસિ પાર્થિવ નિપસ્ય (૧) પૃથ્વીપતિ, (૨) માટીનો (ઘડો) સતઃ (સુજ્ઞ) તવ એવ (તમોનેજ) હિ યુક્તં ! ચિત્રં વિભો ! યત્ કર્મવિપાકશુન્યઃ અસિ ॥૨૯॥**

**અર્થ :** હે નાથ ! તમે જન્મમરણરૂપી સંસાર સાગરથી વિમુખ હોવા છતાં એટલે કે સંસાર સાગરને તરી ગયા હોવા છતાં પણ જે પ્રાણીઓ તારી પુંઠે લાગેલા છે. તેમને તું તારે છે; કારણ કે વિશ્વના સ્વામી અને સત્સ્વરૂપી એવા તમારા માટે તે યોગ્ય જ છે, અગર તો (બીજા અર્થથી) માટીમાંથી નિપજેલો એવો માટીનો ઘડો પણ વિમુખ કહેતા ઉલટો રાખવાથી તેને વળગેલા લોકોને તમારી જેમ જ તારે છે, તે યોગ્ય જ છે, પણ આશ્ચર્ય એ વાતનું છે કે માટીનો ઘડો અગ્નિથી પકવેલો હોય તો જ તારી શકે છે, જ્યારે તમે તો હવે કર્મરૂપી અગ્નિથી સર્વથા મુકાયલા હોવા છતાં તારો છો ! ॥ ૨૯ ॥

**પરમાર્થ :** અત્રે પણ શ્લેષાલંકારનો પ્રયોગ સરસ કર્યો છે.

પાર્થિવ એટલે (૧) પૃથ્વી અને (૨) માટી, નિપ એટલે (૧) નૃપ–રાજા અને (૨) નિપજેલો અર્થાત્ ઘડો, અને કર્મવિપાક=(૧) કાર્યનો વિપાક અર્થાત્ ઘડાને ભઠ્ઠીમાં પકવવો તે અને (૨) કર્મનું ઉદયમાં આવવું. હવે માટીનો ઘડો વિપાક સહિત હોય છે અર્થાત્

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગ્નિમાં પકવેલો હોય છે ત્યારે પાણીમાં ઊંધો રાખીને તેનો આધાર લઈને તરવાથી તારે છે એ પ્રસિદ્ધ વાત છે, પણ તીર્થંકર પ્રભુ તો કર્મ વિપાકથી અર્થાત્ હવે નવા ઘાતી કર્મના ઉદયથી મુકાયલા હોવા છતાં–કાચા ઘડા જેવા હોવા છતાં જે કોઈ તેમનો આશ્રય લે છે તેમને ભવસાગરથી તારે છે એ અત્યંત આશ્ચર્યજનક બીના છે એમ અત્રે આચાર્યશ્રી કહે છે છતાં તે યોગ્ય જ છે કેમકે તીર્થંકર પ્રભુ પાર્થિવ નીપ કહેતા ત્રણે લોકના નાથ છે, સંપૂર્ણ જ્ઞાની છે, તેથી તેમની પાછળ લાગેલા ભવિજનોને સંસારથી વિમુખ બનાવી સરળતાથી મોક્ષે પહોંચાડે છે, પ્રભુની પુંઠે લાગવું એટલે તેમણે પ્રરૂપેલ જ્ઞાન, દર્શન, અને ચરિત્રરૂપી મોક્ષમાર્ગની રૂડા ભાવથી આરાધના કરવી. કહ્યું છે ને : "કેવળજ્ઞાનીની અસર, સહુના દિલ પર થાય,
નાસ્તિક પણ આસ્તિક થતા, અવળા સવળા થાય."

સરળ અને ભદ્રિક જીવોને તો પ્રભુ સદ્બોધથી તારે તેમાં કશી નવાઈ નથી; પણ જે તેમની પાસે વેરભાવથી અગર કસોટી કરવાના ભાવથી આવે છે તેવા કમઠ જેવા જીવને કે જેણે નવ પૂર્વભવ સુધી પ્રભુ પાર્શ્વનાથના જીવને પ્રાણાંતક કષ્ટ આપ્યું છતાં પ્રભુ સમભાવમાં દરેક ભવમાં રહ્યા ને દસમા ભવે મેઘમાળી દેવ બનેલા તે જીવના દૈવી ઉપસર્ગો સહન કરીને પણ પાર્શ્વ પ્રભુએ તેને સન્માર્ગમાં આણ્યો, તેજ રીતે પ્રભુ મહાવીરે ગોશાલકના ઉપદ્રવો સહન કરીને પણ તેને સાચી સમજણના ઘરમાં આણ્યો જેથી પરંપરાએ મોક્ષ પામશે. આવી નિષ્કારણ કરૂણાના ધણી તીર્થંકર ભગવંતો હોય છે તેમ અત્રે કહ્યું.

હવે પ્રભુનો અચિંત્ય મહિમા બતાવે છે :

**વિશ્વેશ્વરોઽપિ જનપાલક! દુર્ગતસ્ત્વં**
**કિંવાક્ષરપ્રકૃતિરપ્યલિપિસ્ત્વમીશ! ।**
**અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ,**
**જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વવિકાસહેતુ; ॥૩૦॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અન્વય : જનપાલક ! ત્વં વિશ્વેશ્વરઃ અપિ દુર્ગતઃ (૧) દરિદ્રી, (૨) દુર્ગમ્ય), ઇશ ! ત્વં અક્ષર પ્રકૃતિઃ અપિ અલિપિઃ કિં ? અજ્ઞાનવતિ અપિ ત્વયિ વિશ્વવિકાસહેતુઃ જ્ઞાનં સદૈવ કથંચિત્ એવ સ્ફુરતિ ? ॥૩૦॥**

**અર્થ** : હે જનપાલક ! તું વિશ્વેશ્વર હોવા છતાં દરિદ્રી છો અથવા તો હે ઈશ ! તું અક્ષર હોવા છતાં લિપિરહિત છો અને વળી અજ્ઞાની હોવા છતાં, વિશ્વવિકાસના હેતુવાળુ સ્યાદ્વાદ રૂપી જ્ઞાન તારામાં હંમેશા સ્ફુરાયમાન થાય છે એ એક આશ્ચર્ય છે. આમ કેમ બની શકે ? ॥૩૦॥

**પરમાર્થ** ; અત્રે શ્લેષાલંકારની સાથે વિરોધાલંકારનો ખૂબી-પૂર્વક ઉપયોગ કરીને આચાર્યશ્રીએ જિનેશ્વર ભગવાનનું અચિંત્ય માહાત્મ્ય અને પોતાની અદ્‌ભૂત કવિત્વ શક્તિ આપણને બતાવ્યા છે.

દુર્ગત : એટલે (૧) દરિદ્રી (૨) દુર્ગમ્ય; અક્ષર એટલે ક,ખ આદિ અક્ષર (૨) જેનો હવે ક્ષય નથી તેવા શાશ્વતા; અલિપિ કહેતા બ્રાહ્મી આદિલિપિ વગરના (૨) કર્મરૂપી લેપ નથી તેવાં; અજ્ઞાનવતિ એટલે (૧) અજ્ઞાની (૨) 'અજ્ઞાન' કહેતા અજ્ઞાની પુરૂષોને 'અવતિ' કહેતા સમ્યક્ પ્રકારે બોધના દેનારા એટલે જિનેશ્વર પરમાત્મા-કથંચિત્ કહેતા (૧) પ્રશ્નાર્થ–કેમ ? અથવા (૨) અનેકાંતવાદ અથવા સ્યાદ્‌વાદ જે જૈનધર્મની વિશિષ્ઠતા છે.

ઉપર પ્રમાણે અકેક શબ્દના બબ્બે વિરોધી અર્થ કુશળતા પૂર્વક ઘટાવીને તેનો જે ઉપયોગ કર્યો છે તેનો પરમાર્થ હવે નીચે પ્રમાણે ઘટાવીને બાહ્ય દૃષ્ટિએ દેખાતો વિરોધ તે વિશ્વેશ્વર હોવા છતાં પણ દરિદ્રી, અક્ષર પ્રકૃતિ હોવા છતાં પણ અલિપિ, અને અજ્ઞાની હોવા છતાં વિશ્વના વિકાસના હેતુરૂપ સંપૂર્ણ જ્ઞાનના ધારક-મટી જશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખરો પરમાર્થ નીચે પ્રમાણે થાય છે: હે જનપાલક! આપ ત્રિલોકીનાથ હોવાથી જગતના અણુએ અણુમાં વ્યાપીને રહેલા હોવા છતાં પણ સંસારની માયાજાળમાં ફસાયેલા લોકોને માટે આપ દુર્લભ છો કેમકે અતિ કઠીનાઈથી આપના સ્વરૂપને જાણી શકાય તેવા આપ દુર્ગમ્ય અને દુર્જ્ઞેય છો; હે ઈશ! તમે અલિપિ કહેતા કર્મલેપથી સર્વથા રહિત બન્યા હોવાથી, અશરીરી થયા હોવાથી અક્ષર પ્રકૃતિ કહેતા મોક્ષ સ્વભાવી છો, શાશ્વતા સ્વરૂપે સાદિ અનંત ભાંગામાં અવિચળ રહેનારા છો; અને અજ્ઞાનરૂપી અંધકારમાં પડેલા જીવોને પણ સમ્યક્ પ્રકારના રૂડા બોધના દેનારા એવા આપમાં સમસ્ત વિશ્વને કલ્યાણકારી એવું સ્યાદ્વાદ રૂપી જ્ઞાન સદાને માટે હવે સ્ફુરી રહ્યું છે એટલે કે પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટાવીને હવે આપ ત્રણે લોકના જીવોને સ્યાદ્વાદ રૂપી કલ્યાણમય ધર્મબોધની પ્રરૂપણા કરનારા છો. ॥૩૦॥

હવે જે જિનની અવજ્ઞા કરે છે, તેને જ તે અવજ્ઞા અનર્થનું કારણ બને છે તેમ ત્રણ ગાથાથી કહે છે:

**પ્રાગ્ભારસંભૃતનભાંસિ રજાંસિ રોષા**
**દુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ ।**
**છાયાપિ તૈસ્તવ ન નાથ! હતા હતાશો,**
**ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા ॥૩૧॥**

**અન્વય: નાથ! કમઠેન શઠેન યાની (જે) પ્રાગ્ભાર (અતિ ઊંચા) સંભૃત (વ્યાપિ જાય) નભાંસિ (આકાશો) રજાંસિ (ધુળ) રોષાત્ ઉત્થાપિતાની (ઉડાડી) તૈ: તવ છાયા અપિ ન હતા (હણાણી), પરં તુ હતાશ: અયમ્ એવ દુરાત્મા અમીભિ: (તે જ ધુળ વડે) ગ્રસ્ત: ॥૩૧॥**

અર્થ: હે નાથ! કમઠ નામે દુષ્ટ દૈત્યે અતિ ઊંચા આકાશોને છાઈ દે એટલી બધી ધુળ ક્રોધથી (આપના ઉપર) ઉડાડી, તેથી



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપની છાયા–પડછાયો પણ ઢંકાયો નહિ (પછી પ્રભુની કાયાને ઢાંકી દેવાની તેની મુરાદ હતી તેની તો વાત જ કયા રહી?) પરંતુ હતાશ બનેલો તે દુરાત્મા પોતે જ, પોતે ઉડાડેલી ધુળ વડે ઉલટાનો છવાઈ ગયો અર્થાત્ અતિશય ચીકણાં કર્મબંધન વડે બંધાયો ॥૩૧॥

**પરમાર્થ** : એક કહેવત છે "ખાડો ખોદે તે જ તેમાં પડે" તેનું સાર્થક ચિત્રણ આ ગાથામાં છે. કમઠદેવે પ્રભુને ઉપસર્ગ દઈને પોતે જ અશુભ કર્મ બાંધ્યા તેમ આથી કહે છે. દેવ હોવા છતાં કાર્યો અધમ હોવાથી તેને અસુર, દૈત્ય, શઠ આદિ કહ્યો છે. પ્રભુને ભયંકર ઉપસર્ગો આવે છે છતાં પ્રભુ તો પોતાના જ આત્મસ્વરૂપમાં, ધ્યાનમાં અડોલ રહે છે, તેથી તે દેવ પોતાનુ જ બુરૂ કરે છે અને દુર્ગતિનું ભવભ્રમણ વધારે છે. આના પછીની બે ગાથામાં પણ ઉપસર્ગનું જ કથન છે.

'રજ' શબ્દનો અત્રે શ્લેષાલંકાર તરીકે ઉપયોગ કર્યો છે. રજ એટલે (૧) ધૂળ અને (૨) કર્મ, ભગવાન પર કમઠે ધૂળ ઉડાડી, તેથી પોતે જ પહેલા તો તે ધૂળથી–છવાયો અને સાથે સાથે ગાઢી કર્મ રજથી અર્થાત્ અશુભ કર્મોથી પણ બંધાયો. ॥૩૧॥

**યદ્ગર્જ – દૂર્જિત – ઘનૌઘમ – દભ્રભીમં,**
**ભ્રશ્યત્તડિન્મુસલ – માંસલ – ઘોર – ધારમ્ !**
**દૈત્યેન મુકતમથ દુસ્તરવારિ દધ્રે,**
**તેનૈવ તસ્ય જિન! દુસ્તરવારિ કૃત્યમ્ ॥૩૨॥**

**અન્વય : જિન! દૈત્યેન ગર્જત્ ઉર્જિત (વિજળી સહિત) ઘન ઔઘં (સમુહ) અદભ્ર (ઘણું) ભીમં (ભયંકર) ભ્રશ્યત્ (પડતી) તડિત્ (વિજળી) મુસલમાંસલ (મુસળધાર) ઘોર ધારં દુસ્તર (તરવું કઠીન) વારિ (પાણી) મુકતં (વર્ષાવ્યું) અથ (તેથી) તેન એવ તસ્ય દુસ્તરવારિ (ભુંડી તરવાર) કૃત્યમ્ દધ્રે (કર્યું) ॥ ૩૨ ॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અર્થ :** હે જિનેશ્વર ! (વળી) તે દૈત્યે અત્યંત ભયંકર ગાજ-વીજવાળો ઘનઘોર વાદળાઓનો સમુહ (વિકુર્વ્યો, અને) વિજળી પડતી હોય તેવો ભયંકર મુસળધાર અને મુશ્કેલીથી તરી શકાય એવો ઘોર વરસાદ આપના ઉપર વરસાવ્યો, (પણ કેવું આશ્ચર્ય ! તેથી આપને તો કશી તકલીફ થઈ નહિ પણ) તે જ વરસાદે તેના જ સામુ ભુંડી તરવારનું કાર્ય કર્યું ॥ ૩૨ ॥

**પરમાર્થ :** આવા દુષ્ટ કાર્યથી પાર્શ્વ પ્રભુને તો કશી હરકત ન થઈ પણ તે કમઠને જ ઘણા દુર્ગતિના ભવો કરવા પડે તેવા ગાઢા અશુભ કર્મો બંધાવનારૂ તે કાર્ય થયું.

દુસ્તરવારિનો શ્લેષાલંકાર તરીકે ઉપયોગ કર્યો છે. પહેલું દુસ્તર + વારી કહેતા ઘોર વરસાદ અર્થ છે. અને બીજા સમાસમાં દુસ્ + તરવારી એટલે કે ભુંડી તરવારનો અર્થ છે.

**ધ્વસ્તોર્ધ્વ–કેશ – વિકૃતા – કૃતિ – મર્ત્યમુંડ**
**પ્રાલંબભૃદ્–ભયદ – વક્ત્ર – વિનિર્યદગ્નિ: ।**
**પ્રેતવ્રજ: પ્રતિભવંતમપીરિતો ય:,**
**સોઽસ્યા ભવત્પ્રતિભવં ભવદુ:ખ હેતુ: ॥ ૩૩ ॥**

**અન્વય : ધ્વસ્ત (નીચે લટકતા) ઉર્ધ્વકેશ વિકૃતાકૃતિ મર્ત્યમુંડ (માનવખોપરી) પ્રાલંબ (છાતીપર્યંત) ભૃત (ધારણ કરેલી) ભયદવક્ત્ર વિનિર્યત (નીકળતો) અગ્નિ: પ્રેતવ્રજ: (ભૂતપ્રેતનો સમૂહ) ભવંતં પ્રતિ ઇરિત: (પ્રેર્યો) સ: અપિ: અસ્ય પ્રતિભવં ભવદુખ હેતુ: અભવત ॥૩૩॥**

**અર્થ :** જેના ઊંચા વાળ નીચે લટકી રહ્યા છે અને તેથી જેની આકૃતિ બિહામણી બની છે તથા જેમણે માનવ ખોપરીઓની માળા છાતી સુધી ધારણ કરી છે તથા ભયાનક મોઢામાંથી અગ્નિ ઓકતા ભૂતોનો સમૂહ આપના પ્રત્યે મોકલ્યો; તે પણ તેને જ ભવોભવના દુ:ખના કારણરૂપ બન્યું. ॥ ૩૩ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**પરમાર્થ :** એક દુહો છે : "બુરૂ ચાહે બીજા તણું, બુરૂ પોતાનું થાય "ખાડો ખોદે તે પડે," કહેવત એ કહેવાય" માટે ૩૧, ૩૨ ને ૩૩. આ ત્રણે ગાથાનો સાર એ છે કે કોઈનું બુરૂ કરવાનું તો દૂર રહ્યું પણ મનથીય કોઈનું બુરૂ ચીંતવવું નહિ.

આ ત્રણ ગાથાનો અત્રે સમાવેશ રાજા વીરવિક્રમ તથા તેના દરબારીઓને પણ કોઈનું બુરૂ ન કરવાનો આડકતરી રીતે બોધ દેવા માટે આચાર્યશ્રીએ કર્યો લાગે છે. ॥ ૩૩ ॥

વળી આવા પ્રાણાંતક કષ્ટો સહન કરવા છતાં પાર્શ્વનાથ પ્રભુના મનમાં પણ કમઠ પ્રત્યેનો સમભાવ ચલિત થયો નથી કે દ્વેષભાવ આવ્યો નથી અને તે ઉપસર્ગો વખતે પોતાની સ્વેચ્છાએ આવીને પ્રભુની પર્યુપાસના કરનાર ધરણેન્દ્ર અને દેવી પદ્માવતી પ્રત્યે પ્રભુને રાગભાવ ઉપજ્યો નથી, પણ પાર્શ્વનાથ પ્રભુ તો પોતાના સમભાવમાં, વીતરાગ દશામાં સ્થિર રહીને કાઉસગ્ગ ધ્યાનમાં અવિચળ રહ્યા છે તે બતાવતી નીચેની ગાથા છે :

"કમઠે ધરણેંન્દ્રે ચ, સ્વોચિતં કર્મં કુર્વંતિ ।
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ શ્રી પાર્શ્વનાથ શ્રિયે સ્તુવઃ ॥

**અર્થ :** "કમઠે અને ધરણેંદ્રે પોતપોતાની લાયકાત પ્રમાણે પ્રભુ પ્રત્યે કાર્ય કર્યું. પણ પાર્શ્વ પ્રભુએ તો બંને પ્રત્યે સમાન જ માધ્યસ્થભાવ રાખ્યો, તેવા પરમ વીતરાગી શ્રી પાર્શ્વનાથ પ્રભુની હું રૂડી સ્તવના કરૂં છું." ॥ ૩૩ ॥

જે કોઈ તીર્થંકરની સાચા દિલથી આરાધના કરે છે તેમના જીવન ધન્ય છે તેમ કહે છે :

**ધન્યાસ્ત એવ ભુવનાધિપ ! યે ત્રિસંધ્ય**
**મારાધયંતિ વિધિવદ્વિધુતાન્યકૃત્યાઃ ।**
**ભક્ત્યોલ્લસત્પુલકપક્ષ્મલદેહદેશાઃ**
**પાદદ્વયં તવ વિભો ભુવિ જન્મભાજઃ ॥૩૪॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અન્વય : ભુવનાધિપ ! વિભો ! ત (તેઓ) એવ ધન્યાઃ યે જન્મભાજઃ (ભવ્યજનો) ભુવિ વિધિવત્ ત્રિસંધ્ય વિધુત (છોડીને) અન્યકૃત્યાઃ ભક્ત્યોલ્લસત્ પુલક (રોમાંચ) પક્ષ્મલ (વ્યાપ્ત છે) દેહદેશાઃ તવ પાદદ્વયં આરાધયંતિ ।। ૩૪ ।।**

**અર્થ** : હે ત્રણે ભુવનના અધિપતિ ! વિભુ ! તે ભવ્યજનો જ ધન્ય છે કે જેમના શરીરના રોમેરોમ આપની ભક્તિના કારણે ઉલ્લાસમય અને પુલકિત બની ગયા છે અને જે અન્ય કાર્યો છોડીને ત્રણે સંધ્યાકાળે વિધિપૂર્વક આ લોકમાં આપના ચરણકમળને આરાધે છે. ।। ૩૪ ।।

**પરમાર્થ** : જે ભવી જીવો જિનેશ્વર દેવની એકાગ્ર ચિત્તે આરાધના કરે છે તેમના જ જીવન ધન્ય છે, સાર્થક છે તેમ કહી તેવા ભક્તોની અત્રે પ્રશંસા કરી છે. વળી પ્રભુની આરાધના કેવી એકાગ્રચિત્તે કરવી જોઈએ તેનું સ્વરૂપ પણ અત્રે પરમાર્થથી બતાવ્યું છે. આચાર્યશ્રી પોતે પણ આવા એકાગ્ર ચિત્ત વડે જ પાર્શ્વપ્રભુની પ્રાર્થના તે મહાકાલ પ્રસાદમાં કરી રહ્યા હતા જેના પ્રભાવથી પાર્શ્વનાથ પરમાત્મા પ્રગટ થયા અને શૈવધર્મી રાજા વિક્રમ પણ જૈનધર્મી બન્યો.

અત્રે સુલસા શ્રાવિકાનું સ્મરણ કરવું. પ્રભુ મહાવીર પ્રત્યેની તેમની શ્રદ્ધા અને ભક્તિ અનુપમ હતા. તેથી જ તામલિ તાપસ જોડે પ્રભુએ પોતે સુલસાજીને ધર્મધ્યાન કરવાનું ફરમાવતો સંદેશો મોકલાવેલો ત્યારે તામલિ તાપસે સીધી રીતે સંદેશો કહી આવવાને બદલે જુદા જુદા વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, અરે ખુદ મહાવીર પ્રભુના રૂપ બનાવીને–તે જુદા જુદા રૂપ ધારણ કરી શકતો; સુલસાજીની પરીક્ષા કરી. નગર આખું જોવાને ઉમટયું. પણ સુલસા સાચી શ્રાવિકા હતી. વીરપ્રભુ અને તેમના માર્ગમાં જ તેની અનન્ય શ્રદ્ધા હતી. તેથી સખીઓના કહેવા છતાં સુલસા તેના દર્શને ન જ ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે શ્રદ્ધાપૂર્વક કહ્યું કે પ્રભુ મહાવીર પધારે તો મારા સાડા ત્રણ કરોડ રોમરાય પ્રફુલ્લિત થઈ ઊઠે અત્યારે તેવું કશું મારા અંતરને સ્પર્શતુ નથી તેથી ખરેખર મારા પ્રભુ પધાર્યા નથી પણ આ કોક બહુરૂપી છે જે જુદા જુદા વેશ ધારણ કરે છે. આ જાણી તામલિ તાપસ નમી પડ્યો ને પ્રભુનો સંદેશો રૂબરૂ આવીને આપ્યો અને સુલસાની શ્રદ્ધાને બીરદાવી. તે સુલસાજીએ આવી અપ્રતિમ શ્રદ્ધાના કારણે તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું અને આગામી ચોવીસીમાં સોળમા તીર્થંકર ચિત્રગુપ્તિ થશે. આવી અનુપમ ભક્તિ અને શ્રદ્ધા આપણા અંતરમાં પણ પ્રગટો એમ અત્રે પરમાર્થથી સુચવ્યું છે. ॥૩૪॥

હવે ચાર ગાથામાં આચાર્યશ્રી પોતાનું આત્મનિવેદન કરે છે :

**અસ્મિન્નપારભવ વારિનિધૌ મુનીશ!**
**મન્યે ન મે શ્રવણ ગોચરતાં ગતોઽસિ ।**
**આકર્ણિતે તુ તવ ગોત્ર પવિત્ર મંત્રે**
**કિં વા વિપદ્વિષધરી સવિધં સમેતિ ॥૩૫॥**

**અન્વય : મુનીશ! મન્યે અસ્મિન (આ) અપાર ભવ વારિનિધૌ મે શ્રવણ ગોચરતાં ન ગતઃ અસિ, વા તવ ગોત્ર પવિત્ર મંત્રે આકર્ણિતે (સાંભળવાથી) તુ વિપદ્ વિષધરી (નાગણી) સવિધં (સમીપે) સમેતિ (આવી શકે) કિં? ॥૩૫॥**

**અર્થ :** હે મુનીશ! હું માનું છું કે આ અપાર ભવસાગરને વિષે આપની વાણી મારા કાને પડી નથી; અથવા જો તમારા નામરૂપ પવિત્ર મંત્ર મેં સાંભળ્યો હોત, તો આ વિપત્તિઓ રૂપી નાગણ (મારી) નજીક આવી શકે ખરી? ॥૩૫॥

**પરમાર્થ :** અહીંથી ૩૮મી ગાથા સુધીમાં આચાર્યશ્રી પોતે પોતાના જ દોષો કબૂલીને અંતર્વેદના પ્રગટ કરીને અને આત્મનિંદા કરીને જાણે શુદ્ધ બને છે. જાણે "નિંદામિ, ગર્હામિ, અપ્પાણં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વોસિરામિ" કરીને વિશુદ્ધ થાય છે.

શ્રીમદ્ રામચંદ્રે પણ કહ્યું છે :

પ્રભુ પ્રભુ લય લાગી નહિ, પડયો ન સદ્ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?

માટે પોતાના જ દોષને જે જુએ તે સતી મૃગાવતીની જેમ અવશ્ય ભવનો પાર પામી જાય, મોક્ષે જરૂર સિધાવે. ॥૩૫॥

**જન્માંતરેઽપિ તવ પાદયુગં ન દેવ!**
**મન્યે મયા મહિતમીહિત દાનદક્ષમ્ ।**
**તેનેહ જન્મનિ મુનીશ! પરાભવાનાં,**
**જાતો નિકેતનમહં મથિતાશયાનામ્ ॥૩૬॥**

**અન્વય : દેવ ! મન્યે મયા જન્માંતરે અપિ ઈહિત (મનોવાંછિત) દાનદક્ષં તવ પાદયુગં ન મહિતં (પુજ્યા) તેન મુનીશ! અહં ઈહ જન્મનિ: મથિત-આશયાનાં (હૃદય વિદારક) પરાભવાનાં નિકેતનં (ઘર) જાત: ॥૩૬॥**

**અર્થ :** હે દેવ ! મને લાગે છે કે મનોવાંછિત વરદાન આપવામાં કુશળ એવા તમારા ચરણયુગલને મેં જન્મજન્માંતરમાં પણ પૂજ્યા નહિ હોય; તેથી જ હે મુનીશ ! આ જન્મને વિષે હૃદય વિદારક એવા પરાભવનું સ્થાન હું બન્યો છું. ॥ ૩૬ ॥

**નૂનં ન મોહતિમિરાવૃતલોચનેન**
**પૂર્વં વિભો! સકૃદપિ પ્રવિલોકિતોઽસિ ।**
**મર્માવિધો વિધુરયંતિ હિ મામનર્થા:**
**પ્રોદ્યતપ્રબંધગતય: કથમન્યથૈતે ॥૩૭॥**

**અન્વય : વિભો ! પૂર્વં સકૃત્ (એકવાર) અપિ મોહતિમિરાવૃતલોચનેન્ નૂનં ન પ્રવિલોકિત: અસિ। હિ (કારણ કે) અન્યથા (નહિતર) એતે (આ) મર્માવિધ: (હૃદયવેધક) પ્રોદ્યત પ્રબંધગતય: અનર્થા: કથં વિધુરયંતિ**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(પીડે) ? ॥૩૭॥

**અર્થ :** હે નાથ ! પૂર્વ જન્મોમાં એકવાર પણ મોહરૂપી અંધકારથી ઢંકાયેલી આંખોને લીધે આપના દર્શન મેં ખરેખર કર્યા નહિ હોય, નહિતર લાંબા કાળની ગતિ આપવાવાળા હૃદયભેદક અનર્થો દુ:ખો મને કેમ પીડે ? ॥ ૩૭॥

હવે આ ગાથામાં આ સ્તોત્રના સાર રૂપ 'ભાવ'નું જૈન ધર્મમાં અત્યંત મહત્ત્વ બતાવે છે :

**આકર્ણિતોઽપિ મહિતોઽપિ નીરીક્ષિતોઽપિ**
**નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા**
**જાતોઽસ્મિ તેન જનબાંધવ ! દુ:ખપાત્રં**
**યસ્માત્ક્રિયા: પ્રતિફલન્તિ ન ભાવશૂન્યા: ॥૩૮॥**

**અન્વય : જનબાંધવ ! મયા આકર્ણિત: અપિ મહિત: અપિ નિરીક્ષિત: અપિ નૂનં ચેતસિ (હૃદયમાં) ન વિધુત: અસિ; તેન દુ:ખપાત્રં જાત: અસ્મિ યસ્માત્ ભાવશૂન્યા: ક્રિયા: ન પ્રતિફલન્તિ ॥૩૮॥**

**અર્થ :** હે જનબંધુ ! મેં ( કોઇ ભવને વિષે ) તમને સાંભળ્યા હશે પૂજ્યા પણ હશે તથા તમારા દર્શન પણ કર્યા હશે પણ ભક્તિએ કરીને તમને હૃદયમાં ખરેખર ધારણ કર્યા નહિ હોય તેથી જ હું દુ:ખનું પાત્ર બન્યો છું. કારણ કે ખરા ભાવ વગરની કરેલ કોઈ પણ ક્રિયા ( કદાપિ ) ફળતી નથી. ॥૩૮॥

**પરમાર્થ :** સારાયે કલ્યાણ મંદિર સ્તોત્રના સાર રૂપ બલ્કે જૈનધર્મના સારરૂપ આ ગાથાનું ચોથું ચરણ છે કે ખરા અંતરના ભાવ વગરની કરેલ કોઈ પણ વ્રત, તપ, જપ, અનુષ્ઠાન આદિ ધાર્મિક ક્રિયાઓ કદી ફળતી નથી અર્થાત્ આત્માનું પરમ શ્રેય, પરમ કલ્યાણ કોઈ કાળે પણ કરતી નથી. દ્રવ્યભાવથી કરેલ ક્રિયાથી કદાચ પુણ્ય પ્રકૃતિ બંધાય પણ ભવિ જીવાત્માનું ચરમ લક્ષ તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના જ આત્મસ્વરૂપને પ્રથમ ઓળખવું ને અંતે પરમાત્મ પદ પ્રાપ્ત કરવું. તે લક્ષ્ય તો કંઈ પણ અપેક્ષા વગરની નિરાશી ભાવે કરેલ ધાર્મિક ક્રિયા કે ધ્યાનાદિ તપ વગર સધાતું નથી તેમ અત્રે આચાર્યશ્રી પરમ કલ્યાણના હેતુથી મહારાજા વીર વિક્રમને અને ઉપલક્ષણે આપણને સહુને કહે છે.

જૈનધર્મમાં શ્રાવક ધર્મના ચાર પાયા (૧) દાન, (૨) શીલ, (૩) તપ ને (૪) ભાવ કહીને અત્યંત ભાર "ભાવ" ઉપર જ મૂકયો છે, તે એ રીતે કે દાન પણ જો ભાવપૂર્વક આપ્યું હશે તે શાલીભદ્રજીના રબારીના દીકરાના ભવના દૃષ્ટાંતે, શીલ, પણ ભાવપૂર્વક પાળ્યું હશે તે સુદર્શન શેઠના દૃષ્ટાંતે, તપ પણ ભાવપૂર્વક તપ્યા હશે તે પ્રાતઃસ્મરણીય ગજસુકુમાર મુનીના દૃષ્ટાંતે તથા ભાવના પણ ભાવપૂર્વક ભાવી હશે તે નમિ રાજર્ષિના દૃષ્ટાંતે, ત્યારે જ તે બધા ભવ્ય આત્માઓ પોતાના આત્માનું પરમ કલ્યાણ કરી ગયા. માટે જ જૈન ધર્મમાં કહ્યું છે કે સાધનાનો પ્રાણ જ રૂડા ભાવ છે, ને રૂડાભાવ સમ્યગ દૃષ્ટિ જીવને જ આવે. ભાવના વગરની ક્રિયા મિથ્યા આડંબર છે. જેનાથી દંભ અને અહમ્ પોષાય છે ને અનર્થકારી થઈ પડે છે.

તેના પર એક શ્લોક છે :

"દાનેન પ્રાપ્યતે લક્ષ્મી, શીલેન સુખ સંપદા ।
તપસા ક્ષીયતે કર્મ, ભાવના ભવ નાશિની ॥૧॥

અર્થ : દાન દેવાથી ફળરૂપે ધન પ્રાપ્ત થાય છે, શીયળ-પાલનથી સુખ સંપત્તિ ગળે છે, તપથી કર્મ નાશ પામે છે. અને ભાવનાથી તો ભવનો નાશ થાય છે અર્થાત્ મોક્ષ મળે છે. ॥૩૮॥

તેવી રૂડી ભાવના પર એક સુંદર ભાવવાહી ગીત છે, જેના રૂડા ભાવ આપણે પણ યથાર્થ સમજીને, આપણા અંતરમાં પ્રથમ ધારીએ અને વર્તનમાં ઉતારીને આ ભવના સુખશાંતિ અને પરલોકની સદ્ગતિ પામીએ. આ ગીતના રાગ અને લય પણ અત્યંત મધુર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ગેય છે :

"ભાવનાથી બંધન બંધે, ભાવનાથી છૂટે,
ભાવના વગરની ક્રિયા જિંદગીને લૂંટે....ભાવના. ટેક
નાગશ્રીએ ખોટા ભાવે, શાક વહોરાવ્યું,
નરકગતિમાં જઈને, જીવ રખડાવ્યો
દ્રૌપદિના ભવમાં એના, કર્મબંધ તુટે....ભાવના૦ ૧
મરૂદેવી હાથી હોદ્દે, કેવળ પામ્યા
ભાવનાથી બંધન તોડયા, તોડયા કર્મ જાળીઆ.
ભૌતિક સુખને છોડી, આત્મસુખ લુટે....ભાવના૦ ૨
ગોવાળાએ ઊંચા ભાવે, ખીર વહોરાવી
શાળીભદ્રરૂપે ઉપન્યા, રીદ્ધિ ખૂબ પામી;
આત્મપ્રીત કરનારાને, શુદ્ધ ભાવ ઊઠે....ભાવના૦ ૩

હવે પછીની ચાર ગાથામાં આચાર્યશ્રી પાર્શ્વનાથ પ્રભુને ઉત્કૃષ્ટ વિજ્ઞપ્તિ કરે છે :

**ત્વં નાથ! દુઃખીજનવત્સલ! હે શરણ્ય!**
**કારુણ્યપુણ્યવસતે ! વશિનાં વરેણ્ય!**
**ભક્ત્યા નતે મયિ મહેશ! દયાં વિધાય,**
**દુઃખાંકુરોદ્દલનતત્પરતાં વિધેહિ ॥૩૯॥**

**અન્વય : નાથ! દુઃખિજનવત્સલ! હે શરણ્ય! કારુણ્યપુણ્ય વસતે (સ્થાનિક) વશિનાં (યોગીઓમાં) વરેણ્ય (શ્રેષ્ઠ)! મહેશ! ભક્ત્યા નતે દયાં વિધાય (કરીને) દુઃખાંકુર ઉદ્દલન (ખંડન) તત્પરતાં વિધેહિ ॥૩૯॥**

**અર્થ :** હે નાથ! દુઃખિયા પ્રતિ વાત્સલ્ય વરસાવનાર! શરણુ લેવા યોગ્ય દયાધર્મના સ્થાનરૂપ! જિતેન્દ્રિય યોગીઓમાં પણ શ્રેષ્ઠ એવા હે મહેશ! ભક્તિ વડે (તમને) નમન કરતા એવા મારા ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દયા લાવીને મારા દુઃખના મૂળીઆને કાપવા તત્પર થાઓ ॥૩૯॥

**પરમાર્થ :** આ અને પછીની બે ગાથામાં જિનેશ્વર ભગવંતો માટે અત્યંત રૂડા અને મનનીય વિશેષણો સાર્થક રીતે વાપરવામાં આવ્યા છે. તેનાથી તીર્થંકર ભગવંતના યથાર્થ સ્વરૂપના સ્પષ્ટ વિચારણા, સ્વરૂપની ઝાંખી આપણા અંતરમાં થાય છે. જે સ્વરૂપ આપણું પોતાનું છે ને જે આપણે આપણા જ પુરૂષાર્થથી પરમાત્માનું આલંબન લઈને પ્રગટાવવાનું છે તેની આપણને યથાતથ્ય ઓળખ આ વિશેષણોને ચિંતવવાથી થાય છે.

સર્વ તીર્થંકરો છ કાયના જીવોના રક્ષણહાર તથા તેમના પ્રત્યે માથી પણ અધિક વાત્સલ્ય ધરાવનારા હોય છે તેથી "દુઃખીજન વત્સલ" કહ્યા, દયાધર્મના સ્થાપક હોવાથી "કરુણાના સ્થાનક" કહ્યા, સમર્થ યોગીઓને પણ પૂજ્ય હોવાથી "વશિનાં વરેણ્ય" કહ્યા, પછીની ગાથામાં અનંતુ વીર્ય ધારણ કરનારા હોવાથી 'નિસંખ્ય સાર શરણં કહ્યા, ભવકટી જેને કરવી છે તેને શરણ લેવા યોગ્ય એક માત્ર તીર્થંકર ભગવાન અને તેમનો વીતરાગ માર્ગ જ છે તેથી "શરણં શરણ્ય" કહ્યા, સર્વ કર્મ શત્રુઓનો નાશ કરેલ હોવાથી, 'સાદિત રિપુ' કહ્યા, પાંચે કલ્યાણક વખતે સર્વ ઇંદ્રો પણ વંદન કરે છે તેથી "દેવેન્દ્ર વંદ્ય" કહ્યા, કેવળજ્ઞાન પ્રગટ્યુ હોવાથી હવે સર્વ પદાર્થોને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી સંપૂર્ણપણે જાણે છે તેથી 'વિદિતાખિલ વસ્તુસાર' કહ્યા, પોતે સંસારને તરી ગયા છે તથા અન્ય જીવોને સંસાર તરવાનો માર્ગ બતાવનારા છે તેથી 'સંસાર તારક' કહ્યા, ત્રણે લોકના નાથ હોવાથી 'ભુવનાધિનાથ' કહ્યા, અને નિષ્કારણ કરૂણાના ધણી હોવાથી "કરુણાહ્રદ" કહ્યા. ॥૩૯॥

**નિસંખ્યસાર શરણં શરણં શરણ્ય**
**માસાદ્ય સાદિતરિપુ પ્રથિતાવદાતમ્ ।**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્વત્પાદપંકજમપિ પ્રણિધાનવંધ્યો,
વધ્યોઽસ્મિ ચેદ્‌ભુવનપાવન ! હા હતોઽસ્મિ ॥૪૦॥

અન્વય:-ભુવનપાવન ! નિસંખ્ય સાર શરણં શરણં શરણ્યં સાદિત (ક્ષય પમાડયા છે) રિપુ પ્રથિત (પ્રસિદ્ધ) અવદાતમ્ (પ્રભાવ) ત્વત્પાદપંકજં અપિ પ્રણિધાન (ધ્યાન) વંધ્ય અસ્મિ, હા વધ્ય: હતઃ અસ્મિ ॥૪૦॥

**અર્થ** : હે ત્રણે લોકને પાવન કરનારા! અસાધારણ બળના આશ્રયદાતા અર્થાત ધારક ! શરણાગતને શરણ દેનારા ! કર્મશત્રુઓનો નાશ કરવામાં પ્રસિદ્ધ પ્રભાવવાળા ! એવા આપના ચરણ કમળનું શરણ પામ્યા પછી પણ જો હું ધ્યાનથી વંચિત રહું તો હું રાગદ્વેષરૂપી શત્રુએ કરીહણાવા યોગ્ય છું, દુર્દૈવે મારેલો છું. ॥ ૪૦ ॥

૧. પાઠાંતરે વન્ધ્યોઽસ્મિ પણ મળે છે. તેનો અર્થ થાય છે કે હું અભાગી ફળહીન રહ્યો.

દેવેન્દ્રવંદ્ય ! વિદિતાખિલ વસ્તુસાર !
સંસારતારક ! વિભો ! ભુવનાધિનાથ !
ત્રાયસ્વ દેવ ! કરુણા હ્રદ ! માં પુનીહિ,
સીદન્તમદ્ય ભયદવ્યસનામ્બુરાશેઃ ॥ ૪૧ ॥

**અન્વય** : દેવેન્દ્રવંદ્ય ! વિદિત (જાણનારા) અખિલ વસ્તુ સાર ! સંસારતારક ! વિભો ! ભુવનાધિનાથ ! કરુણાહ્રદ (દયામય) અદ્ય (હમણાં) સીદંતમ્ (ખેદ પામેલા) માં (મને) ભયદ (ભયદેનારા) વ્યસન (દુઃખ) અંબુરાશેઃ ત્રાયસ્વ (તારો) પુનીહિ (પવિત્ર કરો) ॥ ૪૧ ॥

**અર્થ** : ઇંદ્રોને પણ વંદનીય એવા હે દેવાધિદેવ ! સમગ્ર વસ્તુના સ્વરૂપને હે જાણનારા ! ભવસાગરમાંથી હે તારનારા ! હે વિભુ ! હે ત્રિલોકીનાથ ! હે દયામય ! હાલ ખેદ પામેલ મને ભયકારી દુઃખોવાળા આ સંસાર સાગરથી તારો અને પવિત્ર કરો એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કે અપનાવો ॥૪૧॥

હવે આચાર્યશ્રીની-હરકોઈ ભકતની ભગવાન પ્રત્યેની ઉત્કૃષ્ટ યાચનાનું સ્વરૂપ બતાવે છે :

યદ્યસ્તિ નાથ ! ભવદંઘ્રિસરોરુહાણાં
ભક્તેઃ ફલં કિમપિ સંતતિસંચિતાયાઃ ।
તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય ! ભૂયાઃ,
સ્વામી ત્વમેવ ભુવનેऽત્ર ભવાંતરેऽપિ ॥૪૨॥

**અન્વય : નાથ ! યદિ ભવત્ અંઘ્રિ (ચરણ) સરોરુહાણાં (કમળ) સંતતિ સંચિતાયાઃ (વૃદ્ધિ પામેલી) ભકતેઃ કિં અપિ ફલં અસ્તિ તત્ શરણ્ય ! ત્વત્ એક શરણસ્ય મે અત્ર ભુવને ભવાંતરે અપિ ત્વમ્ એવ સ્વામી ભૂયાઃ (થાઓ) ॥૪૨॥**

**અર્થ :** હે નાથ ! જો આપના ચરણકમળની નિરંતર કરેલી વૃદ્ધિગત ભક્તિનું જો કાંઈ પણ ફળ હોય તો હે શરણદાતા ! જેને આપ એકનું જ શરણ રહેલું છે એવા મને આ લોકને વિષે અર્થાત્ આ ભવમાં કે ભવાંતરોમાં પણ આપ જ મારા સ્વામી હોજો ॥૪૨॥

**પરમાર્થ** : અત્રે આચાર્યશ્રીનો પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યે-ઉપલક્ષણે દરેક તીર્થંકર ભગવંત પ્રત્યે ઉત્કટ ભક્તિભાવ જોવા મળે છે. આચાર્યશ્રી કહે છે કે હે વીતરાગ પ્રભુ ! મારૂ ભવભ્રમણ ન અટકે અર્થાત્ મોક્ષ ન પામુ ત્યાં સુધી તમે એક જ હવે મારા સ્વામી હોજો આમ કહીને પરમાર્થથી આચાર્યશ્રીએ ક્ષાયિક સમક્તિની અભિલાષા કરી છે. ક્ષાયિક સમકિત આવ્યું પાછું જતું નથી અને જીવાત્મા મોક્ષ ન પામે ત્યાં સુધી ભવોભવ સાથે જ રહે છે. આચાર્યશ્રીએ કોઈ ભૌતિક સુખની કે ચક્રવર્તીના રાજપાટની કે દેવોના કામભોગોની અત્રે માગણી નથી કરી, અરે ઇચ્છા પણ નથી કરી. તેમને માટે તો પ્રભુભકિત, પ્રભુને પોતાનું સમર્પણ, અને પ્રભુના વીતરાગ માર્ગમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અચળ શ્રદ્ધા એજ સર્વોત્તમ અભિલાષા છે. તે શ્રદ્ધાને કારણે જ અતિ દુષ્કર ગણાય તેવા બાર વર્ષ લાંબા પારાંચક પ્રાયશ્ચિતની સાધના તેમણે પૂરી કરીને મહારાજા વીરવિક્રમને પણ જૈનધર્મી બનાવ્યો છે. પછી તેમના ગુરુ આચાર્યશ્રી વૃદ્ધવાદીસૂરીએ પણ તેમને સંઘાડામાં પાછા લીધા છે, આચાર્યપદે સ્થાપ્યા છે અને પ્રચંડ તપસ્યા ને પ્રખર શાસ્ત્ર–પારંગતાને લીધે લોકોએ કુમુદચંદ્ર સ્વામીને "સિદ્ધસેન દિવાકર"નું બિરુદ આપેલું છે, આ છે તેમની પાર્શ્વ પ્રભુ પ્રત્યેની–નિષ્કામ ભક્તિ. આથી જાણે આપણને સહુને પણ રૂડુ માર્ગદર્શન આપે છે કે જો તમારે સર્વથા કર્મમુક્ત થવું હોય, તો સરળમાં સરળ ઉપાય તીર્થંકર ભગવંતોની નિષ્કામ ભક્તિ કરવાનો છે. વીતરાગ પ્રભુના વચનમાં દઢ શ્રદ્ધા રાખી તમારો પુરૂષાર્થ ઉપાડશો તો તમે પણ એક દિવસ અવશ્ય પરમાત્મા સ્વરૂપ બની જશો.

ચરણકમળ દ્વિવચનમાં હોવા છતાં "સરોરુહાણાં" બહુવચનમાં વાપરીને પ્રભુ પ્રત્યેનો અત્યંત ભક્તિભાવ બતાવ્યો છે. ॥૪૨॥

ઇત્થં સમાહિતધિયો વિધિવજ્જિનેંદ્ર
સાંદ્રોલ્લસત્પુલકકંચુકિતાંગભાગાઃ ।
ત્વદ્બિંબનિર્મલમુખામ્બુજબદ્ધલક્ષ્યા,
યે સંસ્તવં તવ વિભો ! રચયંતિ ભવ્યાઃ ॥૪૩॥

જનનયનકુમુદચંદ્ર–પ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભુક્ત્વા ।
તે વિગલિતમલનિચયા અચિરાન્મોક્ષં પ્રપદ્યંતે ॥૪૪॥

અન્વય: જિનેન્દ્ર ! વિભો ! જનનયન કુમુદચંદ્ર ! યે ઇત્થં: (આ પ્રકારે) સમાહિત ધિય: (સમાધિવાળી એકાગ્ર બુદ્ધિવાળા) સાંદ્રોલ્લસત્ (અતિ ઉલ્લાસથી) પુલક કંચુકિત (રોમાંચિત થયેલ) અંગભાગા: ત્વદ્બિંબ નિર્મલ મુખામ્બુજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**અદ્ધલક્ષ્યા: ભવ્યા: તવ સંસ્તવં વિધિવત્ રચયંતિ તે વિગલિત (વિશેષે કરીને ગળી ગયા છે) મલનિચયા: પ્રભાસ્વરા: (અતિ દેદીપ્યમાન) સ્વર્ગસંપદઃ ભુક્ત્વા અચિરાત્ (શીઘ્ર) મોક્ષં પ્રપદ્યંતે ॥૪૩-૪૪॥**

**અર્થ:** હે જિનેન્દ્ર! વિભુ! જનનયનોને ચંદ્રસમાન ઠારનારા હે પ્રભુ! પૂર્વોક્ત પ્રમાણે સમાધિવાળી એકાગ્ર બુદ્ધિવાળા, અતિ ઉલ્લાસથી જેના અંગોપાંગ રોમાંચિત થયા છે, અને જેનું ચિત્ત આપના નિર્મળ મુખકમળ પ્રત્યે એકાગ્ર થયું છે તેવા ભવી જીવો તમારું રૂડુ સ્તવન વિધિ અનુસાર રચે છે અર્થાત્ આપનું રૂડુ સ્તવન કરે છે, તેમના કર્મરૂપી મળ સર્વથા દૂર થાય છે. અને અતિ દેદીપ્યમાન એવી સ્વર્ગ સંપત્તિને ભોગવીને શીઘ્ર મોક્ષને પામે છે. ॥૪૩-૪૪॥

**પરમાર્થ:** અત્રે 'જનનયન કુમુદચંદ્ર'નો સુંદર શ્લેષ અલંકાર તરીકે ઉપયોગ કરીને ભગવાનને માટે એક પ્રકારે રૂડુ સંબોધન કર્યું છે તો બીજા પ્રકારે આ સ્તોત્રના રચયિતા તરીકે પોતાનું 'કુમુદચંદ્ર' સ્વામી એવું નામ પણ પ્રગટ કર્યું છે.

ભગવાનને 'કુમુદચંદ્ર' સંબોધન એ રીતે સાર્થક છે કે કુમુદ એ રાત્રિએ ચાંદનીમાં ખીલતા કમળ પુષ્પનું નામ છે. ચંદ્ર તો આકાશમાં ઊંચે-ખૂબ ઊંચે ઉગે છે છતાં તેના પ્રભાવમાત્રથી સરોવરમાં રહેલા કમળ ખીલી ઉઠે છે ને લોકોની આંખોને ઠારે છે. તેજ પ્રમાણે લોકના...અગ્રભાગે બીરાજતા સિદ્ધ પરમાત્મા પણ તેમની વિશુદ્ધ સ્વરૂપ દશાના પ્રભાવ થકી ભક્તજનોના હૈયાને ઠારે છે. તેમના હૈયાની કોટી કોટી પાંખડીઓ ખીલી ઉઠે છે અને કર્મ ખપાવી તે ભક્તો પણ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

વળી કુમુદચંદ્ર એટલે કૌમુદિનો અર્થાત્ પૂનમનો ચંદ્ર જે સોળે કળાએ ખીલીને લોકોને પોતાની ચાંદનીથી શાંતિ પમાડે છે તેજ રીતે તીર્થંકર પરમાત્મા પણ હવે ઘાતીકર્મથી સર્વથા મુક્ત થયા હોવાથી અત્યંત શીતળીભૂત થયા છે તેથી જગતના જીવોના ત્રિવિધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તાપને દૂર કરે છે આ રીતે જનનયન કુમુદચંદ્રની ઉપમા પ્રભુને અત્યંત સાર્થક આપી છે. ॥૪૩–૪૪॥

સ્તોત્રનો સાર : હવે સમગ્ર સ્તોત્રનો સાર અત્યંત રૂડો છે. જે કોઈ ભવીજન જિનેશ્વર ભગવંતની સ્તુતિ હૃદયના શુદ્ધ ભાવથી નિરપેક્ષભાવે કરે છે, ત્યારે તેના ભવોભવના એકઠા થયેલા સર્વ કર્મો અવશ્ય નાશ પામે છે અને જીવાત્મા પોતે પરમાત્મા બનીને મોક્ષ ગામી બને છે.

આખાયે સ્તોત્રમાં સાધકના શુદ્ધ ભાવ પર અને–એકાગ્ર ચિત્તે પ્રભુનુ ધ્યાન ધરવા પર ખૂબજ ભાર યથાર્થ રીતે મુકયો છે. તેથી હે વાંચક બંધુ ! જ્યારે પણ તમે પ્રભુપ્રાર્થના કરવા તત્પર થાઓ, ત્યારે તમારા ચિત્તને સંપૂર્ણપણે આત્મસ્વરૂપમાં એકાગ્ર કરીને કોઈ પણ જાતના ભૌતિક પદાર્થની કામના રાખ્યા વગર માત્ર શુદ્ધ ભાવથી હૃદયમાં ભાવના–ભાવતા થકા પ્રભુની પ્રાર્થના કરશો તો અવશ્ય સુગતિને પામશો.

ઇતિ શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર સમાપ્તમ્

ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

卐 卐 卐

આજથી............શુભ સંકલ્પો

મારા પ્રત્યેક દિવસની શરૂઆત પ્રાર્થનાથી કરીશ. સર્વ સાથે સ્નેહ અને સદ્ભાવથી વર્તીશ. પ્રભુએ આપેલા ચોવીશ કલાકની રૂડી ભેટ રૂડા કાર્યોમાં જ ગાળીશ.

શ્રદ્ધા અને આનંદના વિચારો વડે મનને દૃઢ અને સુંદર બનાવીશ.

મનમાં સમભાવ કેળવી વેરઝેર કે ડંખના વિચારો દૂર કરીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust